પાના ૮, કિંમત રૂ.૨, તા. ૧૫-૧૦-૨૦૨૬-ગુરૂવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ



RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૧ ● અંક : ૨૬૦ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

# દિલ્હીમાં નેટ-મેટ્રો બંધ કરવા બદલ કેન્દ્રએ માફી માંગી

## સુપ્રિમ કોર્ટમાં ગૃહ સચિવ ગોવિંદ મોહનનું સોગંદનામું : કાયદો-વ્યવસ્થા જાળવવા સરકારે પગલા ભર્યા હતા

નવી દિલ્હી, તા. ૧૫

કેન્દ્રએ ૧૦ ઓક્ટોબરે દિલ્હીમાં ઈન્ટરનેટ બંધ કરવાના મામલે સુપ્રીમ કોર્ટ સમક્ષ બિનશરતી માફી માંગી છે. ગૃહ સચિવ ગોવિંદ મોહને કોર્ટમાં રજુ કરેલા સોગંદનામામાં જણાવ્યું કે કાયદો અને વ્યવસ્થા જાળવવા તથા અફવાઓને રોકવા માટે આ પગલું લેવું પડ્યું હતું.

મેટ્રો સેવા મુદ્દે DMRCએ જણાવ્યું કે મેટ્રો સંપૂર્ણપણે બંધ કરવામાં આવી નહોતી. માત્ર ૪૫ સ્ટેશનો પર જ અવરજવર રોકવામાં આવી હતી.

ખરેખરમાં, ૧૦ ઓક્ટોબરે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર વિરુદ્ધ કોકરોચ જનતા પાર્ટીએ વિરોધ પ્રદર્શનનું આહ્વાન કર્યું હતું. પોલીસની મંજૂરી ન હોવાને કારણે દિલ્હીમાં કડક બેરિકેડિંગ કરવામાં આવ્યું હતું, મેટ્રો સ્ટેશનો બંધ કરવામાં આવ્યા હતા, ઈન્ટરનેટ સેવાઓ રોકવામાં આવી હતી અને અનેક પ્રદર્શનકારીઓની અટકાયત કરવામાં આવી હતી.

સુપ્રીમ કોર્ટે ૧૧ ઓક્ટોબરે આ પ્રતિબંધો અંગે નારાજગી વ્યક્ત કરતાં સરકાર અને વહીવટીતંત્ર પાસેથી જવાબ માંગ્યો હતો. કોર્ટ હવે આ મામલાને લગતી અરજીઓ પર સુનાવણી કરી રહી છે.

દિલ્હી પોલીસ કમિશનર અનુરાગ કુમારે કહ્યું કે રોકવું અને પ્રદર્શનકારીઓની અટકાયત કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે જરૂરી હતું. તેમણે CJP પર હિંસા, સંપત્તિને નુકસાન



પહોંચાડવા અને લોકોને ઘાયલ કરવાનો આરોપ લગાવ્યો.

સોગંદનામામાં દિલ્હી પોલીસે CJPની ૨૦ જુલાઈની NEET-UG પેપર લીક વિરોધી રેલીને પણ ગેરકાયદેસર અને કાયદાની વિરુદ્ધ ગણાવી છે. પોલીસે કહ્યું કે તે રેલીમાં સામેલ લોકો ગેરકાયદેસર ટોળાનો ભાગ હતા.

અરજદારોનો આરોપ હતો કે ૯ ઑક્ટોબરે સુપ્રીમ કોર્ટે કેન્દ્રને નિર્દેશ આપ્યો હતો કે પ્રદર્શનને કારણે દિલ્હી મેટ્રો અને અહીં આવતી ટ્રેનોની અવરજવર પર સંપૂર્ણપણે રોક ન લગાવવામાં આવે. તેમ છતાં શનિવારે કોર્ટના આદેશનું ઉલ્લંઘન થયું.

ત્યારબાદ કોર્ટે રવિવારે સુનાવણી દરમિયાન દિલ્હીના અધિકારીઓને નોટિસ જારી કરીને મંગળવાર સુધીમાં જવાબ માંગ્યો હતો. કોર્ટે કહ્યું હતું કે મેટ્રો સેવાઓ સામાન્ય રીતે ચાલુ રહેવી જોઈએ. ઈન્ટરનેટમાં વિક્ષેપ ન થવો જોઈએ અને લોકોની અવરજવર રોકવી ન જોઈએ.

સીજેપીના પ્રદર્શનને લઈને ૨ અરજીઓ કરવામાં આવી હતી. જસ્ટિસ જોયમાલ્યા બાગચી અને જસ્ટિસ વી. મોહનની બેન્ચે આ અંગે સુનાવણી કરી. સોલિસિટર જનરલ તુષાર મહેતાએ સરકાર અને દિલ્હી પોલીસનો પક્ષ રજૂ કર્યો.

બીજી તરફ, એડવોકેટ કપિલ સિબ્બલ, ગોપાલ શંકરનારાયણન, મેનકા ગુરુસ્વામી, સંજય હેગડે, શોએબ આલમ અને શાદાન ફરાસતે અરજદારોનો પક્ષ રજૂ કર્યો.

# અમેરિકાના મંદિરમાં હિન્દુઓની હત્યાનું ષડયંત્ર નિષ્ફળ

## કટ્ટરપંથી યુવકની રાઈફલ જામ થઈ જતા મંદિરમાં અનેક હિન્દુઓનો જીવ બચ્યો

**નવી દિલ્હી, તા. ૧૫**

અમેરિકામાં હિન્દુ મંદિરો પર હુમલાની ઘટનાઓની થઈ રહેલા વધારા વચ્ચે હવે અહીના ઈલીનોય રાજયમાં હિન્દુ મંદિર પર હુમલાનું મોટું ષડયંત્ર રચી રહેલા એક શ્વેત-કટ્ટરવાદી જે ખાસ કરીને દક્ષિણ એશિયાઈ અને ભારતીયોને ધિક્કારે તેવી વિચારધારાનો શિકાર બન્યા છે. તેના આવાસ પર દરોડામાં અમેરિકી ફેડરલ પોલીસે એક શક્તિશાળી રાઈફલ એક કારતૂસની મેગેઝીન તથા સેકડો વધારાના કારતૂસ અને હુમલા તથા સુરક્ષા માટેના અનેક સામાન હાથ ધર્યા છે.

નવરાત્રી સમયે જ વાસ્તવમાં તે તા.૧૧ના રોજ તેના માતાના ઘર પાસે અરોરા મંદિર પર હુમલો કાર લઈને કરવા પણ ગયો હતો પણ અંતિમ ઘડીએ તેની રાઈફલ જામ થઈ જતા પરત આવ્યો હતો. આ પ્રકારે હુમલાની

તૈયારીમાં લાગી જવાનો હતો પણ તે પુર્વે તેને એક સંદેશના આધારે તેના ઘરની બહાર જ ઝડપી લેવાયો હતો.

૧૯ વર્ષના આ યુવકની ઓળખ એલેકસાદ્રોસ પોપોરાકિસ તરીકે થઈ છે જે આ રાજયના પેલેટાઈનનો રહેવાસી છે. તેના આ સામાનમાં કટ્ટરવાદી દસ્તાવેજો પણ મળ્યા છે તથા તે વ્હાઈટ-શ્વેત-કટ્ટરવાદથી પિડાતો હોવાનું બહાર આવ્યું છે. વાસ્તવમાં તેણે ૧૧ ઓકટોના ઓરારા સ્થિત હિન્દુ મંદિરને ટાર્ગેટ કરવાની તૈયારી હતી પણ પ્રથમ વખત નિષ્ફળ ગયા બાદ પરત આવતો હતો.

તે સમયે તેને ઝડપી લેવાયો હતો. બાદમાં તેના ઘરની તલાશીનું વોરન્ટ મેળવવામાં આવ્યું હતું. જેમાં આ હથિયાર તથા દસ્તાવેજો મળ્યા હતા. પાપારોકિસ પર આતંકવાદી ધમકી આપવા તથા મંજુરીથી વધુ રાખવાના આરોપ મુકયા છે તથા હવે તે કોઈ કટ્ટરવાદી સંસ્થા સાથે સંકળાયેલો છે કે કેમ તે તપાસ થઈ રહી છે.

તેની પાસેથી જે દસ્તાવેજો મળ્યા તેમાં વાય-આઈ ફોર એ.કે.એ. (અરોરા શુટર્સ એન્ટીફેરટો)માં એશિયાઈ મુળ નાવ કરીને ભારતીય મૂળના લોકો વિરોધી હિંસાનો ઉલ્લેખ છે.

આ ૧૯ વર્ષનો છોકરો તા.૧ ઓકટોબરથી હુમલાની તૈયારી કરી રહ્યો હતો તેને હવે તા.૩૦ ઓકટોબરથી પોલીસ કસ્ટડીમાં મોકલી અપાયા છે. દિવસમાં અમેરિકામાં ઓહાયો સ્થિત રીચમંડ હાઈટસના સ્વામીનારાયણ મંદિર પર હુમલો થયો અને તેના બારીના કાચ તોડવામાં આવ્યા હતા. જેમાં હજુ કોઈની ધરપકડ થઈ નથી ત્યાં જ આ નવું ષડયંત્ર જારી થયું છે.

### સહકર્મીને હથિયારોની તસ્વીર મોકલી અને પ્લાન અંગે પોલીસને જાણ થઈ

**રાઈફલ જામ થતા સ્થળ પર જ સર્ચ કરી કેમ યોગ્ય કરવી તે પણ જાણ્યું હતું**

**ન્યુયોર્ક:** એનબીસી- શિકાગોના રિપોર્ટ મુજબ ૧૯ વર્ષનો પોપોરોકિસે તેના એક મિત્રને એક દસ્તાવેજ શેર કર્યો તેના પરથી પોલીસ એલર્ટ થઈ ગઈ હતી તે એક સ્થાનિક કંપનીમાં કામ કરતો હતો. તેના એક સહકર્મીને જે દસ્તાવેજ શેર કર્યા તેમાં તેના હુમલાની તૈયારીની માહિતી હતી તથા તેની પાસેથી રાઈફલ અને શસ્ત્રોની તસ્વીરો પણ હતી.આ સહકર્મચારીએ પોલીસને એલર્ટ કરી દીધી હતી તેથી તે અરોરા મંદિર પરના હુમલાનો નિષ્ફળ પ્રયાસ બાદ પરત આવી રહ્યો હતો તે સમયે જ તેને ઝડપી લેવાયો હતો. તેણે રાઈફલ જામ થયા બાદ તુર્તજ ઈન્ટરનેટ પર જામ થયેલી રાઈફલને ફરી કેમ યોગ્ય કરવી તે માહિતી પણ સર્ચ કરી હતી.આમ તે ફરી હુમલો કરે તેવી તૈયારી હતી તેની પાસેથી બોર્ડ આર્મર પણ મળ્યા છે જેથી હુમલા સમયે તેના પર ગોળીબાર થાય તો પણ તે બચી શકે તે તૈયારી હતી. અમેરિકા પોલીસે આ ષડયંત્ર પકડાયા બાદ અરોરા મંદિર સુધી આસપાસના મંદિરોને એલર્ટ કરી દીધા હતા. હવે એફબીઆઈ પણ આ તપાસમાં જોડાઈ છે.

# આમિરના ભાણેજ એક્ટર ઈમરાન ખાનને ભારત છોડવાનો આદેશ

**જ્ઞાનેશ કુમાર વિરુદ્ધના પ્રદર્શનમાં જોડાયા હતા ઈમરાન**

નવી દિલ્હી, તા. ૧૫

એક્ટર ઈમરાન ખાનને મુંબઈ પોલીસે નોટિસ જારી કરીને ૨૮ ઓક્ટોબર સુધીમાં ભારત છોડવાના નિર્દેશ આપ્યા છે. ઈમરાન ૧૦ ઓક્ટોબરે મુંબઈના ઓગસ્ટ ક્રાંતિ મેદાનમાં મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગને લઈને યોજાયેલા પ્રદર્શનમાં સામેલ થયા હતા. અભિનેતા ઈમરાન ખાન આમિર ખાનના ભાણેજ છે.

મુંબઈ પોલીસે ઈમરાન ખાનને ૧૦ ઓક્ટોબરે કસ્ટડીમાં લીધા હતા. તેઓ ૨૨-૨૩ જુલાઈએ નીટ પેપર લીકના વિરોધમાં યોજાયેલા કોકરોચ જનતા પાર્ટીના પ્રદર્શનમાં પણ સામેલ થયા હતા.પોલીસના જણાવ્યા અનુસાર, ઈમરાન ભારતીય નાગરિક નથી અને તેઓ વિરોધ પ્રદર્શનમાં સામેલ થયા હતા. આ મામલે તેમની વિરુદ્ધ ઈમિગ્રેશન એક્ટની સંબંધિત કલમો હેઠળ કાર્યવાહી કરવામાં આવી છે.ઈમરાનનો જન્મ અમેરિકાના વિસ્કોન્સિનમાં થયો હતો. જન્મથી જ તેમની પાસે અમેરિકાની નાગરિકતા અને અમેરિકન પાસપોર્ટ છે.તેઓ કાયદેસર રીતે ભારતના નાગરિક નથી. ભારતમાં રહેવા અને કામ કરવા માટે તેઓ ઓવરસીઝ સિટિઝનશિપ ઑફ ઈન્ડિયા (OCI) કાર્ડનો ઉપયોગ કરે છે.ભારતમાં વિદેશી નાગરિકોના પ્રવેશ, રહેઠાણ અને પ્રવૃત્તિઓને નિયંત્રિત કરવા માટે ઈમિગ્રેશન એન્ડ ફોરેનર્સ એક્ટ, ૨૦૨૫ લાગુ છે.આ કાયદા હેઠળ સરકાર વિદેશી નાગરિકોના ભારતમાં રહેવા અને તેમની પ્રવૃત્તિઓ પર શરતો મૂકી શકે છે. જો કોઈ વિદેશી નાગરિક લાગુ નિયમો અથવા વિઝાની શરતોનું ઉલ્લંઘન કરે, તો તેની સામે કાર્યવાહી કરી શકાય છે.

કોકરોચ જનતા પાર્ટીએ ૧૦ ઓક્ટોબરે SIRના વિરોધમાં અને CEC જ્ઞાનેશ કુમરના રાજીનામાની માંગને લઈને પ્રદર્શનનું આહ્વાન કર્યું હતું. મુંબઈમાં યોજાયેલા પ્રદર્શન દરમિયાન ઈમરાન ખાન પણ જોડાયા હતા.

પ્રદર્શન દરમિયાન ઈમરાન ખાનને અટકાયતમાં લેવામાં આવ્યા હતા. તેમણે પોલીસ વાનની અંદરથી

અનુસંધાન પાના ૭ પર

# ફંડિંગ મુદ્દે હોલિવુડ સિંગર અને દીપકે આમને-સામને

**મોદી અમેરિકનોનું સમર્થન લઈ રહ્યા હોવાનો અભિજીતનો આરોપ**

નવી દિલ્હી, તા. ૧૫

અમેરિકન ગાયિકા મેરી મિલબેન અને કોકરોચ જનતા પાર્ટી (CJP)ના સ્થાપક અભિજીત દીપકે વચ્ચે તીખી ચર્ચા થઈ. બંનેએ ભારતમાં પ્રદર્શન કરી રહેલા સંગઠનને મળતી વિદેશી ફંડિંગને લઈને એકબીજા પર નિશાન સાધ્યું.

આ વિવાદ નવી દિલ્હીમાં ચાલી રહેલા વિરોધ-પ્રદર્શનો વચ્ચે થયો.મિલબેને ઠ પર દાવો કર્યો કે CJPને અમેરિકામાં રહેતા દાતાઓ પાસેથી ફંડિંગ મળી રહ્યું છે. તેમણે ભારતના યુવાનોને આ સંગઠનની "વિઘટનકારી વિચારધારા" વિરુદ્ધ શાંતિપૂર્ણ પ્રદર્શન કરવાની અપીલ કરી હતી.મિલબેનને જવાબ આપતાં દીપકેએ પૂછ્યું કે પીએમ મોદી પોતાના જ દેશવાસીઓને બદનામ કરવા માટે અમેરિકનોનો સહારો શા માટે લઈ રહ્યા છે.

વિપક્ષી પક્ષો અને CJP નવી

અનુસંધાન પાના ૭ પર

# ક્રુડ ઓઈલના ભાવો ગગડતા ભારતીય બજારોમાં તેજી : નિફ્ટી 300 અંક ઉછળ્યો

**આઈટી અને એફએમસીજી શેરોમાં ખરીદી નિકળતા સેન્સેક્સમાં ૧૧૦૦ પોઈન્ટની તેજી**

નવી દિલ્હી, તા. ૧૫

ગુરુવારે ભારતીય શેરબજાર અપેક્ષા કરતા વધારે યુએસ ફુગાવાના ડેટા, તેલના ઊંચા ભાવ અને નબળા વૈશ્વિક સંકેતો છતાં લીલા રંગમાં ખુલ્યા.

૩૦ શેરો ધરાવતો BSE સેન્સેક્સ ૭૨,૯૬૫.૮૦ પર ખુલ્યો, જે તેના અગાઉના બંધ ૭૨,૭૮૧.૮૯ થી ૧૮૩.૯૧ પોઈન્ટ અથવા ૦.૨૫ ટકા વધીને. દરમિયાન, નિફ્ટી ૫૦ ૨૨,૬૭૧.૩૦ પર ખુલ્યો, જે તેના અગાઉના બંધ ૨૨,૬૨૨.૭૦ થી ૪૮.૫૯ પોઈન્ટ અથવા ૦.૨૧ ટકા વધીને.

જોકે, બંને બેન્ચમાર્ક પાછળથી વધુ મજબૂત થયા, અને લખાતા સમયે, સેન્સેક્સ ૫૬૯.૫૫ પોઈન્ટ અથવા ૦.૭૮ ટકા વધીને ૭૩,૩૫૧.૪૪ ની ઈન્ટ્રાડે ઊંચી સપાટીએ પહોંચ્યો, જ્યારે નિફ્ટી ૨૨,૭૮૦.૮૫ ની ઈન્ટ્રાડે ઊંચી સપાટીએ પહોંચ્યો, જે ૧૫૮.૧૫ પોઈન્ટ અથવા ૦.૬૯ ટકાનો વધારો દર્શાવે છે.શરૂઆતના વેપારમાં વ્યાપક બજારોમાં ઘટાડો જોવા મળ્યો. નિફ્ટી સ્મોલ કેપ ૧૦૦ ઈન્ડેક્સ ૦.૬૦ ટકા ઘટ્યો, જ્યારે નિફ્ટી મિડ કેપ ૧૦૦ ઈન્ડેક્સ ૦.૧૨ ટકા ઘટ્યો.

શરૂઆતના વેપારમાં ક્ષેત્રીય પ્રદર્શન મિશ્ર રહ્યું. નિફ્ટી આઈટી, નિફ્ટી એફએમસીજી, નિફ્ટી ઓટો અને નિફ્ટી પ્રાઈવેટ બેંક ટોચના લાભકર્તા રહ્યા, જેમાં લગભગ ૨ ટકાનો વધારો થયો.

બીજી બાજુ, નિફ્ટી મેટલ સૌથી નબળો સૂચકાંક હતો, જેમાં ૧ ટકાનો ઘટાડો થયો. તેવી જ રીતે, પીએસયુ બેંકો, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, ફાર્માસ્યુટિકલ્સ અને હેલ્થકેર સૂચકાંકો પણ લાલ રંગમાં ટ્રેડ થયા.

બજાર નિષ્ણાતોના મતે, સપ્ટેમ્બરમાં યુએસ ફુગાવો વધીને ૩.૭ ટકા થયો, જે ઓગસ્ટમાં ૩.૪

અનુસંધાન પાના ૭ પર

# ભારતીય સેના દ્વારા ડ્રોન યુદ્ધની મજબૂત તૈયારી

**૯ એન્ટી-ડ્રોન સિસ્ટમ અને ૧૦ લાંબા અંતરની સર્વેલન્સ ડ્રોનની ખરીદી**

નવી દિલ્હી, તા. ૧૫

ઓપરેશન સિંદૂર બાદ ભારતીય સેના ડ્રોન દ્વારા દેખરેખ સાથે હુમલો કરવાની અને દુશ્મનના ડ્રોનને નષ્ટ કરવાની ક્ષમતા પણ વધારી રહી છે. જુલાઈથી સપ્ટેમ્બર દરમિયાન જાહેર કરાયેલા ખરીદી પ્રસ્તાવો પરથી જાણવા મળે છે કે સેના ડ્રોન યુદ્ધ સાથે જોડાયેલી સમગ્ર વ્યવસ્થાને મજબૂત બનાવી રહી છે.

આમાં દૂર સુધી દેખરેખ રાખવી, લક્ષ્યોની ઓળખ કરવી, એફપીવી ડ્રોનથી હુમલો કરવો અથવા પેલોડ નાખવો, સૈનિકોને ડ્રોનની તાલીમ આપવી અને દુશ્મનના ડ્રોનને શોધીને નષ્ટ કરવાની સ્કિલ અને દુશ્મનના ડ્રોનને નિષ્ક્રિય કરવાનાં સાધનો સામેલ છે. ભાસ્કરે જુલાઈથી સપ્ટેમ્બર દરમિયાન સામે આવેલા સેનાના

અનુસંધાન પાના ૭ પર

# અંકિતા ભંડારી હત્યા કેસના વિરોધ પ્રદર્શનમાં કોંગ્રેસીઓની અટકાયત

**દુષ્યંત ગૌતમને રાજ્યપાલ બનાવવાનો વિરોધ**

નવી દિલ્હી, તા. ૧૫

દિલ્હીમાં ૨૦૨૨ અંકિતા ભંડારી મર્ડર કેસમાં ન્યાયની માંગને લઈને પ્રદર્શન કરી રહેલા કોંગ્રેસ નેતાઓ અને કાર્યકર્તાઓને પોલીસે હિરાસતમાં લીધા. દિલ્હી પોલીસે સીઆરપીએફ સાથે મળીને સવારે ૩.૪૫ વાગ્યે આ લોકોને હિરાસતમાં લીધા.

તમામ પ્રદર્શનકારીઓને તિલક માર્ગ પોલીસ સ્ટેશનમાં રાખવામાં આવ્યા છે. અંકિતાના માતા-પિતાને પણ દિલ્હી પોલીસે હિરાસતમાં લીધા હતા, પરંતુ ૨ કલાક પછી સવારે ૬ વાગ્યે તેમને મુક્ત કરી દેવામાં આવ્યા.પરિવાર રાષ્ટ્રપતિને અપીલ કરી રહ્યો છે કે સીબીઆઈ તપાસ પૂરી થાય ત્યાં સુધી દુષ્યંત કુમાર ગૌતમની સિક્કિમના રાજ્યપાલ પદ પર નિમણૂક પર રોક લગાવવામાં આવે અને તેને રદ કરવામાં આવે.અંકિતા ઉત્તરાખંડમાં એક હોટેલમાં રિસેપ્શનિસ્ટ હતી. ત્યાં VIP ને સર્વિસ આપવાની ના પાડવા પર ૨૦૨૨માં તેની હત્યા કરી દેવામાં આવી હતી.

દિલ્હી પોલીસ દ્વારા હિરાસતમાં લેવામાં આવ્યા બાદ અંકિતા ભંડારીના પિતાએ કહ્યું, "જો મારી દીકરીને ન્યાય નહીં મળે, તો આખા દેશમાં પ્રદર્શનો થશે. અમારી સૌથી પહેલી માંગ એ છે કે દુષ્યંત ગૌતમની નિમણૂક રદ કરવામાં આવે. અને જો નિમણૂક રદ કરવામાં નહીં આવે, તો અમારે એકવાર ફરી આખા દેશમાં રસ્તા પર ઉતરવું પડશે, અને મારી દીકરીને ન્યાય મળવો જ જોઈએ."

ત્યાં જ, હિરાસતમાં લેવામાં આવ્યા બાદ અંકિતાની માતાએ કહ્યું- જ્યાં સુધી દુષ્યંત ગૌતમની નિમણૂક રદ

અનુસંધાન પાના ૭ પર

# અમેરિકામાં હિમ વર્ષાને પગલે વિમાન તૂટી પડતા છનાં મોત

**પાઈલટનો છેલ્લો મેસેજ - પાંખો પર બરફ જામી રહ્યો છે**

નવી દિલ્હી, તા. ૧૫

અમેરિકાના વિસ્કોન્સિનમાં મંગળવારની રાત્રે વિમાન દુર્ઘટનામાં એક બાળક સહિત ૬ લોકોનાં મોત થયાં. દુર્ઘટના પહેલાં પાઇલટે પાંખો પર બરફ જામી રહ્યો હોવાની જાણકારી આપી હતી.૬ બેઠકોવાળું સિંગલ-એન્જિન વિમાન કેનોશાથી મેનોમોની જઈ રહ્યું હતું. આ વિમાન રાત્રે લગભગ ૧૦ વાગ્યે ડેલોના ટાઉનમાં મિરર લેક સ્ટેટ પાર્ક નજીકના જંગલમાં તૂટી પડ્યું.દુર્ઘટના સમયે વિસ્તારમાં વરસાદ પડી રહ્યો હતો અને ગાજવીજ સાથેનું વાવાઝોડું પસાર થઈ રહ્યું હતું.નેશનલ ટ્રાન્સપોર્ટેશન સેફ્ટી બોર્ડ (NTSB) અનુસાર, પાઇલટે એર ટ્રાફિક કંટ્રોલરને પાંખો પર બરફ જામી રહ્યાની માહિતી આપી હતી. તે સમયે પાઇપર PA-૪૬ વિમાન ૨૪,૦૦૦ ફૂટ એટલે કે ૭,૩૧૫ મીટરની ઊંચાઈએ ઉડી રહ્યું હતું. પાઇલટે વિમાનને નીચે લાવવાની મંજૂરી માંગી હતી.એર ટ્રાફિક કંટ્રોલે વિમાનને નીચે આવવાની મંજૂરી આપી. ત્યારબાદ વિમાન જમણી તરફ નીચે ઊતરતા વળાંકમાં ગયું. NTSBએ જણાવ્યું કે આ વળાંક સતત વધુ ઝડપી થતો ગયો.

અનુસંધાન પાના ૭ પર

# નેતન્યાહુ ચૂંટણી પહેલા ઈરાન પર હુમલો કરવા માંગતા નથી

**ઈઝરાયેલમાં ચૂંટણી અંગે ૨૭એ મતદાન થશે**

નવી દિલ્હી, તા. ૧૫

ઈઝરાયલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ કહ્યું છે કે તેઓ ૨૭ ઑક્ટોબરે યોજાનારી ચૂંટણી પહેલાં ઈરાન પર હુમલો કરવા માંગતા નથી.

બુધવારે ઈઝરાયલના આર્મી રેડિયો સાથેની વાતચીતમાં તેમણે કહ્યું કે ચૂંટણી પહેલાં ઈરાન પર હુમલો કરવો યોગ્ય નહીં હોય. જોકે, તેમણે ચેતવણી આપી કે જો ઈરાને ઈઝરાયલ પર હુમલો કર્યો, તો તેને સખત જવાબ આપવામાં આવશે.

નેતન્યાહૂએ કહ્યું કે જો ઈરાન ઇઝાઇલ પર મિસાઈલો છોડશે, તો તેમના વિરોધીઓ આ માટે પણ તેમને જ જવાબદાર ઠેરવશે. વિપક્ષનો આરોપ છે કે નેતન્યાહૂ ચૂંટણી પહેલાં ઈરાન સાથે યુદ્ધ શરૂ કરી શકે છે.અમેરિકા અને ઈઝરાયલે ૨૮ ફેબ્રુઆરીએ ઈરાન પર હુમલા કર્યા હતા. તેના જવાબમાં ઈરાને ઈઝરાયલ અને ખાડી દેશો પર હુમલા કર્યા હતા. જૂન પછીથી બંને દેશો વચ્ચે સીધા હુમલા થયા નથી.નેતન્યાહૂએ કહ્યું કે મધ્ય-પૂર્વના ઘણા દેશો ઈઝરાયલની સૈન્ય સફળતા બાદ તેના સંપર્કમાં આવી રહ્યા છે. જોકે, તેમણે એ સ્પષ્ટ કર્યું નથી કે શું ઈઝરાયલ સાઉદી અરેબિયાને હૂથી બળવાખોરોના હુમલાથી બચાવવામાં મદદ કરી રહ્યું છે.

રિપોર્ટ મુજબ, છેલ્લા એક અઠવાડિયામાં સાઉદી અરેબિયા પર હૂથીઓના હુમલા વધ્યા છે. શનિવાર, ૧૦ ઑક્ટોબરે રિયાધ એરપોર્ટ પર થયેલા હુમલામાં ૧૩ લોકોનાં મોત થયાં હતાં.

ટાઈમ્સ ઑફ ઈઝરાયલ મુજબ, ચૂંટણી પહેલાં પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહૂના સત્તામાં પરત

અનુસંધાન પાના ૭ પર

# દેશભરમાં પહેલીવાર સુરત પોલીસનો એઆઈ પ્રયોગ

## નવરાત્રિના ગરબા ગ્રાઉન્ડ પર હવે 'ત્રીજી આંખ'ની સીધી નજર

સુરત, તા.૧૫

નવરાત્રિના રંગે રંગાયેલા સુરતમાં હવે ગરબાના તાલ સાથે પોલીસની 'ત્રીજી આંખ' પણ સક્રિય બની છે. ખેલૈયાઓના ઉત્સાહ વચ્ચે સુરક્ષા સાથે કોઈ બાંધછોડ ન થાય તે માટે સુરત શહેર પોલીસે ભીડ નિયંત્રણમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) અને CCTV ટેકનોલોજીનો ઉપયોગ કરીને વિશેષ દેખરેખ શરૂ કરી છે. ગરબા ગ્રાઉન્ડમાં કેટલા લોકો પ્રવેશી રહ્યા છે, ભીડ ક્યાં વધી રહી છે અને મંજૂર ક્ષમતા કરતાં વધુ લોકો એકત્રિત થવાની સ્થિતિ ઊભી થાય છે કે નહીં આવા મુદ્દાઓ પર પોલીસની નજર કેન્દ્રિત કરવામાં આવી છે. આ સમગ્ર વ્યવસ્થામાં સૌથી મહત્ત્વની બાબત એ છે કે હવે માત્ર આયોજકોના આશ્વાસન પર નહીં, પરંતુ સ્થળ પરની પરિસ્થિતિ અને ઉપલબ્ધ ટેકનોલોજી આધારિત નિરીક્ષણના આધારે પણ સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા કરવામાં આવી રહી છે. મંજૂરીમાં દર્શાવેલી ક્ષમતા અને શરતોનો ભંગ થતો હોવાનું જણાય તો જવાબદાર આયોજકો સામે જાહેરનામાના ભંગ સહિતની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવાનો પોલીસનો સંકેત છે.

**એક ઘટના બની ચેતવણી, પોલીસ તંત્ર થયું સતર્ક**

પ્રી-નવરાત્રિ દરમિયાન ગીતા રબારીના કાર્યક્રમમાં કેસરિયા ગ્રુપના આયોજન સ્થળે મોટી સંખ્યામાં લોકો એકત્રિત થતાં બેરિકેડ તૂટવાની ઘટના બની હતી. આ ઘટનામાં કેટલાક યુવાનોને નાની-મોટી ઈજાઓ થઈ હોવાનું જણાવાયું છે. ભીડનું યોગ્ય સંચાલન ન થાય તો ઉત્સવની ખુશી ક્ષણવારમાં અફરાતફરીમાં ફેરવાઈ શકે છે, તે બાબત આ ઘટનાએ ફરી એકવાર ઉજાગર કરી હતી. આવી પરિસ્થિતિનું પુનરાવર્તન ન થાય તે માટે સુરત પોલીસ દ્વારા મોટા ગરબા આયોજનોની સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા કરવામાં આવી છે. આયોજકોને ગ્રાઉન્ડની ક્ષમતા અને પોલીસ દ્વારા આપવામાં આવેલી પરવાનગી મુજબ જ પાસનું વિતરણ તથા પ્રવેશ વ્યવસ્થા જાળવવા સૂચના આપવામાં આવી છે.

**પોલીસ કમિશનર ખુદ કંટ્રોલ રૂમમાં પહોંચ્યા**

સુરતના પોલીસ કમિશનર ઈન્ચાર્જ વાબાંગ જામિરે મંગળવારે સાંજે પોલીસના વરિષ્ઠ અધિકારીઓ સાથે નવરાત્રિની સુરક્ષા વ્યવસ્થાને લઈને પરામર્શ કર્યો હતો. સંયુક્ત પોલીસ કમિશનર બલરામ મીણા, મહેન્દ્ર બાવડિયા અને સજનસિંહ પરમાર સહિતના અધિકારીઓ સાથે ભીડ નિયંત્રણ અને કાયદો-વ્યવસ્થાના મુદ્દાઓની સમીક્ષા કરવામાં આવી હતી. ત્યારબાદ પોલીસ કમિશનર ઈન્ચાર્જે પોલીસ કંટ્રોલ રૂમની મુલાકાત લઈને ગરબા ગ્રાઉન્ડ સાથે જોડાયેલા CCTV કેમેરા અને AI આધારિત નિરીક્ષણ વ્યવસ્થાની સમીક્ષા કરી હતી. ડીસીપી એ.એમ. પરમાર દ્વારા વિવિધ ગરબા આયોજનોનાં સ્થળોને કંટ્રોલ રૂમ સાથે જોડવાની વ્યવસ્થા અંગે માહિતી આપવામાં આવી હતી. આ અભિગમનો મુખ્ય હેતુ સ્પષ્ટ છે ઘટના બન્યા પછી દોડધામ કરવા કરતાં, ભીડની સ્થિતિ પર નજર રાખીને જોખમ ઊભું થાય ત્યારે સમયસર પ્રતિસાદ આપવો.

**પાસ વધુ વેચાયા તો ગ્રાઉન્ડ પર ઊભી થઈ શકે મુશ્કેલી**

મોટા ગરબા આયોજનોમાં ખેલૈયાઓની સાથે ગરબા જોવા આવતા નાગરિકોની સંખ્યા પણ નોંધપાત્ર હોય છે. આવી સ્થિતિમાં પાસનું વધુ વિતરણ, પ્રવેશદ્વાર પર અવ્યવસ્થા અને બેરિકેડ પાસે ભીડનું દબાણ જોખમ ઊભું કરી શકે છે. પોલીસે આયોજકોને મંજૂર ક્ષમતા મુજબ જ પ્રવેશ આપવાની સૂચના આપી છે. ઉપલબ્ધ CCTV અને AI આધારિત વ્યવસ્થાથી ભીડની સ્થિતિનું નિરીક્ષણ કરીને જરૂર જણાય ત્યાં પોલીસ દ્વારા તપાસ અને સ્થળ પર ચકાસણી હાથ ધરવામાં આવી રહી છે. ગત મોડી રાત્રે શહેરના વિવિધ ગરબા આયોજનોમાં આવી ચકાસણી હાથ ધરાઈ હોવાનું જણાવાયું છે. આ કાર્યવાહીથી આયોજકોમાં સતર્કતા વધી હોવાનું પણ જાણવા મળ્યું છે.

**સરથાણા એસી ડોમમાં ઓનલાઈન પાસની ચકાસણીમાં મુશ્કેલી**

ગત રાત્રે સરથાણા એસી ડોમ ખાતે મોબાઈલમાં ઓનલાઈન પાસ દર્શાવવામાં મુશ્કેલી પડ્યાની ઘટના પણ સામે આવી હતી. સર્વર અથવા ઓનલાઈન સેવા સંબંધિત સમસ્યાને કારણે કેટલાક લોકોના પાસ મોબાઈલમાં દેખાતા ન હોવાથી પ્રવેશ વ્યવસ્થામાં મુશ્કેલી સર્જાઈ હતી. આવી સ્થિતિમાં આયોજકોના બાઉન્સર દ્વારા મોબાઈલમાં રહેલા પાસના સ્ક્રીનશોટના આધારે ચકાસણી કરવામાં આવી હોવાનું જણાવાયું છે. આ ઘટના દર્શાવે છે કે મોટા આયોજનમાં ભીડ નિયંત્રણની સાથે ડિજિટલ પાસ વ્યવસ્થા, પ્રવેશદ્વાર પર ચકાસણી અને વૈકલ્પિક વ્યવસ્થાઓ પણ એટલી જ મહત્ત્વની છે.

**ક્રાઈમ બ્રાન્ચથી એસઓજી સુધીની ટીમો સક્રિય**

નવરાત્રિ દરમિયાન સુરક્ષા અને ભીડ નિયંત્રણની કામગીરીમાં ક્રાઈમ બ્રાન્ચના સંયુક્ત પોલીસ કમિશનર ડૉ. કરણરાજ વાઘેલાના માર્ગદર્શન હેઠળ ડીસીપી ભાવેશ રોઝિયા, એસીપી કિરણ મોદી તથા ક્રાઈમ બ્રાન્ચની ટીમ જોડાઈ હતી. આ ઉપરાંત સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપના ડીસીપી રાજદીપ નકુમ, પોલીસ ઈન્સ્પેક્ટર અતુલ સોનારા અને પ્રિવેન્ટિવ ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ રાજેશ સુવેરા સહિતના અધિકારીઓએ મોડી રાત સુધી કામગીરી હાથ ધરી હતી. પોલીસની આ કામગીરીનો સંદેશ આયોજકો સુધી પહોંચાડવામાં આવ્યો છે કે નવરાત્રિનું આયોજન ભવ્ય હોવાની સાથે સુરક્ષિત પણ હોવું જરૂરી છે. મંજૂર ક્ષમતા અને પરવાનગીની શરતોનો ભંગ કરીને જાહેરનામાનો ભંગ

અનુસંધાન પાના ૭ પર

# નવરાત્રી મહોત્સવમાં માતાજીના દર્શન કરતા ડો.પ્રશાંત કોરાટ



**ભાજપના અગ્રણીઓ ગરબા ઉત્સવમાં સહભાગી બન્યા**

સુરત, તા.૧૫

નવરાત્રિ મહોત્સવમાં વિવિધ ગરબા પંડાલોમાં મા અંબાના દર્શન કરી ધન્યતા અનુભવતા ગુજરાત પ્રદેશ ભાજપના મહામંત્રી અને દક્ષિણ ગુજરાતના પ્રભારી ડો. પ્રશાંતભાઈ કોરાટજી તથા ગુજરાત સરકારના માનનીય મંત્રીશ્રી કૌશિકભાઈ વેકરીયાજી અને સંગઠનના પદાધિકારીઓ

પવિત્ર નવરાત્રિ મહોત્સવ પર્વ નિમિત્તે ગઈકાલે શહેરના શેરી ઓટલો મંડળી ગરબા, ઝણકાર નવરાત્રિ, ખોડલધામ નવરાત્રિ જેવા વિવિધ આપણી સંસ્કૃતિના દર્શન કરાવતા ભવ્ય ગરબા પંડાલોમાં જગતજનની મા અંબાના દર્શન કરવાનો અને આશીર્વાદ પ્રાપ્ત કરવાનો રૂડો અવસર યોજાયો હતો. આ પ્રસંગે ગુજરાત પ્રદેશ ભાજપના મહામંત્રી અને દક્ષિણ ગુજરાતના પ્રભારી ડો. પ્રશાંતભાઈ કોરાટજી તથા ગુજરાત સરકારના માનનીય મંત્રીશ્રી કૌશિકભાઈ વેકરીયાજી ખાસ ઉપસ્થિત રહ્યા હતા સાથે ભાજપા સુરત મહાનગર મહામંત્રી શ્રી કરસનભાઈ ગોંડલીયા, શ્રી દુર્ગા પ્રસાદ પાંડેજી, શ્રી વિરલભાઈ ગીલીટવાલા સાથે ધારાસભ્યો, કોર્પોરેટર, હોદ્દેદારો અને કાર્યકર્તાઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત સૌ અગ્રણીઓએ મા અંબાની ભાવપૂર્વક પૂજા-અર્ચના અને આરતી કરી દક્ષિણ ગુજરાત સહિત સમગ્ર રાજ્યની સુખ-શાંતિ માટે પ્રાર્થના કરી હતી. દર્શન બાદ મા અંબા ચરણોમાં શ્રદ્ધાસુમન અર્પણ કરતા જણાવાયું હતું કે, "મા અંબાના અસીમ આશીર્વાદથી સૌ નાગરિકોના જીવનમાં ઉત્તરોત્તર સુખ, શાંતિ, સમૃદ્ધિ અને પ્રગતિ ઉત્તરોત્તર વધતી રહે તેવી હૃદયપૂર્વક પ્રાર્થના કરીએ છીએ." ગરબા મહોત્સવ દરમિયાન પંડાલોમાં ઉપસ્થિત ખેલૈયાઓ અને ભક્તજનોમાં ભારે ઉત્સાહ અને આનંદનો માહોલ જોવા મળ્યો હતો. આગેવાનોએ ખેલૈયાઓનો ઉત્સાહ વધારી સૌને નવરાત્રિ પર્વની હાર્દિક શુભકામનાઓ પાઠવી હતી.

# નવરાત્રિમાં મહિલાઓની સુરક્ષા માટે ૧૮૧ ટીમ દ્વારા જાગૃતિ કાર્યક્રમ

સુરત, તા.૧૫

નવરાત્રિ પર્વ દરમિયાન મહિલાઓ અને યુવતીઓમાં સુરક્ષા અંગે જાગૃતિ લાવવાના હેતુથી ઉમરા સુરત ની ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇનની ટીમ દ્વારા પાંડેસરા નેમ નગર અને કુભારીયા ગામ ખાતે જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. આ અવસરે મહિલાઓ અને યુવતીઓને છેડતી, હેરાનગતિ તથા મુશ્કેલ પરિસ્થિતિઓમાં પોતાની સુરક્ષા માટે જરૂરી સાવચેતી રાખવા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમજ જરૂરિયાતના સમયે ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇન અને તાત્કાલિક કટોકટીની પરિસ્થિતિમાં ૧૧૨ ઈમરજન્સી સેવાનો સંપર્ક કરવા અંગે માહિતી આપવામાં આવી હતી.૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇન ઉમરા મહિલાઓની સુરક્ષા, સન્માન અને સહાય માટે હંમેશાં પ્રતિબદ્ધ છે

# ડાંગના ઉગા ગામે અકસ્માતમાં બાઇક સવાર ગંભીર રીતે ઘાયલ

**મહારાષ્ટ્ર કેરેટ ભરલી પીકપ ગાડી,ટુ વ્હીલર ગાડી અથડાઈ**

વઘઈ, તા.૧૫

ડાંગ જિલ્લાના વઘઈ તાલુકામાં સમાવિષ્ટ ઉગા ગામના મુખ્ય માર્ગ પર મહારાષ્ટ્ર પાસિંગની પીકઅપ ગાડી નંબર MH-48-AG-4380 દ્વારા અચાનક બ્રેક મારવામાં આવતાં અકસ્માત સર્જાયો હોવાની માહિતી સામે આવી છે. પ્રાપ્ત વિગતો મુજબ, ઉગા ગામના મુખ્ય માર્ગ પરથી પસાર થતી ટુ-વ્હીલર ગાડી નંબર GJ-30-C-1970 પીકઅપ ગાડી સાથે અથડાતાં બાઈકને ભારે નુકસાન થયું હતું. આ અકસ્માતમાં ટુ-વ્હીલર ચાલકને માથાના ભાગે ગંભીર ઈજા થતાં તાત્કાલિક સારવાર અર્થે ૧૦૮ ની મદદથી વાંસદા સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જ્યાં માથાના ભાગે પાંચ ટાંકા આવ્યા હોવાનું જણાવવામાં આવ્યું છે. ઉગા ગામના મુખ્ય માર્ગ પર સર્જાયેલા આ અકસ્માતને પગલે વાહનચાલકોની સલામતી અને માર્ગ પર વાહન ચલાવતી વખતે રાખવાની સાવચેતી અંગે સવાલો ઊભા થયા છે. ખાસ કરીને મુખ્ય માર્ગ પર વાહનોની અવરજવર દરમિયાન અચાનક બ્રેક મારવા જેવી પરિસ્થિતિઓ અકસ્માતનું કારણ બની શકે છે. તો પીકપ ગાડી ફરાર થઈ ગયા સામે કાયદેસરની કાર્યવાહી જરૂરી,તંત્ર દ્વારા અકસ્માતની હકીકતોની તપાસ કરી યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેવી લોકમાંગ ઊઠી છે.

# એનટીપીસી પરમાણુ વીજ પ્રોજેક્ટની ચર્ચા વચ્ચે જમીન સંપાદનની આશંકા

**વ્યારાના ખુશાલપુરા સહિત આસપાસના ગામોમાં ચિંતા અને રોષ**




સુરત, તા.૧૫

તાપી જિલ્લાના વ્યારા તાલુકાના ખુશાલપુરા સહિત આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં NTPCના પ્રસ્તાવિત પરમાણુ વીજ પ્રોજેક્ટને લઈને જમીન સંપાદન અને સંભવિત વિસ્થાપનની આશંકાઓ વચ્ચે સ્થાનિક ગ્રામજનોમાં ચિંતા અને રોષનો માહોલ જોવા મળી રહ્યો છે. વિવિધ માધ્યમોમાં જમીન સંપાદન અંગેના અહેવાલો સામે આવ્યા બાદ ગ્રામજનો દ્વારા આ મામલે સત્તાવાર સ્પષ્ટતાની માંગ કરવામાં આવી છે.

આ મુદ્દે ખુશાલપુરા ગ્રામ પંચાયતનાં સરપંચ વિભૂતિ ચૌધરીના નેતૃત્વ હેઠળ મોટી સંખ્યામાં ગ્રામજનો અને સ્થાનિક આદિવાસી સમાજના લોકો તાપી જિલ્લા કલેક્ટર કચેરી ખાતે એકત્રિત થયા હતા. ગ્રામજનોના પ્રતિનિધિમંડળે જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવી પ્રોજેક્ટની વર્તમાન સ્થિતિ અંગે સ્પષ્ટતા કરવા રજૂઆત કરી હતી. ગ્રામજનોએ માંગ કરી હતી કે પ્રોજેક્ટ માટે કોઈ જમીન સર્વેક્ષણ, માપણી, ફાળવણી કે સંપાદનની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હોય તો તેની સત્તાવાર વિગતો જાહેર કરવામાં આવે. સાથે જ સંભવિત અસરગ્રસ્ત પરિવારો અને વિસ્થાપનની શક્યતા અંગે પણ પારદર્શક માહિતી આપવામાં આવે. જિલ્લા કલેક્ટરે સંબંધિત વિભાગો પાસેથી અહેવાલ મંગાવી તપાસ કર્યા બાદ આગામી ૧૫ દિવસમાં સત્તાવાર માહિતી આપવાની ખાતરી આપી હોવાનું જણાવાયું છે. આવેદનપત્ર આપ્યા બાદ જિલ્લા કલેક્ટર કચેરીના પરિસરમાં એકત્રિત થયેલા ગ્રામજનોમાં રોષને કારણે થોડા સમય માટે વાતાવરણ તંગ બન્યું હતું. પરિસ્થિતિને વધુ વણસતી અટકાવવા પોલીસ જવાનોએ દરમિયાનગીરી કરી હતી, ત્યારબાદ સ્થિતિ નિયંત્રણમાં આવી હતી. ગ્રામજનોએ આવેદનપત્રમાં પ્રોજેક્ટની સત્તાવાર સ્થિતિ જાહેર કરવા, જમીન સંપાદન સંબંધિત વિગતો રજૂ કરવા, સંભવિત અસરગ્રસ્ત પરિવારોની માહિતી આપવા તથા

અનુસંધાન પાના ૭ પર

# ગરબાના ખાણી-પીણીના સ્ટોલમાં આરોગ્ય વિભાગ દ્વારા તપાસ

**ફૂડ સેફ્ટી ઓફિસરો દ્વારા ખાનગી ગરબા આયોજનોમાં ઇન્સ્પેકશન**

સુરત, તા.૧૫

કમિશ્નર સુરત મહાનગરપાલિકા તથા આરોગ્ય અધિકારી અને ડેઝિગ્નેટેડ ઓફિસરશ્રીની સૂચના અને સીધા માર્ગદર્શન હેઠળ સુરત શહેરમાં નવરાત્રિના પર્વ દરમિયાન ખાદ્ય સુરક્ષા અને જનઆરોગ્યની જાળવણી માટે સઘન ચેકિંગ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. તારીખ ૧૨/૧૦/૨૦૨૬ અને તારીખ ૧૩/૧૦/૨૦૨૬ના રોજ શહેરમાં ખાનગી આયોજકો દ્વારા પાર્ટી પ્લોટ, હોલ, મોટા ગ્રાઉન્ડ તેમજ અન્ય સ્થળોએ યોજાયેલ ગરબાના મોટા આયોજનોમાં ફૂડ સેફ્ટી ઓફિસરો દ્વારા ફૂડ ઈન્સ્પેક્શનની વિશેષ કામગીરી કરવામાં આવી હતી.

સદર ઝુંબેશ દરમ્યાન આયોજકોના સ્થળો પર ફૂડ સ્ટોલ્સનું ફૂડ સેફ્ટી ઓફિસરો દ્વારા ઘનિષ્ઠ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. ખાદ્યપદાર્થ વિક્રેતાઓને સ્ટોલ પર સંપૂર્ણ સ્વચ્છતા જાળવવા તેમજ સ્વચ્છતાના નિયમોનું પાલન કરવા કડક સૂચનાઓ આપવામાં આવી હતી. ખાધ્ય પદાર્થો બનાવતા તથા પીરસતા કારીગરો દ્વારા ફરજિયાતપણે એપ્રોન, ટોપી અને ગ્લોવ્ઝ (મોજાં) પહેરવા બાબતે વિશેષ તાકીદ કરવામાં આવી હતી. ગ્રાહકોને ઉત્તમ ગુણવત્તાયુક્ત અને આરોગ્યપ્રદ ખોરાક મળી રહે તે માટે જરૂરી સૂચનાઓ સાથે નિયમભંગ બદલ નોટિસો ફટકારવામાં આવી હતી. હંગામી લાયસન્સ મેળવવા અંગે સ્થળ પર જ માર્ગદર્શન આપી, તમામ વેપારીઓને તાત્કાલિક લાયસન્સ મેળવી લેવા માટે આદેશ કરવામાં આવ્યા છે. વિવિધ ફૂડ સ્ટોલ્સમાંથી શંકાસ્પદ તથા ચકાસણી અર્થે ખાદ્યપદાર્થોના નમૂનાઓ (સેમ્પલ) લેવામાં આવ્યા છે, જેને પૃથ્થકરણ અર્થે સુરત મહાનગરપાલિકાની પબ્લિક હેલ્થ લેબોરેટરીમાં મોકલી આપવામાં આવ્યા છે. આ ઉપરાંત, સુરત મહાનગરપાલિકા દ્વારા આયોજિત ફૂડ ફેસ્ટિવલ-૨૦૨૬ (સ્થળ: કૃષણકુંજ પાર્ટી પ્લોટ, અઠવાલાઈન્સ, સુરત) ખાતેથી પણ વિવિધ ખાદ્ય ચીજવસ્તુઓના કુલ ૨૦ નમૂનાઓ લેવામાં આવ્યા છે. આ તમામ નમૂનાઓને પૃથ્થકરણ (ૌજૈંહજ્ઞ) માટે સુરત મહાનગરપાલિકાની પબ્લિક હેલ્થ લેબોરેટરીમાં મોકલી આપવામાં આવ્યા છે.

# શાંતનું વિદ્યાલય દ્વારા વિજ્ઞાન પ્રદર્શનમાં ઉત્કૃષ્ઠ દેખાવ

**શાળા પરીવાર વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યાં**



સુરત, તા.૧૫

GCERT ગાંધીનગર, જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, ભરૂચ અને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન (DIET), ભરૂચના સંયુક્ત ઉપક્રમે માં રેવા શાળા વિકાસ સંકુલ (SVS-4), વાલિયાનું શ્રી શારદા મંદિર હાઈસ્કૂલ, ડહેલી શાળા ખાતે આયોજિત SVS કક્ષાના વિજ્ઞાન, ગણિત અને પર્યાવરણ પ્રદર્શન ૨૦૨૬-૨૭ (બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન) માં શાંતનુ વિદ્યાલયના ધોરણ-૧૦ ના વિદ્યાર્થીઓએ પ્રથમ નંબર પ્રાપ્ત કરી શ્રેષ્ઠ દેખાવ કર્યો હતો. આ પ્રદર્શનની મુખ્ય થીમ "ટકાઉ અને વિકસિત ભારત માટે વિજ્ઞાન, ટેકનોલોજી અને ઈનોવેશન" અંતર્ગત અમારી શાળાના વિદ્યાર્થીઓએ "સૌર ક્રાંતિ હરિત ઉર્જા વર્કિંગ મોડલ" વિષય પર કૃતિ રજૂ કરી હતી. આ મોડલ ની થીમ વિજ્ઞાન + ટેકનોલોજી, સ્વચ્છ ઉર્જા, વીજળીની બચત, પર્યાવરણનું રક્ષણ અને પ્રદૂષણ મુક્ત ભવિષ્ય પર આધારિત હતી. વિદ્યાર્થીઓએ આ મોડલ દ્વારા દર્શાવ્યું હતું કે કેવી રીતે પરંપરાગત ઉર્જા પર નિર્ભરતા ઘટાડીને ઘર અને ગામને સ્વચ્છ, સુરક્ષિત અને આત્મનિર્ભર બનાવી શકાય છે, જે ગ્લોબલ વૉર્મિંગ સામે લડવા માટે અનિવાર્ય છે. આ સિદ્ધિ બદલ યુવાન વૈજ્ઞાનિકો ૧. વસાવા રુદ્રકુમાર રાજીવભાઈ ૨. કાયસ્થ રુદ્રા ચેતનભાઈ ૩. જીગર નરેશભાઈ દૂધાસણા ૪. નવ્યા

અનુસંધાન પાના ૭ પર



# સુરતી મોઢ વણિક ગરબા ઉત્સવ

સુરત, તા.૧૫

શ્રી સુમોવઅડાજણ રાંદેર રોડ મહિલા મંડળ દ્વારા નવરાત્રિ ના પાવન અવસર પર મંડળની સભ્ય બહેનો માટે ગરબા મહોત્સવ નો કાર્યક્રમ પાલ વાડી ખાતે રાખવામાં આવ્યો હતો જેમાં શ્રી સુરતી મોઢ વણિક સમસ્તપંચના પ્રમુખ શ્રી ધર્મેશભાઈ તમાકુવાલા તથા સાથી હોદ્દેદારો, મહિલા મંડળના પ્રમુખ ચંદ્રિકાબેન સોપારીવાલા તથા સર્વ હોદ્દેદારો અને મંડળની ૩૦૦ થી વધુ સભ્ય બહેનો ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. કાર્યક્રમનું સંચાલન સ્મિતા મોદી દ્વારા કરવામાં આવ્યું હતું.



**અંકલેશ્વર મતોશ્રી ચેરીટેબલ ટ્રસ્ટ અને રોટરી ક્લબ દ્વારા આયોજીત રંગ રસિયા ગરબા મહોત્સવમાં ખેલૈયાઓ પરંપરાગત વેશભૂષામાં સજ્જ યુવક યુવતીઓ ગરબાના તાલે મન મુકીને ઝૂમી ઉઠ્યા હતા.**

# સુરતમાં 'વિશ્વ માનક દિવસ' નિમિત્તે માનક મહોત્સવ-૨૦૨૬ની ઉજવણી

## કિફાયતી અને સ્વચ્છ ઊર્જા વિષય પર તકનીકી વ્યાખ્યાન યોજાયા

સુરત, તા.૧૫

બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ (BIS), સુરત શાખા કાર્યાલય દ્વારા 'વર્લ્ડ સ્ટાન્ડર્ડ ડે-૨૦૨૬' નિમિત્તે અધિક પોલીસ કમિશનર મહેન્દ્ર બગડિયા અને નિવાસી અધિક કલેક્ટરશ્રી હિરેન ચૌહાણની ઉપસ્થિતિમાં 'માનક મહોત્સવ' યોજાયો હતો.

ઉદ્યોગો, શૈક્ષણિક સંસ્થાઓ અને સામાન્ય નાગરિકોમાં ગુણવત્તા, સુરક્ષા અને સ્વચ્છ ઊર્જા પ્રત્યે વ્યાપક જાગૃતિ લાવવાના હેતુસાથે આયોજિત આ કાર્યક્રમમાં અધિક પોલીસ કમિશનરશ્રી મહેન્દ્ર બગડિયાએ જણાવ્યું કે, પોલીસ વિભાગનું કામ માત્ર કાયદો અને વ્યવસ્થા જાળવવાનું નથી, પરંતુ જનસુરક્ષા અને જનહિતનું રક્ષણ કરવાનું પણ છે. આ દ્રષ્ટિએ BIS અને પોલીસની ભૂમિકા એકસરખી છે. નકલી, હલકી ગુણવત્તાવાળા કે ધારાધોરણો વગરના ઉત્પાદનોના કારણે નાગરિકોની સુરક્ષા જોખમાય છે. BIS (માનક)માં 'ગુણવત્તા' અને પોલીસમાં 'સુરક્ષા' આ બંનેનો અંતિમ ઉદ્દેશ્ય નાગરિકોનો વિશ્વાસ જીતવાનો છે. તેમણે ઉમેર્યું કે, વર્ષ ૨૦૨૬માં અણુ, થર્મલ અને સોલર ઊર્જા જેવા સ્વચ્છ અને ટકાઉ ઊર્જાના સ્ત્રોતોનો વિકાસ કરવો જરૂરી છે. પરંતુ તેની સાથે માનવીએ પોતાની 'આંતરિક ઊર્જા' અને ચેતનાનો પણ સતત વિકાસ કરવો જોઈએ, જે વ્યક્તિગત, પારિવારિક, સામાજિક અને વ્યાવસાયિક સ્તરે આગળ વધવાની સાચી તાકાત પૂરી પાડે છે.

નિવાસી અધિક કલેક્ટરશ્રી હિરેન ચૌહાણે રોજિંદા જીવનમાં ગુણવત્તાયુક્ત ચીજવસ્તુઓ અને સેવાઓના મહત્વ પર ભાર મૂકતા જણાવ્યું કે, બજારમાં મળતી નકલી અને અપ્રમાણભૂત વસ્તુઓથી માનવ જીવનને ગંભીર નુકસાન થાય છે. બે-પાંચ રૂપિયા સસ્તી મળતી વસ્તુઓ લાંબા ગાળે મોટું નુકસાન પહોંચાડે છે. જ્યારે વેપારી અને ગ્રાહક તરીકે આપણે ગુણવત્તા સાથે બાંધછોડ એ પોતાના તેમજ સમાજ માટે જોખમી બને છે.

સંયુક્ત રાષ્ટ્રના સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ-૨૦૩૦ અને સ્વચ્છ ઊર્જાની સંકલ્પનાને સાકાર કરવા માટે આપણે આપણા ઘરથી જ BIS અને ISI માર્કાવાળી વસ્તુઓનો આગ્રહ રાખવો જોઈએ એવો તેમણે ભારપૂર્વક અનુરોધ કર્યો હતો..

ગુણવત્તાયુક્ત ઉત્પાદન અને પર્યાવરણ સંરક્ષણમાં મહત્વની ભૂમિકા ભજવતા બીઆઈએસ ધારકો, BIS પ્રવૃત્તિઓમાં મહત્વનું પ્રદાન કરનારા ઉદ્યોગકારો, સ્ટાન્ડર્ડ ક્લબમાં સક્રિય ભૂમિકા ભજવનાર BIS મેન્ટર્સ તેમજ માનકીકરણ પ્રવૃત્તિઓમાં નોંધપાત્ર યોગદાન આપનાર BIS રિસોર્સ પર્સન્સનું સન્માન કરવામાં આવ્યું હતું. ભારતીય માનક બ્યુરો-સુરતના ડિરેક્ટર અને વડા વિક્રાંતે જણાવ્યું કે, ગ્રાહકો, ઉદ્યોગ એકમો, જાહેર

અનુસંધાન પાના ૭ પર



# સ્મીમેર હોસ્પિટલના ૨૫ વર્ષની સફળ યાત્રા નિમિત્તે કાર્યક્રમ

**સ્મીમેરમાં મોઢાનાં કેન્સર અને મુખની સ્વચ્છતા વિષે જાગૃતિ કાર્યક્રમ**

સુરત, તા.૧૫

સ્મીમેર હોસ્પિટલની સ્થાપનાના ૨૫ વર્ષ (રજત જયંતિ) પૂર્ણ થવાના શુભ અવસરે હોસ્પિટલ દ્વારા તા. ૧૨/૧૦/૨૦૨૬ થી ૧૭/૧૦/૨૦૨૬ દરમિયાન વિવિધ આરોગ્ય કેમ્પોનું વિશાળ આયોજન કરવામાં આવ્યું છે. આ ઉજવણીના ભાગરૂપે તા.૧૪/૧૦/૨૦૨૬ ના રોજ "મોઢાનાં કેન્સર અને મુખની સ્વચ્છતા વિષે જાગૃતિ (Oral Cancer & Oral Hygiene Awareness) વિષય પર વિશેષ નિઃશુલ્ક નિદાન તથા સારવાર કેમ્પ યોજાયો હતો. આ કેમ્પમાં હોસ્પિટલના ડેન્ટિસ્ટ્રી (દાંત અને મુખના રોગો) વિભાગના નિષ્ણાત તબીબોની ટીમ દ્વારા બહોળી સંખ્યામાં આવેલા દર્દીઓની મુખની તપાસ કરી યોગ્ય માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. ડેન્ટિસ્ટ્રી વિભાગ દ્વારા તમાકુ અને ગુટખાના સેવનથી થતા મોઢાના કેન્સરની પ્રારંભિક તપાસ કરવામાં આવી, જેમાં કુલ ૨૯

અનુસંધાન પાના ૭ પર

# ચેનાબ બ્રિજ કાશ્મીરના વેપારને એક નવી ગતિ આપશે

## સફરજન અને ચેરી મુંબઈ ઝડપથી પહોંચશે:- ખીણને ક્રિકેટમાં પણ નવી ઓળખ મળશે







**દામોદર વ્યાસ**



મુંબઈ/શ્રીનગર: ચેનાબ રેલ બ્રિજ અને ઉધમપુર-શ્રીનગર-બારામુલ્લા રેલ લિંક (USBRL) પૂર્ણ થવાથી કાશ્મીર ખીણની દેશના બાકીના ભાગો સાથે રેલ કનેક્ટિવિટી મજબૂત થઈ છે. તેની અસર હવે મુસાફરોના પરિવહન તેમજ માલસામાન અને સ્થાનિક વેપારમાં પણ દેખાય છે. કાશ્મીરના સફરજન, ચેરી, સૂકા ફળો અને અન્ય કૃષિ ઉત્પાદનોના દિલ્હી અને મુંબઈ સહિત દેશભરના મુખ્ય બજારોમાં ઝડપી પરિવહન માટે નવી તકો ખુલી રહી છે. રેલ નેટવર્ક ખીણમાં સિમેન્ટ, ખાદ્યાન્ન અને અન્ય આવશ્યક ચીજવસ્તુઓનો પુરવઠો પણ સરળ બનાવશે.

ચેનાબ બ્રિજ આ રેલ પ્રોજેક્ટનો સૌથી મહત્વપૂર્ણ ભાગ છે. વિશ્વના સૌથી ઊંચા રેલ્વે કમાન પુલ તરીકે ઓળખાતો, તે ચેનાબ નદી પર ફેલાયેલો છે અને કાશ્મીર ખીણને દેશના વિશાળ રેલ નેટવર્ક સાથે જોડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. વધુમાં, અંજી ખાડ બ્રિજ અને અન્ય રેલ માળખાના વિકાસથી ખીણમાં રેલ કનેક્ટિવિટી સ્થાપિત કરવામાં નોંધપાત્ર પ્રગતિ થઈ છે.

### ફળ ઉત્પાદકોને રોડ પર નિર્ભરતા ઓછી થવાથી ફાયદો થાય છે

કાશ્મીરના અર્થતંત્રમાં બાગાયત મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. સમયસર પરિવહન મહત્વપૂર્ણ છે, ખાસ કરીને સફરજન અને ચેરી જેવા નાશવંત ફળો માટે. રોડ ટ્રાફિક જામ, પ્રતિકૂળ હવામાન અથવા ભૂસ્ખલન પરિવહનને અવરોધે છે, જેના કારણે ખેડૂતો અને વેપારીઓને નુકસાન થાય છે. આ પડકારોને ઘટાડવા માટે રેલ પરિવહન એક મહત્વપૂર્ણ વિકલ્પ બની શકે છે.

પશ્ચિમ રેલ્વેના મુખ્ય જનસંપર્ક અધિકારી વિનીત અભિષેકના જણાવ્યા અનુસાર, "કાશ્મીરથી મુંબઈના બાંદ્રા સ્ટેશન સુધી કટરા થઈને ચેરી શિપમેન્ટમાં આશરે ૩૦ કલાકનો સમય લાગતો હોવાનું જાણવા મળ્યું છે. આ સિદ્ધિ દર્શાવે છે કે સુધારેલ રેલ કનેક્ટિવિટી નાશવંત કૃષિ પેદાશોને દૂરના બજારોમાં પરિવહન કરવાની સંભાવના વધારી રહી છે. આ પરિવહન સમય અને ફળોના બગાડનું જોખમ ઘટાડવામાં મદદ કરી શકે છે."જોકે, વાસ્તવિક લાભો માલવાહક ટ્રેનોની ઉપલબ્ધતા, પરિવહન ખર્ચ, કોલ્ડ ચેઈન અને નિયમિત લોજિસ્ટિક્સ વ્યવસ્થા પર પણ આધાર રાખે છે.

રેલ કનેક્ટિવિટીનો બીજો મોટો ફાયદો એ છે કે ખરાબ હવામાન દરમિયાન રોડ ટ્રાફિક ખોરવાઈ જવાની સ્થિતિમાં તે વૈકલ્પિક પરિવહન પૂરું પાડે છે. જોકે, ભારે હિમવર્ષા અને અન્ય ભારે હવામાન પરિસ્થિતિઓ દરમિયાન સલામતીની ચિંતાઓને કારણે રેલ સેવા પણ પ્રભાવિત થઈ શકે છે.

### રણજી ટ્રોફી જીત ક્રિકેટમાં નવી આશા લાવે છે

કાશ્મીરમાં આ વિકાસનો બીજો મહત્વપૂર્ણ પાસું રમતગમત સાથે સંબંધિત છે. જમ્મુ અને કાશ્મીર ક્રિકેટ ટીમે ૨૦૨૫-૨૬ સીઝનમાં પ્રથમ વખત રણજી ટ્રોફીનો ખિતાબ જીતીને ઈતિહાસ રચ્યો. આ સિદ્ધિએ સ્થાનિક ખેલાડીઓ માટે નવી તકો ખોલી અને ખીણમાં ક્રિકેટ પ્રત્યે વધતા ઉત્સાહને રાષ્ટ્રીય માન્યતા આપી.

લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિંહાએ ટીમની ઐતિહાસિક જીતને જમ્મુ અને કાશ્મીર માટે ગર્વની સિદ્ધિ ગણાવી. આ સફળતાએ યુવાનોને ક્રિકેટ રમવા માટે પ્રેરણા આપી છે અને સ્થાનિક તાલીમ, રમતગમત સુવિધાઓ અને પ્રતિભા પ્રમોશનની જરૂરિયાત પર ભાર મૂક્યો છે.

શ્રીનગરના શેર-એ-કાશ્મીર સ્ટેડિયમ ખાતે પ્રતિષ્ઠિત ઈરાની કપનું આયોજન ખીણમાં મોટી ક્રિકેટ મેચો પાછી લાવવામાં પણ મહત્વપૂર્ણ હતું. આનાથી જમ્મુ અને કાશ્મીરમાં ભવિષ્યમાં વધુ મોટી સ્થાનિક મેચો યોજવાની સંભાવનાઓ મજબૂત બને છે.

જો કે, IPL અથવા આંતરરાષ્ટ્રીય ક્રિકેટ મેચોનું આયોજન કરવા માટે આધુનિક સ્ટેડિયમ, પ્રસારણ સુવિધાઓ, ખેલાડીઓની તાલીમ માળખાગત સુવિધાઓ અને અન્ય જરૂરી વ્યવસ્થાઓના વિકાસની જરૂર પડશે. જો આ વિસ્તારોમાં આયોજનબદ્ધ રીતે કામ આગળ વધે, તો ખીણ ભવિષ્યમાં મોટી ક્રિકેટ ઈવેન્ટ્સ માટે પોતાનો દાવો મજબૂત કરી શકે છે.

રેલ કનેક્ટિવિટી યુવાનો માટે વ્યવસાય અને ક્રિકેટ માટે નવી તકો પૂરી પાડશે તેવી અપેક્ષા છે. બંને ક્ષેત્રોમાં વિકાસ કાશ્મીરની આર્થિક પ્રવૃત્તિઓ, સ્થાનિક રોજગાર અને રાષ્ટ્રીય માન્યતાને નવી દિશા આપી શકે છે.

# ગુજરાતમાં ઇલેક્ટ્રિક ટ્રકના ઉપયોગ માટે અદાણી લોજિસ્ટિક્સની વૈશ્વિક શિપિંગ જૂથ CMA CGM સાથે ભાગીદારી




**આ ભાગીદારીથી ગુજરાતના વાપીના તુંબ ખાતે આવેલા અદાણી લોજિસ્ટિક્સના ઇનલેન્ડ કન્ટેનર ડેપોથી કન્ટેનરની ડિલિવરી માટે ઇલેક્ટ્રિક ટ્રકોનો ઉપયોગ થશે. આ પહેલથી ભારતના સૌથી મોટા કન્ટેનર પરિવહન ટ્રક કાફલામાં રોડ ફ્રેઇટ ક્ષેત્રે ઇલેક્ટ્રિક વાહનોનો ઉપયોગ વધુ વિસ્તરશે.**

વાપી, બુધવાર તા ૧૪: ભારતના સૌથી મોટા સંકલિત પરિવહન સંચાલકોમાંના એક, અદાણી પોર્ટ્સ એન્ડ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન લિ. (APSEZ)ની અદાણી લોજિસ્ટિક્સ લિ.એ ગુજરાતના વાપીના તુંબ ખાતે આવેલા તેના ઈનલેન્ડ કન્ટેનર ડેપોથી કન્ટેનરની ડિલિવરી માટે ઈલેક્ટ્રિક ટ્રકો તૈનાત કરવા વૈશ્વિક શિપિંગ અને લોજિસ્ટિક્સ જૂથ ઝસ્છ ઝય્સ સાથે ભાગીદારી કરી છે. આ ટ્રકો ભારતના સૌથી મોટા કન્ટેનર પરિવહન ટ્રક કાફલાનો ભાગ બનશે. આ પહેલથી ડેપોથી ગ્રાહકોની ફેક્ટરીઓ અને ગોડાઉન સુધી કન્ટેનર પહોંચાડવાની કામગીરીમાં ઈલેક્ટ્રિક વાહનોનો ઉપયોગ વધશે.

સ્ટોર-ડોર ડિલિવરી મોડેલ હેઠળ કન્ટેનરને ડેપોથી રોડ માર્ગે સીધા ગ્રાહકોનાં પરિસરો સુધી પહોંચાડવામાં આવે છે. આ સેવા સપ્લાય ચેઈનના નિર્ધારિત ડિલિવરી પોઈન્ટ્સને કન્ટેનર હેન્ડલિંગની સુવિધાઓ સાથે જોડે છે.

નવા ઈલેક્ટ્રિક ટ્રક કાફલાનો સૌપ્રથમ ઉપયોગ કરનારી શિપિંગ લાઈન CMA CGMએ ફ્લેગ-ઓફ સમારોહ દરમિયાન પોતાના કન્ટેનરનું પરિવહન કરીને પ્રથમ કન્સાઈનમેન્ટ રવાના કર્યું હતું. આ ભાગીદારીથી અદાણી લોજિસ્ટિક્સની ઈનલેન્ડ પરિવહન કામગીરી અને ઝસ્છ ઝય્સનું શિપિંગ નેટવર્ક એકબીજા સાથે જોડાશે. તેનાથી કન્ટેનરની ડિલિવરીમાં ઈલેક્ટ્રિક વાહનોનો ઉપયોગ સરળ બનશે.

ઈલેક્ટ્રિક ટ્રકો કામગીરી દરમિયાન ટેલપાઈપમાંથી કોઈ ઉત્સર્જન કરતી નથી. તેથી ડિલિવરીના માર્ગો પર પ્રદૂષણ ઘટાડવામાં અને રોડ ફ્રેઈટની પર્યાવરણીય અસર ઓછી કરવામાં મદદ મળે છે. જોકે, કાર્બન ઉત્સર્જનમાં થતી એકંદર બચત ચાર્જિંગ માટે વપરાતી વીજળીના સ્ત્રોત પર આધારિત છે.

કન્ટેનર પરિવહન ક્ષેત્રમાં લોજિસ્ટિક્સ ઓપરેટરો અને શિપિંગ લાઈન્સ સાથે મળીને વૈકલ્પિક વાહન ટેક્નોલોજીનો ઉપયોગ કેવી રીતે કરી શકે છે, તેનું આ એક સારું ઉદાહરણ છે. ઈલેક્ટ્રિક ટ્રકોને નિયમિત પરિવહન કામગીરીમાં સામેલ કરવા અને ગ્રાહકોને સતત વિશ્વસનીય સેવા પૂરી પાડવા માટે ચાર્જિંગની સુવિધા, વાહનોની રેન્જ અને ડિલિવરીના સમયપત્રકનું યોગ્ય આયોજન જરૂરી છે.

તુંબથી શરૂ થયેલી આ પહેલ ગુજરાતના લોજિસ્ટિક્સ નેટવર્કમાં ઓછા ઉત્સર્જનવાળા માર્ગ પરિવહનને પ્રોત્સાહન આપવાની દિશામાં એક મહત્ત્વપૂર્ણ પગલું છે.

# આહારથી આરોગ્ય સુધી: શું છે આ વિટામિન k2mk7?



આપણા શરીર માટે વિટામિન એ એક સુરક્ષા કવચ છે. જે શરીરને ઊર્જા પ્રદાન કરે છે. તેમ જ બીમારીથી લડવાની તાકાત આપે છે એટલે કે ઈમ્યુનીટી પ્રદાન કરે છે. એટલે વિટાનો અર્થ છે જીવન. જે શરીર સુચારુ રૂપ ચલાવાનું કામ કરે છે. આપણાં હાડકાંની મજબૂતી, માનસિક સ્વાસ્થ્યને મજબૂતી અને સુદઢ બનાવવા કુલ તેર વિટામિનની જરૂર પડે છે. બધાં જ વિટામિન મહત્ત્વના છે. બધા જ વિટામિનની અલગ અલગ ભૂમિકા છે.

વિટામિન માટે અપ્રાકૃતિક સપ્લિમેન્ટ લાંબા સમય સુધી સાથ નથી આપતા, તે જ્યારે લેવાય તેટલો સમય સુધીનો જ સાથ આપે છે. લાંબા ગાળાના સ્વાસ્થ્ય માટે પ્રાકૃતિક રૂપે લેવા જરૂરી છે. સપ્લિમેન્ટની સાઈડ ઈફેક્ટ પણ ભોગવવી પડે છે. આજના આધુનિક સમયમાં લોકો સપ્લિમેન્ટ પર વધુ વિશ્રવાસ છે. તેના માઠા પરિમાણ જ્યારે સામે આવે ત્યારે થોડું મોડું થઇ જાય છે. ઘણાંય વિટામિન પ્રત્યે લોકો દુર્લક્ષ સેવે છે. જાણકારીના અભાવે આની ઊણપ જણાય છે. વિટામિનના અવશોષણ માટે તેની સાથેના જરૂરી ખાદ્ય-પદાર્થનો સમાવેશ પણ કરવો જોઈએ જેથી વિટામિનનું કામ શરીરમાં સુચારું રૂપ થાય.

વિટામિન k2mk7 આ વિટામિન તરફ લોકો દુર્લક્ષ સેવે છે. જેથી કિડની સ્ટોન આર્ટરીમાં બ્લોકેજ પેન્ક્રિયાઝમાં પથરી અન્ય બ્લોકેજની સમસ્યાથી પીડાય છે. પ્રકૃતિમાં વિટામિન ।ના મુખ્ય બે રૂપોમાં જોવા મળે છે. ફાઈલોકિવનોન એટલે ।૧ અને મેનાકિવનોન એટલે વિટામીન ।૨. આ વિટામિન એક વસા ઘુલનશીલ વિટામિન છે. જે પોતાના લિપોફિલિક સ્વભાવને કારણે રક્ત અવરોધને પાર કરવાની ક્ષમતા ધરાવે છે. જેના કારણે સ્ટોન કે બ્લોકેજ બનતા નથી. સ્વાસ્થ્યને લાંબો સમય સુધી ટકાવી રાખે છે. આ mk7 આયુ લાંબી રાખે છે. તે રક્તપ્રવાહમાં લગભગ બોત્તેર કલાક સક્રિય રહે છે. જેથી સ્વાસ્થ્ય લાંબા સમય સુધી ટકી રહે છે.

k2 mk7ની મુખ્ય ભૂમિકા એ છે કે તે કેલ્શિયમને હાડકાં સુધી પહોંચાડે છે. શરીરની અક્કડને ઓછી કરે અને જોઈન્ટની ગતિશીલતાને વધારવામાં મદદ કરે, આર્ટરીમાં બ્લોકેજ થવા દેતો નથી. કિડનીમાં કેલ્શિયમ થવા દેતો નથી, તેથી સ્ટોનની સમસ્યા પણ થતી નથી. કેલ્શિયમ પોતાની જગ્યા પર લઇ જાય છે. એટલે જેમ નાના બાળકને ખબર નથી મારે કંઇ જગ્યાએ જાવું કેલ્શિયમ તેની જગ્યા પર પહોંચાડવા દ્વા૭ની જરૂર પડે છે. તેમ જ ન જોઈતા કેલ્શિયમને યુરીન દ્વારા બહાર ફેંકવાનું કામ પણ કરે છે. એટલે કે કેલ્શિયમને કામ કરવા માટેની દિશા બતાવે છે.

દાંત, હાડકા, વાળ, નખને કેટલું કેલ્શિયમ પહોંચાડવું તે કામ પણ કરે છે. દ્વા૭ના હોય તો કેલ્શિયમ ગમે ત્યાં જઇ બેસી જાય અને બ્લોકેજ કે સ્ટોન બનાવે છે. એક સાથે કેલ્શિયમ બહાર ફેંકતો નથી ધીરે ધીરે કરે છે. જાણી લો કે કેલ્શિયમનું અવશોષણ વ્યવસ્થિત થાય તેની માટો રએ ખૂબ જરૂરી છે. હૃદયમાં બ્લોકેજ ન થાય તેની માટે પણ ખૂબ આવશ્યક છે.

એક વાત એ પણ જાણવા જેવી છે કે કેલ્શિયમનું અવશોષણ થવા માટે મેગ્નેશ્યમની જરૂર પડે, કેલ્શિયમ ઓગળવા માટે k2 mk7 એને એની સાચી જગ્યા પર લઇ જાય. મેગ્નેશ્યમની જરૂરિયાત પડે છે. ફકત શરીર કેલ્શિયમથી કામ નથી કરતો તેના અવશોષણ માટે મેગ્નેશ્યમ જરૂર પડે. સ્ટોન કે બ્લોકેજ કાઢવા માટે મેગ્નેશ્યમ અને ।૨ દ્વા૭ના સ્ત્રોતની જરૂર પડે છે.

ઘણાંયનું એવું કહેવું છે કે યુરિક એસિડથી સ્ટોન બને છે. યુરિક એસિડથી ચાર કે પાંચ એમ.એમ.ની (4 to 5 mm)ના સ્ટોન બને છે. અને કેલ્શિયમથી પાંચની ઉપરનો સ્ટોન બને છે. પાંચથી ઉપરનો સ્ટોન ખૂબ પીડાદાયક હોય છે. વિટામીન ।૨ ની માત્રા પુરુષો માટે ૧૨૦ સ્ઙ્ઘ અને સ્ત્રીઓ માટે ૯૦ સ્ઙ્ઘ પ્રતિદિન હોવી જોઇએ. જેથી હૃદય અને હાડકાંનું સ્વાસ્થ્ય જળવાઈ રહે. મેગ્નેશ્યમવાળો ખોરાક જેમ કે બધા જ પ્રકારના ડ્રાયફ્રૂટ, સીડ (બીજ) બાજરી, મેથી, રાગી, બ્રાઉન રાઈસ અને ઘણાંય અનાજમાંથી મળે છે.

વિટામીન ।૨ના સ્ત્રોત, કેલ ભાજી, પાલક, સલગમ બ્રુસેલ, સ્પ્રાઉટ, સરસોભાજી, કોબી, ફલાવર, પનીર છે. મુખ્ય સ્ત્રોત તરીકે આથાવાળી વાનગીઓથી પ્રાકૃતિક રીતે બનાવેલા અથાણાં, પાણીમાં મીઠું નાખીને તેમાં અમુક ફળો કે શાકભાજી નાખીને બનાવેલા અથાણાં, રાઈને વાટીને બનાવેલા અથાણા જેમાં આથો આવે છે. તેમાંથી ।૨ દ્વા૭ ભરપૂર મળી રહે છે. જાપાનમાં લોકો લાંબું સ્વસ્થ જીવન જીવે છે તેનું મોટું કારણ આથાવાળી વાનગીઓનો વપરાશ. આ બાબત તેઓ ખૂબ વધારે જ્ઞાન ધરાવે છે. તેઓ મોટી ઉંમર સુધી કામકાજ સ્વસ્થ રીતે કરે છે. માનસિક સ્વાસ્થ્ય પણ તેમનું મોટી ઉંમર સુધી સારું રહે છે. અમુક કલાકો સુધીના આથાવાળી વાનગી ગટ હેલ્થ મજબૂત રાખે છે.

# બીમારીને કારણે નથી ખવાતું ને નથી ખાતાં એ જ બીમારી છે?

## આપણા સમાજમાં એક વિચિત્ર માનસિકતા પ્રવર્તે છે. સામાન્ય રીતે કોઈ પાતળું હોય તો કહેશે, લ્કેમ તને ઘરમાં ખાવા નથી આપતાં?'

બીજી તરફ બધાને ફિલ્મનો હીરો હીરોઈન તો સ્લિમ એન્ડ ટ્રિમ જ જોઈએ!! પણ એક સ્થિતિ એવી છે, જેમાં ખાવું ન હોય, એ પોતે જ એક બીમારી હોય છે. ચાલો, તેના વિશે જાણીએ. આપણે જેના વિશે વાત કરી રહ્યાં છીએ તે છે એનોરેક્સિયા નર્વોસા (Anroexia nervosa). જોકે, તેને બીમારી કહેવાને બદલે વિકાર કહેવો વધુ યોગ્ય છે. એનોરેક્સિયા નર્વોસા એ ખાવા-પીવાને લગતી એક વિકૃતિ અને માનસિક સ્વાસ્થ્યની સ્થિતિ છે જે તમને તમારા ખોરાકના પ્રમાણને મર્યાદિત કરવા પ્રેરે છે. એનોરેક્સિયાથી પીડાતી વ્યક્તિઓ તેમના શરીરનું વજન શક્ય તેટલું ઓછું રાખવા માટે ખોરાકનું પ્રમાણ ઘટાડી દે છે.

તેમને સતત એ ભય હોય છે કે ક્યાંક મારૂં વજન વધી તો નહીં જાય ને? એનોરેક્સિયા (Anroexia)નો અર્થ ખાવાની ઈચ્છા ન થવી એવો થાય છે, પરંતુ આ સ્થિતિ તેના કરતાં ઘણી વધારે ગંભીર છે. તે માનસિક સ્વાસ્થ્યને લગતી એક સિરિયસ સમસ્યા છે, જે ખાવા-પીવા, વજન અને શરીરના દેખાવ (બોડી ઈમેજ) વિશેના નકારાત્મક વિચારો અને લાગણીઓમાંથી ઉદ્ભવે છે. વજન વધતું અટકાવવા અથવા વજન ઘટાડવાનું ચાલુ રાખવા માટે, - એનોરેક્સિયાના પ્રકાર વ્યક્તિ જ્યારે ખોરાક માર્યાદિત કરી નાખે, વજન સમતોલ રાખવા વધુ પડતી કસરત કર્યા કરે તેને પ્રતિબંધિત એનોરેક્સિયા (રિસ્ટ્રીકટેડ એનોરેક્સિયા) કહે છે. બીજો પ્રકાર છે, બિંજ-પર્જ એનોરેક્સિયા, જેમાં થોડા સમયમાં જેટલું ખાવું હોય તેટલું ખાઈ લેવું, જેને અંગ્રેજીમાં બિન્જઈટિંગ કહે છે અથવા વ્યક્તિ અંગ્રેજીમાં પરજીંગ એટલેકે શદ્ધીકરણ કરવાનો પ્રયત્ન કરે છે.

શુદ્ધીકરણનો અર્થ ઊલટી, રેચકનો ઉપયોગ જેથી વજન ન વધે. ત્રીજો એક પ્રકાર છે, જેમાં વ્યક્તિનું વજન સામાન્ય હોય છે, તેમ છતાં તે ઓછો ખોરાક લે છે. આવા સમયે એનોરેક્સિયા ઓળખવું મુશ્કેલ બને છે.

વૈજ્ઞાનિકોના અભ્યાસ મુજબ એનોરેક્સિયા ધરાવતા લોકોના મગજમાં થોડો તફાવત જોવા મળે છે. ઉદાહરણ તરીકે, સેરોટોનિન અને ડોપામાઈનનું સ્તર અલગ અલગ હોઈ શકે છે. આ ભૂખ, મૂડ અને આવેગ નિયંત્રણને અસર કરી શકે છે. જો પરિવારમાં એનોરેક્સિયાનો ઈતિહાસ હોય તો તેની અસર રૂપે પણ એનોરેક્સિયા હોઈ શકે. આનો અમુક હિસ્સો તમારા જનીનોમાં હોઈ શકે છે. તેનો અમુક હિસ્સો પરિવારના વર્તનને જોઈને શીખેલાં હોઈ શકે છે.

ઘણા લોકો મિત્રો, સંસ્કૃતિ, સોશ્યલ મીડિયા કે નોકરીના દબાણને કારણે પોતાના શરીર અને દેખાવ વિશે વધુ પડતા ચિંતિત કે સભાન બની જાય છે. કિશોરો ઘણીવાર આ દબાણ સૌથી વધુ અનુભવે છે. દેખાવ બાબતે તેઓ પોતાની જાત પ્રત્યે પ્રત્યે ખૂબ કઠોર બની શકે છે. શરીરના વજનને કારણે આત્મ-સન્માન ઓછું હોવું અથવા એવું માનવું કે તમારું મૂલ્ય તમારા શરીરના વજન પર આધારિત છે, તેનાથી ઈટિંગ ડિસઓર્ડર વિકસી શકે છે. આમાં સામાજિક આઘાત, શોષણ અને ધાકધમકી (બુલિંગ) જેવાં પરિબળો પણ કારણભૂત બની શકે છે.

કુપોષણ આપણા શરીરના લગભગ દરેક અંગ અને પેશીને અસર કરી શકે છે. એનોરેક્સિયામાંથી સાજા થયા પછી પણ અંગોને થયેલું ગંભીર નુકસાન કદાચ કાયમી હોઈ શકે છે. એનોરેક્સિયા આપણા માનસિક સ્વાસ્થ્ય માટે પણ વિનાશક સાબિત થઈ શકે છે. સારવાર શરૂ થયા પછી પણ આ અસરોમાંથી બહાર આવવામાં સમય લાગી શકે છે. એનોરેક્સિયાની સારવાર ન કરાય તો ઘણા નુકસાન થઈ શકે છે. હાડકાના જથ્થાનું અને દાંતના ઈનેમલનું નુકસાન, કિડની અને લીવરને નુકસાન, હૃદય નિષ્ફળતા, બાળકોમાં વિકાસમાં વિલંબ, પુખ્ત વયના લોકોમાં વંધ્યત્વ, જાતને નુકસાન પહોંચાડવું અને આત્મહત્યાના વિચારો વગેરે સમસ્યાઓ જોવા મળી શકે છે.

**એનોરેક્સિયા નર્વોસાનાં લક્ષણો**

કેલરી ગણતરી અથવા આહાર પર વધુ પડતું ધ્યાન, શારીરિક દેખાવ બાબતે વધારે પડતી સભાનતા અને ચિંતા, લાંબા સમય સુધી એક સાથે કસરત કરવી (ખાસ કરીને ખાધા પછી), જાડા હોવાની ફરિયાદ કરવી, ભૂખ દબાવતી દવાઓ, રેચક અથવા મૂત્રવર્ધક દવાઓનો વધુ પડતો ઉપયોગ, વારંવાર વજન જોયા કરવું, સમાજથી દૂર રહેવું અથવા શોખમાં રસ ગુમાવવો જેવાં ભાવનાત્મક લક્ષણો જોવા મળી શકે.

શારીરિક લક્ષણોમાં વજનમાં નોંધપાત્ર ઘટાડો અથવા વજન ન વધવું (બાળકો કે કિશોરોમાં), અત્યંત પાતળો કે નબળો દેખાવ, હંમેશાં ઠંડી લાગવી, થાક કે ઊર્જાનો અભાવ, અનિયમિત માસિક કે માસિક ન આવવું, માનસિક મૂંઝવણ કે સ્પષ્ટ રીતે વિચારી ન શકવું, ચક્કર આવવાં, શરીરમાં પાણીની અછત (ડિહાઈડ્રેશન), હૃદયના ધબકારા ધીમા પડવા, વાળ પાતળા થવા, વાળ ઝડપથી ખરવા વગેરે.

**એનોરેક્સિયાની સારવાર**

આની સારવાર તે વ્યક્તિની વિશિષ્ટ જરૂરિયાતો મુજબ કરવામાં આવે છે. એનોરેક્સિયાથી પીડાતી વ્યક્તિની સારવારમાં સૌથી મોટો પડકાર એ છે કે તેમને એ વાત સમજવામાં અને સ્વીકારવામાં મદદ કરવી કે તેઓ એક ગંભીર બીમારીથી પીડાઈ રહ્યા છે.

આપણે સહુએ એ યાદ રાખવું જરૂરી છે કે ન ખાવું, અથવા ઓછું ખાવું એ વજન સમતોલ કરવાનો સાચો રસ્તો નથી. નિષ્ણાતો પાસેથી ખોરાકમાં ફેરફાર કરવો અને યોગ અથવા અન્ય કસરતો કરીને, રોજિંદા જીવનમાં શારીરિક પ્રવૃત્તિઓ વધારીને વધારાની કેલરી કે ચરબીને બાળવી એ બહેતર અને બેસ્ટ વિકલ્પ છે.

## તંત્રી લેખ...-

ગુરૂવાર, તા. ૧૫ ઓક્ટોબર ૨૦૨૬

# આ સુપ્રીમ કોર્ટ છે, સંસદ ભવન નહીં

કોકરોચ પાર્ટીના સ્થાપક નેતા અભિજિત દીપકે અને એમના સાથીદારો કહે છે કે, હવે સમગ્ર દેશમાં ઠેર ઠેર જંતરમંતર ભજવાશે અને જ્ઞાનેશકુમારનું રાજીનામું આવે નહીં ત્યાં સુધી લડાઈ ચાલુ રહેશે. બીજી બાજુ રાહુલ ગાંધી પણ કહે છે કે, એમની લડાઈ ચાલુ રહેશે. આમ છતાં આ બંને 'સેનાપતિઓ' વચ્ચે કોઈ સમજૂતીની જાહેરાત નથી. હકીકતમાં એક લક્ષ્ય માટે બે પ્રતિસ્પર્ધી - હરીફ હોય એવી છાપ પડે છે. રાહુલ ગાંધી તથા ઈન્ડિ મોરચાના દસ નેતાની એસઆઈઆરને પડકારતી અરજીમાં સુપ્રીમ કોર્ટ રજિસ્ટ્રીએ દસ્તાવેજો ન હોવા, વકાલતનામાનો અભાવ તથા અયોગ્ય ઓળખપત્રો જેવી ૧૪ ક્ષતિ તરફ ધ્યાન ખેંચ્યું છે. નવેસરથી અરજી કરવાની રહેશે. રાહુલ ગાંધીએ બે મહત્ત્વની વાત કરી છે. એમના કાર્યક્રમ - યુદ્ધની વ્યૂહ, રણનીતિનું કોઈ આયોજન હોતું નથી. 'આશ્ચર્ય' એમનું શસ્ત્ર છે. વડાપ્રધાનના નિવાસસ્થાન બહાર રસ્તા ઉપર સૂઈ ગયા હતા અને આકાશવાણી ભવનની દીવાલ - પાળી ઉપર ચડી બેઠા હોય - અન્ય નેતાઓ અને કાર્યકરોને પણ ખબર - અંદાજ હોતો નથી! રાહુલ ગાંધી આ વ્યૂહને પોતાની સફળતા કહે છે! અને પોતાને શિવજી સાથે સરખાવે છે કહે છે આંદોલન નહીં, આ તો શિવનું તાંડવ નૃત્ય છે! કોઈ પણ રાજકીય પક્ષ - ભાજપ સહિતના સભ્યો શિવજીની બારાતમાં જોડાઈ શકે છે! હવે શિવ-તાંડવમાં જાનૈયા જોડાયા હતા કે નહીં તેનું જ્ઞાન તો રાહુલને નથી, પણ તાંડવનો ઉલ્લેખ કરે છે ત્યારે ભસ્માસુરની વાત પણ જાણતા જ હશે. શિવજીએ રાહુલજીને 'ભસ્માસુર' જેવું વરદાન આપ્યું હશે - જ્યાં 'હાથ' બતાવે ત્યાં બધું ભસ્મીભૂત થઈ જાય? રાહુલ ગાંધી એમ પણ કહે છે કે મુખ્ય ચૂંટણી કમિશનરને રાત્રે ઊંઘ પણ આવતી નથી, પણ ડોન્ટ વરી જ્ઞાનેશકુમાર અમારી પાસે આવી જાય - તાજના સાક્ષી બને, તો એમને કોઈ સજા નહીં થાય! કારણ કે અમારા નિશાન ઉપર તો એમની પાછળ બેઠેલા મોટાં માથાં છે! બે દિવસ અગાઉ રાહુલે એવો દાવો કર્યો હતો કે, રાષ્ટ્રપતિએ અમારી ફરિયાદ સ્વીકારી છે કે વોટ ચોરી થાય છે અને હજુ રાષ્ટ્રપતિ ભવન તરફથી કોઈ ખુલાસો રદિયો આવ્યો નથી એટલે રાહુલ ગાંધી કહે છે : રાષ્ટ્રપતિજી પણ માને છે કે ,વોટ ચોરી થઈ છે! એ સમજવું રહ્યું કે, રાહુલ ગાંધી રાષ્ટ્રપતિ મર્યાદા જાળવે છે. ચીફ જસ્ટિસ સૂર્યકાંતે રાહુલ ગાંધીને સલાહ આપી છે કે, સર્વોચ્ચ અદાલતમાં પોલિટિક્સ લાવવાની જરૂર નથી. તમારી રાજકીય લડાઈ અદાલતમાં ચાલે નહીં. રાહુલ ગાંધીએ રાષ્ટ્રપતિના ઉંબરે ઊભા રહીને વોટ ચોરીની ફરિયાદ તો કરી, પણ ચીફ જસ્ટિસને મળી શક્યા નહીં. કારણ કે ફરિયાદ કરવી હોય, તો અદાલત સમક્ષ ઊભા રહેવું જોઈએ. રાષ્ટ્રપતિ ભવન અને સંસદ ભવન વચ્ચે ફરક છે. દરવાજે ઊભા રહીને દેકારા - પડકારા કરવાથી અને સંખ્યાબળ બતાવી શક્તિ પ્રદર્શન કરવાનો અર્થ નથી. સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશોને આ રીતે પ્રભાવિત કરવા - કરાવવાના પ્રયાસની અવળી - ઊંધી અસર પડે. સર્વોચ્ચ અદાલતના દરવાજે રાહુલ ગાંધી સેના ઊભી હતી, ત્યારે કેરળ કોંગ્રેસે ચીફ જસ્ટિસને 'ધમકી' આપી કે કાયદા - વ્યવસ્થા જાળવવાનું કામ તમારું ન હોય તો રાજીનામું આપીને ચાલતા થાવ. અમે બીજાને બેસાડીશું. કેરળ કોંગ્રેસના નેતાઓ જાણતા નથી કે સંવિધાનમાં કામ - જવાબદારીની સ્પષ્ટ વહેંચણી છે! પણ ન્યાયમૂર્તિનું અપમાન અવમૂલ્યન થાય તેની નવાઈ નથી. ઈન્દિરા ગાંધીને ઈમર્જન્સીમાં સુપ્રીમ કોર્ટના સિનિયર ન્યાયમૂર્તિઓને બાજુએ રાખીને 'વફાદાર' ગણાતા જસ્ટિસ રાયને 'ચીફ' બનાવ્યા હતા, હવે કેરળ વિધાનસભામાં કોંગ્રેસે ઠરાવ પસાર કરીને મુખ્ય ચૂંટણી કમિશનરને બરતરફ કરવાની માગણી કરી છે! પણ કોંગ્રેસી મુખ્ય પ્રધાનને એટલી પણ ખબર નથી કે સંવિધાનમાં ચૂંટણી કમિશનરને સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ જેટલી સત્તા આપવામાં આવી છે. સંસદમાં મહાભિયોગનો ઠરાવ પસાર કરવો પડે, જે શક્ય નથી એટલે શેરીઓમાં શક્તિ પ્રદર્શન થાય છે!

# તહેવારો પર વેપારીઓને યુપીઆઈ વેરા રાહત

વિશ્વભરમાં આવકાર્ય રહેલી ભારતની ક્રાંતિકારી ઓનલાઈન ચુકવણા વ્યવસ્થા યુપીઆઈની માથે ઘેરાયેલા નજીવા વપરાશ દરનો ઓછાયો હાલ તુરંત તહેવારોની મોસમ સુધી ટળી ગયો છે. યુપીઆઈ મારફતે ખરીદીના ઓનલાઈન ચુકવણા પર સરકારે ૦.૪ ટકાનો મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ (એમડીઆર) વસૂલવાનો નિર્ણય જાહેર કર્યો, ત્યારથી વેપારી વર્ગે તેનો ભારે વિરોધ કર્યો હતો. આમ તો ૧૫મી ઓક્ટોબરથી એમડીઆરને અમલી બનાવવાનો હતો, પણ હવે તહેવારોની મોસમ જોતાં સરકારે આ અમલને હવે દિવાળી સુધી મુલત્વી રાખવાનો નિર્ણય લીધો છે. સ્વભાવિક રીતે વેપારીઓને તેમની માટે ભારે મહત્ત્વની તહેવારોની મોસમમાં આ નિર્ણયથી રાહત મળશે. ભારત જેવા વિશાળ દેશમાં લારી ગલ્લા ધરાવતા નાના વેપારીઓથી માંડીને મોટા સ્ટોરના માલિકો તમામને એક તાંતણે બાંધતી સરળ અને સલામત ચુકવણા વ્યવસ્થા યુપીઆઈનો વ્યાપ ઐતિહાસિક સ્વીકૃતિ પામ્યો છે. ભારતમાં ડિજિટલ લેવડદેવડમાં ચાવીરૂપ યુપીઆઈના વહેવારમાં એમડીઆર વસૂલવાના નિર્ણયનો સ્વાભાવિક રીતે ભારે વિરોધ થઈ રહ્યો છે. રૂા. ૨૦૦૦ કે તેનાથી વધુના વહેવારમાં ૦.૪ ટકા એમડીઆર પ્રથમ નજરે નજીવો જણાય છે, પણ સ્વભાવિક રીતે તેનાથી વેપારીઓના ખર્ચમાં વધારો થાય તે નક્કી છે. આમ તો આ દર ગ્રાહકોનાં માથે આવતો નથી, પણ નિયત શરતોએ વેપારીઓ પાસેથી વસૂલવાની દરખાસ્ત છે, પરંતુ ભારતીય પ્રકૃતિને જોતાં એમડીઆરનો બોજો તો આખરે ગ્રાહકો પર આડતરી રીતે આવી જાય એવી આશંકા છે. દિવાળીના તહેવારો સુધી એમડીઆરાના અમલને ટાળવાનો નિર્ણય આ મામલાનો કોઈ કાયમી ઉકેલ ગણી શકાય તેમ નથી.જો તહેવારો બાદ આ દરની વસૂલાત થાવાનું નક્કી હોય, તો સરકાર અને વેપારી સંસ્થાઓએ તેના ઔચિત્ય, વાસ્તવિક બોજા અને નાના વોપારીઓ પરની અસર અંગે સાથે બેસીને મંથન કરવાની આવશ્યકતા જણાઈ રહી છે. તાજેતરમાં રાજધાની દિલ્હીમાં ચાલતાં વિવિધ આંદોલનો અને તેની સામેનાં પોલીસ પગલાંને લીધે તહેવારોની મોસમમાં વેપારીઓ માટે ભારે ચિંતા ઊભી થયાની અરજી દિલ્હીની વડી અદાલત સમક્ષ થઈ છે. ખેરખર તો તહેવારોની મોસમમાં આવા આંદોલનોને લીધે સામાન્ય નાગરિકોથી માંડીને વેપારીઓને વેઠવી પડતી હાલાકી અંગે હવે અદાલતે લાલ આંખ કરવાની ખાસ જરૂરત વર્તાઈ રહી છે. તહેવારોની મોસમની નાના વેપારીઓથી માંડીને ગ્રાહકો ભારે આતુરતા સાથે રાહ જોતા હોય છે. આવામાં યુપીઆઈની રાહત ખરા અર્થમાં તહેવારોને સુધરવામાં મદદરૂપ થશે, પણ આ રાહતને કઈ રીતે કાયમી સ્વરૂપ આપવું તેના પર સરકારે હવે મંથન કરવાની ખાસ જરૂરત છે. આશા રાખી શકાય કે તહેવારોમાં હવે ગ્રાહકો મન મૂકીને ખરીદી કરશે.

### દુષ્યંત ગૌતમ અને અકોઈજામ

# અનૈતિકમાં ભાજપ-કોંગ્રેસ બંને સરખાં

## દુષ્યંત ગૌતમે પણ ફોન કરેલો એવો આક્ષેપ છે ને તેના કારણે કોંગ્રેસ કૂદી રહી છે

ભારતના રાજકારણમાં નૈતિકતા કઈ હદે મરી પરવારી છે એ છાસવારે જોવા મળે છે. આપણા રાજકીય પક્ષો સિદ્ધાંતો અને નીતિમત્તાનાં ઉચ્ચ મૂલ્યો જાળવવામાં તો સદંતર નિષ્ફળ ગયા જ છે પણ વગોવાયેલા અને ખરડાયેલા નેતાઓનો બચાવ કરવા માટે પણ કૂદી પડે છે એ જોઈને ખરેખર આઘાત લાગે છે. ભાજપ અને કૉંગ્રેસ વચ્ચે હમણાં દુષ્યંત ગૌતમ અને એ. બિમોલ અકોઈજામના મુદ્દે જામેલો જંગ તેનો પુરાવો છે.

ભાજપના દુષ્યંત ગૌતમ અને કૉંગ્રેસના એ. બિમોલ અકોઈજામ બંને યુવાન છોકરીઓની જાતિય સતામણીના ગંભીર આક્ષેપોમાં સંડોવાયેલા છે પણ ભાજપ કે કૉંગ્રેસ બંનેમાંથી કોઈને તેની શરમ નથી ઊલટાનું બંને પોતપોતાના નેતાઓનો બચાવ કરી રહ્યા છે અને સામેના પક્ષમાં પણ લંપટ અને હવસખોર હોવાના દાવા કરીને પોતાના નેતાઓનાં કૃત્યોને યોગ્ય ઠેરવી રહ્યા છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ હમણાં કેટલાંક રાજ્યોમાં રાજ્યપાલોની નિમણૂક કરી તેમાં ભાજપના ભૂતપૂર્વ રાષ્ટ્રીય મહાસચિવ અને અનુસૂચિત જાતિ મોરચાના ભૂતપૂર્વ પ્રમુખ દુષ્યંત ગૌતમને સિક્કીમના રાજ્યપાલ નિમ્યા છે. કૉંગ્રેસે ગૌતમની નિમણૂક સામે વાંધો ઉઠાવીને ઉત્તરાખંડમાં દેખાવો શરૂ કર્યા છે કેમ કે ઉત્તરાખંડમાં રિસોર્ટમાં રિસેપ્શનિસ્ટ તરીકે કામ કરતી ૧૯ વર્ષની અંકિતા ભંડારીની હત્યાના કેસમાં દુષ્યંત ગૌતમ સામે અંકિતાના પરિવારે આક્ષેપો કર્યા હતા. અંકિતા ભાજપના મંત્રી વિનોદ આર્યના પુત્ર પુલકિત આર્યના રિસોર્ટમાં કામ કરતી હતી.

પુલકિતે અંકિતાને કેટલાક વીઆઈપીઓની હવસ સંતોષવાની ખાસ સેવા બજાવવા અંકિતાને કહેલું પણ અંકિતા તૈયાર ના થતાં રહસ્યમય રીતે ગુમ થઈ ગયેલી. સપ્ટેમ્બર ૨૦૨૨માં એક નહેરમાંથી અંકિતાની લાશ મળી આવેલી.આ કેસમાં કોર્ટે પુલકિત આર્ય અને તેના બે સાથીદારો સૌરભ ભાસ્કર અને અંકિત ગુપ્તાને હત્યા, પુરાવાનો નાશ અને અનૈતિક ટ્રાફિકિંગ નિવારણ અધિનિયમ હેઠળ દોષિત ઠેરવીને આજીવન કેદની સજા ફટકારી છે પણ કૉંગ્રેસનું કહેવું છે કે, ઉત્તરાખંડની પોલીસે આ ત્રણને સજા કરાવીને ભાજપનાં બીજાં મોટાં માથાંને બચાવી લીધાં છે. આ મોટાં માથાંમાં એક દુષ્યંત ગૌતમ પણ છે. દુષ્યંત ગૌતમ સામે અંકિતાનાં માતા-પિતાએ ગંભીર આક્ષેપો કરેલા પણ ઉત્તરાખંડની ભાજપ સરકારે દુષ્યંત ગૌતમ સહિતના કોઈ વીઆઈપીને કશું ના કર્યું.

દુષ્યંત ગૌતમ સામેના આક્ષેપો ગંભીર છે ને સાવ મોં-માથા વિનાના નથી પણ ભાજપે આ આક્ષેપોનો જવાબ આપવાના બદલે કૉંગ્રેસના સાંસદ એ. બિમોલ અકોઈજામનો મુદ્દો ઉઠાવ્યો છે. અકોઈજામ મણિપુરના સાંસદ છે અને પહેલાં જવાહરલાલ નેહરુ યુનિવર્સિટી (જેએનયુ)માં ભણાવતા હતા. ૨૦૨૬ના મેમાં કેટલીક વિદ્યાર્થિનીઓએ અકોઈજામ પોતાની જાતીય સતામણી કરતા હોવાની ફરિયાદ કરેલી. જેએનયુએ 'પ્રિવેન્શન ઓફ સેક્સ્યુઅલ હેરેસમેન્ટ' (પીઓએસએચ) માળખા હેઠળ તપાસ કરીને તેમાં અકોઈજામે ૧૧ વિદ્યાર્થિનીઓની જાતિય સતામણી કરી હોવાનું સાબિત થતાં અકોઈજામને તગેડી મુકાયા છે.

ભાજપનું કહેવું છે કે, અંકિતા હત્યા કેસમાં દુષ્યંત ગૌતમ સામે આક્ષેપો કરી રહેલી કૉંગ્રેસ અકોઈજામના મુદ્દે કેમ સાવ ચૂપ છે? અકોઈજામ સામેના આક્ષેપો તો પુરવાર થયેલા છે અને તેના આધારે તેમને જેએનયુમાંથી તગેડી મુકાયા છે પણ કૉંગ્રેસે કોઈ કાર્યવાહી કરી નથી. અકોઈજામની હકાલપટ્ટી પછી ખરેખર તો તેમને કૉંગ્રેસમાંથી લાત મારીને કાઢી મૂકવા જોઈતા હતા પણ કૉંગ્રેસ સાવ ચૂપ છે.

ભાજપ અને કૉંગ્રેસ બંને રાજકીય આક્ષેપબાજી કરીને પોતાના નેતાઓને છાવરે છે એ અધમતાની ચરમસીમા કહેવાય કેમ કે બંનેમાંથી કોઈ બચાવને લાયક નથી. ગૌતમ સામેના આક્ષેપોને લગતી સપ્ટેમ્બર ૨૦૨૨ની છે. એ વખતે ઋષિકેશના વનંતરા રિસોર્ટમાં ૧૯ વર્ષની રિસેપ્શનિસ્ટ અંકિતા ભંડારીની હત્યા થઈ ગઈ હતી. અંકિતાને નદીમાં ધક્કો મારીને પતાવી દેવાયેલી.

અંકિતા ગુમ થઈ પછી થયેલી તપાસમાં રિસોર્ટના માલિક પુલકિત આર્યએ અંકિતા પર ત્યાં આવતા વીઆઈપી મહેમાનોને "સ્પેશ્યલ સર્વિસ'' આપવા માટે દબાણ કર્યું હતું એવું બહાર આવેલું. સ્પષ્ટ શબ્દોમાં કહીએ તો પુલકિત ૧૯ વર્ષની છોકરી પાસે વેશ્યાવૃત્તિ કરાવવા માગતો હતો પણ અંકિતાએ આ અનૈતિક કામ કરવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો હતો. તેના કારણે ઝઘડો થયો પછી પુલકિત અને તેના સાથીઓએ અંકિતાને ચીલા નહેરમાં ધક્કો મારીને મોતને ઘાટ ઉતારી દીધી હતી.

પુલકિત ભાજપના નેતા વિનોદ આર્યનો પુત્ર હતો તેથી પોલીસે તેમને છાવરવાનો પ્રયાસ કરેલો. આરોપીઓએ પહેલાં તો અંકિતાએ આત્મહત્યા કરી હતી એનો દાવો કરેલો અને પોલીસની મિલિભગતમાં આરોપીઓએ રિસોર્ટના સીસીટીવી ફૂટેજ, ડીવીઆર સાથે ચેડાં કરીને પુરાવાનો નાશ કરવા કોશિશ કરેલી. એ જ રીતે રિસોર્ટના અમુક ભાગ પર બુલડોઝર ફેરવીને પુરાવા નાશ કરવાનો પ્રયાસ કર્યો હતો પણ વોટ્સએપ ચેટ્સ અને ફોરેન્સિક પુરાવાના કારણે પુલકિત આર્ય તથા તેના સાથીઓ બચી ના શક્યા.

અલબત્ત પુલકિત ક્યા વીઆઈપીઓને ખાસ ટ્રીટમેન્ટ આપવા માગતો હતો એ મામલે પોલીસ ચૂપ રહી. આ કેસમાં પુલકિત આર્ય સહિત ત્રણને આજીવન કેદની સજા થઈ પણ વીઆઈપીઓનાં નામ કદી બહાર ના આવ્યાં. અંકિતાના પિતાએ આક્ષેપ કરેલો કે, અંકિતાની હત્યાના દિવસે પુલકિત આર્યને ઘણા વીઆઈપીએ ફોન કર્યા હતા પણ પુલકિતના આ બંને દિવસના ફોનની કોલ ડિટેલ્સની તપાસ જ કરવામાં આવી નથી.

દુષ્યંત ગૌતમે પણ ફોન કરેલો એવો આક્ષેપ છે ને તેના કારણે કૉંગ્રેસ કૂદી રહી છે. ઉત્તરાખંડમાં ભાજપની સરકાર છે તેથી ભાજપે સામેથી દુષ્યંત ગૌતમ સહિતના વીઆઈપીઓને આ કેસ સાથે કંઈ લેવાદેવા નથી એ સાબિત કરવું જોઈએ. તેના બદલે ભાજપ ગૌતમનો બચાવ કરી રહ્યો છે.

કૉંગ્રેસ પણ ગૌતમના મુદ્દે કૂદાકૂદ કરી રહી છે પણ અંગોમચા બિમોલ અકોઈજામના મુદ્દે સાવ ચૂપ છે. મે ૨૦૨૬માં, જેએનયુ આંતરિક ફરિયાદ સમિતિ (આઈસીસી) સામે અકોઈજામ વિરુદ્ધ ૧૧ વિદ્યાર્થીઓ દ્વારા જાતીય સતામણીની ફરિયાદ કરાઈ હતી. અકોઈજામે વિવિધ કાર્યક્રમો દરમિયાન અયોગ્ય ટિપ્પણીઓ અને કથિત રીતે અયોગ્ય ચેષ્ટાઓ કરી હોવાનો આક્ષેપ કરાયો હતો. અકોઈજામે આ આક્ષેપોને નકારીને દાવો કર્યો હતો કે આ મુદ્દે મીડિયા ટ્રાયલ ચાલી રહ્યો છે અને પોતે કશું અનૈતિક કર્યું નથી. જો કે, યુનિવર્સિટીની આંતરિક સમિતિ (આઇસી)એ અકોઈજામને કઠોર સજાની ભલામણ કરી પછી ૯ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ તેમને જવાહરલાલ નેહરુ યુનિવર્સિટીમાંથી તાત્કાલિક અસરથી બરતરફ કરવામાં આવ્યા છે. કૉંગ્રેસ આ મુદ્દે સાવ ચૂપ છે એ શરમજનક કહેવાય. અકોઈજામને કૉંગ્રેસે ને દુષ્યંત ગૌતમને ભાજપે ખરેખર લાત મારીને તગેડી મૂકવા જોઈએ. તેના બદલે ભાજપ બંનેને છાવરીને પોતાનામાં કોઈ પ્રકારની નૈતિકતા નથી બચી એ સાબિત કરી રહ્યા છે. ભાજપે ગૌતમ સામે થયેલા આક્ષેપોની કદી તપાસ જ ના કરી ને કૉંગ્રેસે જેએનયુનાં પગલાં છતાં અકોઈજામને કશું ના કર્યું એ જોતાં બંને સરખા અનૈતિક છે.

### મંડપમાં વપરાતું વાંસનું વણાટ અથવા મૂર્તિની માટીનું કોતરકામ પેઢીઓથી ચાલતી પરંપરાગત તકનીકો પર આધારિત હોઈ શકે છે

# મંડપ- મૂર્તિ- રંગ ને હસ્તકલાની ચમક...

• કોલકાતાની દુર્ગા પૂજા આનું એક ભવ્ય ઉદાહરણ છે. અહીં દેવીની મૂર્તિ ફક્ત પૂજાનું કેન્દ્ર નથી પરંતુ શિલ્પકારો, ચિત્રકારો, કારીગરો, લાઇટિંગ કલાકારો, કાપડ ડિઝાઇનરો અને સજાવટકારોની સામૂહિક સર્જનાત્મકતાનું પરિણામ છે.

ભારતમાં, તહેવારો ફક્ત કેલેન્ડરની તારીખો નથી; તે રંગો, આકારો, સંગીત, હસ્તકલા, સ્થાપત્ય અને લોક યાદોની જીવંત દુનિયા પણ છે.

સમગ્ર સમુદાય સ્વયંભૂ કલાકારોમાં પરિવર્તિત થાય છે. ખાસ કરીને નવરાત્રી અને દુર્ગા પૂજા દરમિયાન, દેશના ઘણા ભાગો વિશાળ, ખુલ્લી હવામાં આર્ટ ગૅલેરીઓમાં પરિવર્તિત થાય છે. ફરક માત્ર એટલો છે કે કલાકૃતિઓ ફક્ત દીવાલો પર લટકતી નથી, પરંતુ શેરીઓ, મંડપો, ઘરો અને બજારોમાં શ્વાસ લે છે.

કોલકાતાની દુર્ગા પૂજા આનું એક ભવ્ય ઉદાહરણ છે. અહીં દેવીની મૂર્તિ ફક્ત પૂજાનું કેન્દ્ર નથી પરંતુ શિલ્પકારો, ચિત્રકારો, કારીગરો, લાઇટિંગ કલાકારો, કાપડ ડિઝાઇનરો અને સજાવટકારોની સામૂહિક સર્જનાત્મકતાનું પરિણામ છે.

કુમ્હારટોલી જેવાં પરંપરાગત હસ્તકલા ક્ષેત્રોમાં મૂર્તિઓ મહિનાઓ અગાઉથી આકાર લેવાનું શરૂ કરે છે. કલાકારની કલ્પના દરેક પગલામાં સ્પષ્ટ થાય છે, માટીના ઘાટ તૈયાર કરવાથી લઈને ચહેરાના હાવભાવ, આંખની કલા અને અંતિમ રંગ ઍપ્લિકેશન સુધી.પરંતુ દુર્ગા પૂજાની કલા ફક્ત મૂર્તિ સુધી મર્યાદિત નથી; મંડપો પોતાનામાં કામચલાઉ સ્થાપત્ય સ્વરૂપ બની ગયા છે.ક્યારેક ઐતિહાસિક ઈમારતની પ્રતિકૃતિ પ્રદર્શિત કરવામાં આવે છે, ક્યારેક લોક કલા સ્વરૂપ, ક્યારેક પર્યાવરણ, ક્યારેક સામાજિક જીવન અથવા સમકાલીન થીમને કલાત્મક સ્વરૂપ આપવામાં આવે છે. વાંસ, કાપડ, માટી, લાકડું, કાગળ અને રિસાઇકલ કરેલી સામગ્રીમાંથી બનેલી રચનાઓ થોડા દિવસો માટે શહેરની સાંસ્કૃતિક ભૂગોળને બદલી નાખે છે. આ ભારતીય તહેવારોની સુંદરતા છે. અહીં કલા કાયમી રહેવા માટે બનાવવામાં આવી નથી, પરંતુ એક અનુભવ બનવા માટે બનાવવામાં આવી છે.જો આપણે ગુજરાતની નવરાત્રિ પર નજર કરીએ તો અહીં કલાનું માધ્યમ પંડાલ નથી, પરંતુ રંગબેરંગી કપડાં અને શરીરની લવચીકતા છે. ગરબા વર્તુળમાં ફરતા લોકોના રંગબેરંગી પોશાક, ભરતકામ, અરીસાનું કામ, ઘરેણાં અને રંગ સંયોજનો બધું ભેગા થઈને ગતિશીલ કેનવાસ બનાવે છે. આ પ્રસંગે ચણિયા-ચોળી અને પરંપરાગત પુરુષોનાં વસ્ત્રો કલાત્મક રચનાઓ તરીકે દેખાય છે.આ કાર્યક્રમોમાં સામેલ વિવિધ કારીગરી ફક્ત ફૅશન સ્ટેટમેન્ટ નથી, પરંતુ પ્રાદેશિક હસ્તકલાની જીવંત પરંપરા છે. રાજસ્થાનમાં, નવરાત્રી અને તેની સાથે સંકળાયેલા લોક ઉત્સવો રંગો, લોક ચિત્રો, કઠપૂતળીઓ, કાપડ અને સુશોભન હસ્તકલા દ્વારા ચિહ્નિત થયેલ છે. તેવી જ રીતે ઉત્તર ભારતમાં, રામલીલાનું સ્ટેજ વિવિધ માસ્ક અને પોશાક દ્વારા તેમના કલાત્મક ગુણોને વ્યક્ત કરે છે.રામલીલામાં દૃશ્ય સજાવટ પણ અદ્ભુત છે, જે કારીગરીનું એક અનોખું મિશ્રણ દર્શાવે છે. કેટલાક લાકડા પર, કેટલાક કાગળ અને કાપડ પર અને કેટલાક માટી અને કુદરતી રંગો પર કરવામાં આવે છે. આમ નવરાત્રી અને દશેરાનું સાંસ્કૃતિક વિશ્વ દર વર્ષે ભારતની વૈવિધ્યસભર લોક કલા માટે એક જાહેર પ્લેટફોર્મ પૂરું પાડે છે.આ કાર્યક્રમોનું એક મહત્ત્વપૂર્ણ પાસું જેને ઘણીવાર અવગણવામાં આવે છે તે એ છે કે આ તહેવારો હજારો લોક કલાકારો અને કારીગરો માટે મોસમી રોજગાર અને આવક માટે નોંધપાત્ર તક પૂરી પાડે છે.શિલ્પકારો, મંડપ બનાવનારા, ઈલેક્ટ્રિશિયન અને લાઇટિંગ ડિઝાઈનર્સ, ચિત્રકારો, દરજી, ફૂલ ગોઠવનારા, માળીઓ, હસ્તકલાકારો અને લોક કલાકારો - ઘણા વ્યવસાયો એક મુખ્ય સાંસ્કૃતિક કાર્યક્રમના નિર્માણમાં સામેલ હોય છે.

તેથી ઉત્સવોની કળાને ફક્ત સૌંદર્યલક્ષી દૃષ્ટિકોણથી જોવી અધૂરી રહેશે. તે સ્થાનિક અર્થતંત્ર અને પરંપરાગત કુશળતાને પણ ટેકો આપે છે.

મંડપમાં વપરાતું વાંસનું વણાટ અથવા મૂર્તિની માટીનું કોતરકામ પેઢીઓથી ચાલતી પરંપરાગત તકનીકો પર આધારિત હોઈ શકે છે, પરંતુ જ્યારે આ પરંપરા તેના સાર જાળવી રાખે છે ત્યારે તે સતત પરિવર્તનમાંથી પસાર થાય છે.તેથી આપણા પરંપરાગત તહેવારો પણ સમય જતાં નોંધપાત્ર રીતે બદલાય છે. પછી ભલે તે દુર્ગા પૂજા મંડપ હોય, મહારાષ્ટ્રમાં ગણપતિ મંડપ હોય કે પછી ગુજરાતમાં ગરબા દાંડિયા સ્થળો હોય, તે બધા આધુનિક ડિઝાઈન અને અનન્ય લાઈટિંગ રંગો સાથે પરંપરાગત હસ્તકલાનું પ્રદર્શન કરે છે. આ તહેવારની ભવ્યતાને વધુ ભવ્ય અને આકર્ષક બનાવે છે.

### ભાજપે છેલ્લી ચૂંટણીમાં ૪૧ બેઠકો જીતેલી એ જોતાં તેની ૩ બેઠકો ઘટી છે

# ગુજરાતમાં કૉંગ્રેસ-આપ ભાજપને પડકારી શકે તેમ જ નથી

## કૉંગ્રેસ લોકોના મનમાંથી આ માન્યતા દૂર કરી જ શકતાં નથી કેમ કે કૉંગ્રેસ હજુય સમયાંતરે મુસ્લિમોને પંપાળતી હોય એવી હરકતો કર્યા કરે છે.

ગુજરાતની રાજધાની ગાંધીનગર મહાનગરપાલિકા સહિતની ચૂંટણીઓનાં પરિણામ આવી ગયાં અને ધારણા પ્રમાણે જ ભાજપે કૉંગ્રેસ સહિતના વિપક્ષોનો સૂપડાં સાફ કરી નાખ્યાં છે. આ ચૂંટણીમાં સૌથી મહત્ત્વની ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી હતી. ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન ભાજપના કબજામાં જ હતી ને ભાજપે સત્તા જાળવી છે. ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનના ૧૧ વોર્ડની ૪૪ બેઠકોમાંથી ભાજપે લગભગ ૯૦ ટકા એટલે કે ૩૮ બેઠકો જીતી છે જ્યારે કૉંગ્રેસે આબરૂનો ફજેતો કરીને ગણીને પાંચ બેઠકો જીતી છે.

કૉંગ્રેસે વોર્ડ નંબર ૬ની ચારેય બેઠકો જીતી છે જ્યારે વોર્ડ નંબર ૭માં ભાજપની પેનલ તોડીને કૉંગ્રેસના ઉમેદવાર માત્ર ૧૪ મતે જીત્યા છે. વોર્ડ નંબર બેની એક બેઠક પર અપક્ષ ઉમેદવાર જીત્યા છે અને એ સિવાય બાકીના બધા વોર્ડમાં કૉંગ્રેસનો કચ્ચરઘાણ નિકળી ગયો છે. ગાંધીનગરમાં આમ આદમી પાર્ટી પણ મેદાનમાં હતી પણ પાર્ટીને એક પણ બેઠક નથી મળી તેથી અરવિંદ કેજરીવાલની પાર્ટીએ તો સાવ ધોળકું ધોળ્યું છે.

ભાજપે છેલ્લી ચૂંટણીમાં ૪૧ બેઠકો જીતેલી એ જોતાં તેની ૩ બેઠકો ઘટી છે પણ આ બહુ મોટો ફેરફાર ના કહેવાય. ભાજપે ઉમેદવારોની પસંદગીમાં થાપ ખાધી હોય કે કૉંગ્રેસે એક વોર્ડમાં સારા ઉમેદવાર મૂકી દીધા હોય તેના કારણે બે-ત્રણ બેઠકોનો ફરક પડી જાય એ સહજ છે. સ્થાનિક પ્રશ્નોના કારણે ચોક્કસ વોર્ડના મતદારોને ભાજપ સામે વાંધો હોય તેનો ફાયદો કૉંગ્રેસને મળ્યો હોય એ પણ શક્ય છે એ જોતાં

૩ બેઠકોનો ઘટાડો બહુ મોટી વાત નથી. ગાંધીનગરની સાથે થરા અને ઓખા એ બે નગરપાલિકાની પણ ચૂંટણી હતી. થરામાં કૉંગ્રેસ સારો દેખાવ કરે એવી અપેક્ષા હતી કેમ કે બનાસકાંઠામાં કૉંગ્રેસ એકંદરે મજબૂત છે પણ થરામાં પણ કૉંગ્રેસની ભૂંડી હાર થઈ છે. ૬ વોર્ડની ૨૪ બેઠકોમાંથી ભાજપે ૧૯ બેઠકો જીતી છે જ્યારે કૉંગ્રેસના ફાળે પાંચ બેઠકો આવી છે. ગુજરાતમાંથી કૉંગ્રેસનાં એક માત્ર સાંસદ ગેનીબેન ઠાકોર અને ગુલાબસિંહ રાજપૂત સહિતના મજબૂત ગણાતા નેતાઓના ગઢની આ નગરપાલિકામાં હાર કૉંગ્રેસ માટે આંચકાજનક છે. ઓખા નગરપાલિકાના ૯ વોર્ડની ૩૬ બેઠકોમાંથી ૩૩ બેઠકો જીતીને ભાજપે ઓખા નગરપાલિકા પર પણ કબજો જાળવ્યો છે. ઓખામાં તો કૉંગ્રેસની હાલત ગાંધીનગર અને થરા કરતાં પણ ખરાબ છે કેમ કે કૉંગ્રેસને ગણીને ૩ બેઠકો મળી છે. ગુજરાતમાં બીજી ઘણી પાલિકા બેઠકોની પેટાચૂંટણી પણ હતી ને બે અપવાદને બાદ કરતાં બધે ભાજપનો જયજયકાર થઈ ગયો છે. આ બંને બેઠકો સૌરાષ્ટ્રમાં છે. રાજકોટ જિલ્લા પંચાયતની થોરીયાળી ખોડાપીપર બેઠકની પેટા ચૂંટણીમાં કૉંગ્રેસના લક્ષ્મણભાઈ શિંગાળા જીત્યા છે. આ બેઠક કૉંગ્રેસ પાસે હતી ને ભાજપે બેઠક જીતવા પૂરી તાકાત લગાવી દીધેલી. ભાજપના અગ્રણીઓ દ્વારા આ બેઠક પર પ્રચાર કરવામાં આવેલો પણ કૉંગ્રેસના ઉમેદવારે ભાજપ સામે ઝીંક ઝીલીને જીત મેળવીને આ બેઠક પર કબજો જાળવી રાખ્યો છે. દ્વારકા જિલ્લા પંચાયતની ભડથર બેઠક પર પણ ભાજપે હાર ખમવી પડી છે. આ બેઠક પર આમ આદમી પાર્ટી (આપ)એ જીતી છે. આમ આદમી પાર્ટીના ઉમેદવાર વીરુ કંડોરીયાએ ૧૩૫૧ મતની સરસાઈથી જીત મેળવીને સારો દેખાવ કર્યો છે પણ તેના કારણે બીજે બધે આમ આદમી પાર્ટીની આબરૂનું જે ધોવાણ થયું એ સરભર થવાનું નથી. આ બેઠકોને બાદ કરતાં છોટા ઉદેપુર હોય, ખેરાલુ હોય, બાયડ હોય કે બીજી કોઈ બેઠક હોય, બધે ભાજપ જીત્યો છે અને વિપક્ષોનાં સૂપડાં સાફ કરીને જીત્યો છે.

ગુજરાતમાં આવતા વરસે નવેમ્બરમાં વિધાનસભાની ચૂંટણી છે. આ ચૂંટણીમાં ભાજપને હરાવવાનાં સપનાં કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી બંને જોઈ રહ્યાં છે પણ આ પરિણામો જોયા પછી લાગતું નથી કે, બંનેમાંથી કોઈ ભાજપને હરાવવાની વાત તો છોડો પણ ટક્કર આપવાની સ્થિતીમાં પણ છે. ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન કે બીજી બે નગરપાલિકા આખું ગુજરાત નથી પણ ગુજરાતનો બહુ નાનો વિસ્તાર છે તેથી તેના આધારે વિધાનસભાની ચૂંટણીમાં શું થશે તેની અટકળ ન લગાવી શકાય પણ કૉંગ્રેસ અને આમ આદમી પાર્ટીની હાલતને આધારે ચોક્કસ એવી ધારણા બાંધી શકાય કે, આ બંને પાર્ટી ભાજપના આયોજન સામે સાવ ફિક્કી છે.

ભાજપ દાવો કરે છે એમ ગુજરાતમાં ભાજપ વિકાસના મુદ્દે નથી જીતતી. ગુજરાતમાં ભાજપની જીતનું મુખ્ય કારણ નરેન્દ્ર મોદીની હિંદુવાદી ઈમેજ છે. ૨૦૦૨માં થયેલાં કોમી રમખાણોના કારણે નરેન્દ્ર મોદીની મજબૂત હિંદુ નેતા તરીકેની ઈમેજ ઊભી થઈ તેના કારણે ગુજરાતમાં ભાજપ જીતે છે. ભાજપ નહીં હોય તો મુસ્લિમો હાવી થઈ જશે એવું લોકોના માનસમાં ઠસાવવામાં ભાજપ સફળ થયો તેનો લાભ ભાજપને મળે છે, બાકી ભાજપના રાજમાં રામરાજ્ય નથી જ. અમદાવાદ સહિતનાં શહેરોમાં વરસોથી ભાજપ સત્તામાં હોવા છતાં બેફામ ગંદકી છે અને દર વરસે ચોમાસામાં પાણી ભરાઈ જાય છે તેથી લોકો પરેશાન થઈ જાય છે.

ગુજરાતના મોટા ભાગના શહેરી વિસ્તારોમાં તો રોડ-રસ્તાની હાલત સાવ જ ખરાબ છે. મોટા ભાગના રસ્તા તૂટેલા છે ને હોહા થાય ત્યારે તૂટેલા રસ્તાને કરાતી થિગડથાગડના કારણે ઉબડખાબડ બની ગયા છે તેથી લોકોની પરેશાની વધે છે. બીજી પણ ઘણી સમસ્યાઓ છે પણ લોકોને તેની પરવા નથી. નરેન્દ્ર મોદી નહોતા આવ્યા એ પહેલાં ગુજરાતમાં હિંદુઓ મુસ્લિમોના હાથે માર ખાતા હતા ને કૉંગ્રેસ મુસ્લિમોની ગુંડાગીરીને પોષતી હતી એ માન્યતા એ હદે ઘર કરી ગઈ છે કે, લોકો ભાજપ સિવાય બીજી પાર્ટી વિશે વિચારતાં જ નથી.

કૉંગ્રેસ લોકોના મનમાંથી આ માન્યતા દૂર કરી જ શકતાં નથી કેમ કે કૉંગ્રેસ હજુય સમયાંતરે મુસ્લિમોને પંપાળતી હોય એવી હરકતો કર્યા કરે છે. કૉંગ્રેસને પોતાનું ઘર સરખું કરવામાં પણ રસ નથી. એકબીજાના ટાંટિયા ખેંચવામાંથી જ કૉંગ્રેસીઓ ઉંચ આવતા નથી. કૉંગ્રેસમાં મોટા ભાગના નેતા જનાધાર વિનાના છે તેથી જીતી શકતા નથી. જેમનો જનાધાર છે તેમને પતાવી દેવા માટે બીજા કૉંગ્રેસીઓ મથ્યા કરે છે તેમાં ઊંચી આવતી નથી. આમ આદમી પાર્ટીની છાપ મુસ્લિમ પાર્ટી તરીકેની નથી પણ આપ પાસે સંગઠન નથી, કાર્યકરો પણ નથી તેથી તેનું ભાજપને પડકાર આપવાનું ગજું જ નથી.

આ સંજોગોમાં ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ભાજપ માટે કોઈ મોટો પડકાર નથી દેખાતો. હજુ વરસની વાર છે તેથી કોઈ મોટો મુદ્દો ઊભો થઈ જાય ને લોકોને ભાજપ અળખામણો લાગવા માંડે એ અલગ વાત છે, બાકી કૉંગ્રેસ કે આપ ભાજપ માટે પડકાર ઊભો કરી શકે એ વાતમાં માલ નથી.

# નાગ ને નાગિને પ્રેક્ષકોને ખૂબ નચાવ્યા...

માયાનગરીમાં નાગિનના ચાહકો તેના ડરથી થરથર ધ્રૂજે પણ છે અને તેના મોહપાશમાં ફસાઈને તેની પાછળ દોડતા પણ રહે છે. જો નાગિન ફિલ્મોમાં નથી આવી રહી, તો તેને સિરિયલ્સમાં ટ્રેન્ડમાં રાખવામાં આવશે. નાગિનને જોઈને સામાન્ય માણસ તો શું, સપેરાઓના પણ હોશ ઊડી જાય છે, પરંતુ જ્યારે તે પોતાના પ્રેમી સાથે પોતાનો રંગીન મિજાજ વિખેરે છે ત્યારે ડર પણ તેને જોતો જ રહી જાય છે. તેના નૃત્ય અને મસ્ત રૂપને જોઈને દર્શકો અને નિર્માતા-નિર્દેશકો તડપે છે. તક મળતાં જ બંને ગાવા લાગે છે - 'તેરે સંગ પ્યાર મેં નહીં છોડના' અથવા 'મિલે મન સે યે મન, મિલે તન સે તન...'

નાગ-નાગિન ભારતીય ફિલ્મ ઉદ્યોગની જાન રહ્યાં છે. દરેક યુગમાં તેઓ પોતાની યુએસપી જાળવી રાખે છે. પછી ભલે તે રાજેશ ખન્નાનો રોમેન્ટિક યુગ હોય કે અમિતાભ બચ્ચનનો એન્ગ્રી યંગ મૅનનો અવતાર અને ભલે તે જિતેન્દ્ર, વિનોદ ખન્ના, શશી કપૂર કે ફિરોઝ ખાન જેવા કલાકારોનો સમય રહ્યો હોય. ભાગ્યે જ એવો કોઈ હીરો હશે જેણે નાગ બનવાનો પ્રયત્ન નહીં કર્યો હોય. રહી વાત હીરોઇનોની, તો મીનાક્ષી શેષાદ્રી હોય કે શ્રીદેવી, રીના રૉય, રેખા, વૈજયંતી માલા, મંદાકિની કે મનીષા કોઇરાલા જેવી હીરોઇનોએ પણ આવું જ કર્યું. તક મળતાં જ સપેરાને ડંખ મારવાનો પ્રયાસ કરતા અથવા તો કોઈ ભૂતિયા મહેલ જેવા કિલ્લામાં પોતાના ફૂંફાડાથી સિનેમા હૉલમાં બેઠેલા દર્શકોને ખૂબ ડરાવતાં. 'નાગિન' ટાઇટલ પરથી બનેલી ફિલ્મો અને નાગ-નાગિન વિષય પર આધારિત તમામ ફિલ્મોમાં 'નાગિન' નામની ફિલ્મો સૌથી વધુ ચર્ચામાં રહી અને સુપરહિટ સાબિત થઈ. આ નામથી બે અલગ-અલગ ફિલ્મો બની અને બંને બૉક્સ ઑફિસ પર હિટ રહી. આ ફિલ્મોનાં ગીતો તો જાણે સપેરાઓની બીન માટે 'નૅશનલ ઍન્થમ' જેવા લોકપ્રિય બની ગયાં! માત્ર ગીતો જ નહીં, પણ તે સમયની ફૅશન પણ ગજબની હતી. 'નાગિન'માં હીરોઇનની સફેદ સાડી અને તેનાં કપડાંનો જાદુ એવો ચાલ્યો કે દરેક ફિલ્મમાં એકાદ સીન તો સફેદ કપડાંમાં હોવો જ જોઈએ એવું મનાતું હતું.

જિતેન્દ્ર અને રીના રૉયનું ગીત 'તેરે સંગ પ્યાર મેં નહીં છોડના' જે સ્ટાઇલમાં શૂટ થયું હતું તે સ્ટાઇલ જબરદસ્ત હિટ થઈ ગઈ. તે જ અંદાજમાં એકબીજાને વળગવું અને ઝપટવું, તે જ રીતે પાણીમાં પલળવું અને એવી જ રીતે અચાનક પ્રગટ થવું અને ગાયબ થઈ જવું. અહીં સુધી કે ઘણીવાર તો જો ધ્યાનથી ન જુઓ તો છેતરાઈ જવું નક્કી છે.

રીના રૉય અને જિતેન્દ્રની ફિલ્મ 'નાગિન', 'શોલે'ની જેમ જ મલ્ટી-સ્ટારર હતી. જેમાં ૧૧ દિગ્ગજ કલાકારો હતા. રેખા, સુનીલ દત્ત, ફિરોઝ ખાન, સંજય ખાન, મુમતાઝ, વિનોદ મહેરા, યોગિતા બાલી, કબીર બેદી, અનિલ ધવન વગેરેએ શાનદાર કામ કર્યું હતું. તેની કહાની દર્શકોનાં દિલ જીતી લે તેવી હતી. કહાનીનો મુખ્ય સાર એ હતો કે કહેવાય છે કે સાપ ઇચ્છાધારી હોય છે અને તેઓ જ્યારે ઇચ્છે ત્યારે ગમે ત્યાં




પ્રગટ કે અદૃશ્ય થઈ શકે છે. આ દરમિયાન નાગને ગોળી મારી દેવામાં આવે છે અને ત્યારબાદ નાગિન એટલે કે રીના રૉય બદલો લેવા માટે તમામ પ્રયત્નો કરે છે.

આખી ફિલ્મ રીના રૉયની આસપાસ ફરે છે અને જો સરળ ભાષામાં કહીએ તો આ એક ખૂંખાર બનેલી નાગિનના બદલાની કહાની છે. તેને હીરો ઓરિએન્ટેડ નહીં પણ હીરોઇન ઓરિએન્ટેડ ફિલ્મ માનવામાં આવી હતી. તેનાં ગીતો તે સમયે ચારેબાજુ ગુંજતાં હતાં. આ એ સમય હતો જ્યારે ભારતને સાપ-સપેરાઓનો દેશ કહેવામાં આવતો હતો અને ગલીએ ગલીએ નાગ-નાગિનના ખેલ બતાવતા સપેરાઓ ફરતા હતા. સપેરાની બીન પર 'તેરે સંગ પ્યાર મેં નહીં છોડના'ની ધૂન સાંભળીને બાળકો પણ સાપ જેવી ઍક્ટિંગ કરવા લાગતાં.

જો જોવામાં આવે તો લગ્નોમાં 'નાગિન ડાન્સ' અહીંથી જ લોકપ્રિય થયો. આ સિવાય વૈજયંતી માલા, પ્રદીપ કુમાર અને જીવનની ફિલ્મ 'નાગિન'એ પણ નાગ-નાગિનને ખૂબ પ્રસિદ્ધિ અપાવી હતી. આની કહાની પણ રીના રૉયની 'નાગિન' જેવી જ હતી અને આ ફિલ્મ વર્ષ ૧૯૫૪માં આવી હતી. આ ફિલ્મનું ગીત 'મન ડોલે મેરા તન ડોલે' અત્યાર સુધીનું સૌથી વધુ સાંભળવામાં આવતું સપેરા ગીત છે. જ્યાં સુધી નાગ-નાગિનની ફિલ્મોને એવોર્ડ મળવાની વાત છે તો તેમને પુષ્કળ પુરસ્કારો મળ્યા અને સાથે જ દર્શકોનો ભરપૂર પ્રેમ પણ મળ્યો.

હકીકતમાં, નાગ- નાગિનનું એક એવું રહસ્ય જે આજે પણ અકબંધ છે. પ્રેમ, બદલાની આગ, ઇચ્છાધારી સાપ અને નાગમણી જેવી કેટલીક એવી જિજ્ઞાસાઓ રહી છે જે દરેક વ્યક્તિને આકર્ષે છે, પરંતુ તેને સમજાવનાર એવું કોઈ નથી જે દાવા સાથે કહી શકે કે સત્ય શું છે. વિજ્ઞાન કહે છે કે સાપને કાન હોતા નથી, તો પછી તે બીનના સૂર પર નાચે છે કેમ? જ્યારે તે નાચે છે ત્યારે શું તે બીન જોઈને ડરે છે?

ખેર, નાગિનના બદલાને લઈને વર્ષ ૧૯૮૬માં બનેલી ફિલ્મ 'નગીના'એ દર્શકોનાં દિલમાં જાણે આગ લગાડી દીધી. 'મેં તેરી દુશ્મન, દુશ્મન તૂ મેરા' કે 'બલમા હો તુમ' જેવાં ગીતો જબરદસ્ત હિટ થયાં અને શ્રીદેવી, ઋષિ કપૂર, પ્રેમ ચોપરા, અમરીશ પુરી, સુષમા સેઠ વગેરે કલાકારોએ દર્શકોને સીટ પરથી હલવા જ ન દીધા. આ ફિલ્મમાં મહેલની અંદરનાં દૃશ્યોએ લોકોને ડરાવવામાં કોઈ કસર બાકી નહોતી રાખી.

એક વાત જે સૌથી મહત્ત્વની છે તે એ કે, આમાં સપેરા એટલે કે અમરીશ પુરીના કાળા પોશાકે ત્યાર બાદ આવેલી તમામ ફિલ્મોમાં સપેરાઓ માટે એક 'ઇન્ટરનૅશનલ ડ્રેસ' જેવું સ્થાન બનાવી લીધું. જો આજે કોઈ ગલીમાં કોઈ સપેરો નાગનો ખેલ બતાવી રહ્યો હોય તો એ નક્કી છે કે તે કાળા પોશાકમાં જ હશે અને તેના કપાળ પરનું તિલક પણ અમરીશ પુરીની યાદ અપાવશે. કહી શકાય કે આ પરંપરા તો સનાતન કાળથી જ પ્રચલિત રહી છે, પરંતુ આજની પેઢીના દર્શકોને તો 'નગીના' ફિલ્મે જ આ રૂપ બતાવ્યું છે. સીધી અને સાચી વાત તો એ છે કે સપેરા, નાગ, નાગિન અને તેમની કહાનીઓએ ફિલ્મ નિર્માતાઓ પર જેટલી સંપત્તિનો વરસાદ કર્યો છે તેનાથી ક્યાંય વધુ ફિલ્મ નિર્માતાઓએ દર્શકોને ગલીએ-ગલીએ નચાવ્યા છે.

રાજસ્થાની હોય, ભોજપુરી હોય કે પછી બ્રજ કે બુંદેલી ભાષા, દરેક જગ્યાએ નાગ-નાગિનના ચાહકો રહ્યા છે. જોકે 'શેષનાગ', 'નિગાહેં', 'જાની દુશ્મનઃ એક અનોખી કહાની', 'નાગિન કા ખેલ', 'નાગમણી', 'કબ્રસ્તાન', 'નાગ જિલ્લા' જેવી ફિલ્મો દર્શકોનું મનોરંજન કરતી રહી, પરંતુ તેમની 'નાગિન' માટેની તરસ છીપાઈ નહીં અને તેઓ ગાતા રહ્યા - 'કસ ગઈ નાગન બન કે જવાની, આ કોઈ ઝહર ઉતાર રે... જંતર-મંતર કામ ન આએ, કર લે મુજ સે પ્યાર રે.'

# દાયરાઃ સહી-ગલત વચ્ચે દ્વંદ્વનો ઊહાપોહ!

**વરસોની તપસ્યા પછી કોર્ટમાંથી ન્યાય મેળવો કે પછી તરત દાન, મહા પુણ્યની જેમ ન્યાય કરી દેવો?**

**દરેક સિક્કાની બે બાજુ હોય છે અને સચ્ચાઈ એક એવો સિક્કો છે, જેની દરેક બાજુ સાચી પણ હોય છે...**




અર્થપૂર્ણ અને સામાજિક નિસ્બત સાથેની ફિલ્મો બનાવવા માટે જાણીતા અને કાબેલ દિગ્દર્શક મેઘના ગુલઝારની તાજાતરીન ફિલ્મ 'દાયરા' આ સત્ય નીચે ઘેરી લાઈન દોરી આપે છે. ઓફિસેથી ઘરે આવીને ફરી નાનાભાઈના રિપેરિંગમાં આવેલાં ચશ્માં લેવા નીકળેલી પ્રગતિ મિશ્રા નામની યુવતી ઘરે પાછી ફરતી જ નથી. બીજા દિવસે તેની બળેલી લાશ અવાવરૂ જગ્યાએથી મળે છે. સ્વાભાવિક છે કે આ ઘટનાથી આખા હૈદરાબાદમાં ખળભળાટ મચી જાય છે. શક્ય એટલા વહેલાં પ્રગતિ મિશ્રા સાથે આવું ક્રૂર કૃત્ય કરનારને ઝડપવા માટે આખો કેસ ડીએસપી રમનકુમારને સોંપવામાં આવે છે અને...

કામઠા અને નિષ્ઠાવાન ડીએસપી તાબડતોબ પોતાની ટીમને જુદા જુદા પાસાંઓને સોંપીને ઈન્વેસ્ટિગેશન શરૂ કરાવે છે અને આરોપીઓને (ટીવી ન્યૂઝની ભાષામાં કહીએ તો) દબોચી લે છે. જોકે આરોપીઓ પાસેથી વિગતો જાણવા માટે તેમને ઘટનાસ્થળે લઈ જવામાં આવે છે પણ તે બધા નાસી જવાનો પ્રયાસ કરતાં પોલીસ ટીમ સ્વબચાવમાં તમામનું એન્કાઉન્ટર કરી નાખે છે.બેશક, પોલીસની ઝડપ, કૂનેહને કારણે બળાત્કારીઓ ઝડપાઈ ગયા તેની ઉજવણી આખું શહેર કરી રહ્યું છે.- અને 'દાયરા' ફિલ્મનો આરંભ આ ઉજવણીઓથી થાય છે ત્યારે દર્શકને ખબર હોતી નથી કે આ સેલિબ્રેશન શેનું ચાલી રહ્યું છે. જુલિયો રિબેરો, ખૈરનાર, જગદીશન કે. મૂંડેની જેમ એક પોલીસ અધિકારીની કાર્યવાહીથી પ્રસન્ન જનતા જનાર્દનનો ઉન્માદ સમજાય ત્યાં જ દર્શકો સમક્ષ સ્પષ્ટ થાય છે કે જનતાએ હિરો બનાવેલાં પોલીસ અધિકારી (એ અને તેની ટીમે કરેલાં એન્કાઉન્ટર સામે) સ્પેશિયલ ઈન્વેસ્ટિગેટિવ ટીમની રચના કરવામાં આવી છે. તેની હેડ ડીસીપી અજુની કોહલી (કરિના કપૂર) છે. એ હવે દૂધનું દૂધ અને પાણીનું પાણી કરશે.

એકદમ રસપ્રદ રીતે શરૂ થતી મેઘના ગુલઝારની 'દાયરા' તમને અંત સુધી જકડી રાખે છે અને તેમાં મેઘના ગુલઝાર સહિતના બે લેખકો યશ કેશવાની અને સીમા અગ્રવાલની કાબેલિયત છે. અંગત રીતે માનવું છે કે 'દાયરા' ફિલ્મની આખી ઈમારતનો એક ડાયલોગ જ મજબૂત પાયો બનેલો છે. આરોપીને ઝડપી લીધાનો દિલાસો આપતાં ડીએસપી રમનકુમાર (સુકુમાર પૃથ્વીરાજ) પરિવારને કહે છે કે, 'તમામ ગુનેગારો ઝડપાઈ ગયા છે. તેમની ગેમ ઓવર થઈ ગઈ છે!'

'ખતમ નહીં, અબ તો શરૂ હુઆ હૈ!' પીડિતા પ્રગતિ મિશ્રાની માતા જવાબ આપે છે: 'હવે કોર્ટમાં મુદતો પડશે. મહિનાઓ અને પછી વરસો વીતશે ત્યાર પછી કદાચ, ન્યાય મળવો હશે તો મળશે!'

આ સંવાદ આપણી આખી સિસ્ટમ પર પ્રકાશ ફેંકે છે અને 'દાયરા' ફિલ્મની થીમ જ આ છે. ક્રૂર ગુનેગારોને અદાલતમાં તોળાતાં ન્યાય માટે વરસો સુધી રાહ જોવી કે પછી ગુનેગારોને તરત સજા કરીને (ગેરકાયદા તરીકાથી) ન્યાય કરી નાખીને વિકટિમને રાહત આપવી!

'દાયરા' ફિલ્મની સ્ક્રિપ્ટ અને એડિટિંગ એટલું સરસ છે કે દર્શક તરીકે આપણે એન્કાઉન્ટરની ખરાઈ તપાસી રહેલી કરિના કપૂરને જોઈએ ત્યારે 'ફેક એન્કાઉન્ટર' કરનારાને સજા કરવી જ જોઈએ, એવા ભાવ જાગે, પણ પીડિતાની માતા, નાના ભાઈને જોઈએ ત્યારે થાય કે 'ફેક એન્કાઉન્ટર' કરવામાં પણ કશું ખોટું નથી. ફિલ્મમાં ખરેખર શું થાય છે, એ અહીં લખવાનો અર્થ નથી પણ 'દાયરા' ફિલ્મ સહી-ગલતના દ્વંદ્વનો આપણી અંદર ઊહાપોહ સર્જી જાય એટલી સચોટ તેમજ નક્કર બની છે. પોલીસ અધિકારી બનતાં સુકુમાર પૃથ્વીરાજ અને કરિના કપૂર પોતાના પાત્રને મજબૂતીથી રજૂ કરે છે તો પોલીસ ખાતાનાં બીજા પાત્રોનો અભિનય પણ મજબૂત છે. ઓવરઓલ, 'દાયરા' ફિલ્મ 'સો કરોડી' ક્લબમાં જવાના ચાન્સ નથી, કારણ કે આપણે એટલાં મેચ્યોર્ડ નથી. આપણને 'લાલો' અને 'હનુમાન અંશ' આકર્ષે છે પણ વિચારોના તરંગો સર્જે તેનાથી દૂર રહીએ છીએ. ખેર, થિયેટરમાં ચૂકી જાવ તો ઓટીટી પર 'દાયરા' જોવાનું ચૂકશો નહીં.





# અજય દેવગનનું સિક્વલમાં સંતુલન

આ સંવાદ છે ગયા અઠવાડિયે રિલીઝ થયેલી વિજય સાળગાંવકરનો રોલ નિભાવી રહેલા અજય દેવગન અભિનીત 'દૃશ્યમઃ ધ કન?કલુઝન'નો. પહેલા પાંચ દિવસમાં આ ફિલ્મનું વિશ્વભરનું બોક્સ ઓફિસ કલેક્શન ૩૪૦ કરોડ રૂપિયા થયું હોવાના અહેવાલ છે. ફિલ્મ બ્લોકબસ્ટર સાબિત થવાના આ એંધાણ છે.

'ગોલમાલઃ ફન અનલિમિટેડ'ના ગોપાલ કુમાર સંતોષીથી 'દૃશ્યમ૩'ના વિજય સાળગાંવકર સુધીના વિવિધ પાત્રોમાં અજય દેવગન દર્શકોમાં પ્રિય બન્યો છે અને તેની સિક્વલ ફિલ્મો સફળતાની સડક પર સડસડાટ દોડી રહી છે. એકાદ બે અપવાદને બાદ કરતા ફ્રેન્ચાઇઝી ફિલ્મો પ્રોડ્યુસર - ડિસ્ટ્રીબ્યુટરનું બેન્ક બેલેન્સ તગડું બનાવી રહી છે. અજયનું પોતાનું માનવું છે કે માત્ર સફળ ફિલ્મની સિક્વલ હોવાને કારણે કોઈ ફિલ્મને સફળતા નથી મળતી, બલકે પાત્ર સાથે લાગણીનો સંબંધ દર્શકોને થિયેટર સુધી ખેંચી લાવે છે.

એક તરફ 'દૃશ્યમ ૩'ને મળેલી ધમાકેદાર સફળતા અને બીજી તરફ ગયા વર્ષે રિલીઝ 'સન ઓફ સરદાર ૨' તેમ જ 'દે દે પ્યાર દે ૨' એ બે સિક્વલને મળેલી સરિયામ નિષ્ફળતા અજયની દલીલમાં વજૂદ હોવાનું સ્પષ્ટ કરે છે. દર્શકોને વિજય સાળગાંવકર માટે જેટલું મમત્વ થયું એના વીસમા ભાગનું પણ જસવિન્દર સિંહ રંધાવા કે આશિષ મેહરા માટે ન થયું એ દીવા જેવી સ્પષ્ટ વાત છે. 'દૃશ્યમ ૩'ના વકીલ ઈન્દ્રજીત શેટ્ટી (પ્રકાશ રાજ)ના શબ્દોમાં કહીએ તો ચોથી ફેઈલ વિજય ખૂબ ભણેલા ગણેલા સામે સુપર સે ઉપર સાબિત થઈ રહ્યો છે. એટલે જ કદાચ 'શિવાય' કે 'મૈદાન' જેવી નિષ્ફળ ફિલ્મોની સિક્વલ બનાવવાની દિશામાં વિચાર નથી કરવામાં આવ્યો.

અજય દેવગનનો હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં પ્રવેશ થયો બાવીસ નવેમ્બર, ૧૯૯૧ના દિવસે, આજથી ૩૫ વર્ષ પહેલાં. આ વર્ષે ઓગસ્ટમાં મૃત્યુ પામેલા જાણીતા ફિલ્મ દિગ્દર્શક અને અરુણા ઈરાનીના પતિ કુક્કુ કોહલી દિગ્દર્શિત 'ફૂલ ઔર કાંટે'થી અજયની ફિલ્મ કરિયરની શરૂઆત થઈ. આ ફિલ્મ સ્મરણમાં નહીં હોય, પણ ચાલી રહેલી બે મોટર સાઈકલ પર એક એક પગ રાખી સરકસના કલાકાર જેવો બેલેન્સિંગ એક્ટવાળો આઈકોનિક સીન અનેક લોકોના સ્મૃતિપટ પર અંકિત થઈ ગયો હશે. ૩૫ વર્ષ પછી અજય દેવગન કોમેડી અને એક્શન ફિલ્મની સિક્વલ પર સંતુલન કરતો આગળ વધી રહ્યો છે.

તમે જો પઝલ બુકમાં આવતી મેઝ ગેમ - ભૂલભૂલામણી રમ્યા હશો તો શરૂઆતથી અંતિમ છેડા સુધી પહોંચતા ત્રણ ચાર કે એથી વધુ કોશિશ કરવી પડી હશે. જોકે, સ્માર્ટ વ્યક્તિ અંતિમ છેડાથી મતલબ કે લક્ષ્યથી પ્રવેશ કરી પહેલે જ ધડાકે પ્રવેશ પર પહોંચી જવામાં સફળતા મેળવતો તમે જોયો હશે.

અજયની 'દૃશ્યમ' ફ્રેન્ચાઈઝીની આ જ ખાસિયત છે. કાયદાના રખેવાળો જે રસ્તો પકડી વિજય સાળગાંવકરને સપડાવવાની કોશિશ કરે છે એના છેડાથી તો એણે શરૂઆત કરી હોવાથી એ બધાને ભોંઠા પડવાનો વારો આવે છે. અંતથી આરંભ કરવાની આ આવડત એને ઉગારી લે છે. હિંસા - સેક્સનો અતિરેક અથવા ધાર્મિક કે સુપરનેચરલ જેવા કોઈ પણ તત્ત્વ સાથે દૂર દૂરનો પણ સંબંધ નહીં ધરાવતી અને કેવળ માનવીય સંવેદનાને પ્રાધાન્ય આપતી ફિલ્મ પણ જોરદાર સફળતા મેળવી શકે છે એ અજયની લેટેસ્ટ ફિલ્મે સિદ્ધ કર્યું છે.

અજય દેવગનની ફિલ્મોગ્રાફી પર નજર નાખતા છેલ્લાં ૨૦ વર્ષમાં સિક્વલનો સપાટો જોવા મળે છે. ૨૦૦૬માં આવેલી રોહિત શેટ્ટીની 'ગોલમાલઃ ફન અનલિમિટેડ'ની સિક્વલ 'ગોલમાલ રિટર્ન્સ' સહિત અજય ડઝન સિક્વલ સાથે હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીના સિક્વલ સમ્રાટ તરીકે ઓળખાય છે. ગોલમાલ સિરીઝની ચારેચાર ફિલ્મ ઉપરાંત એ સિરીઝની પાંચમી ફિલ્મ 'ગોલમાલ ૫'માં પણ એ ગોપાલ કુમાર સંતોષીના પાત્રમાં જોવા મળવાનો છે.

આ સિવાય 'સિંઘમ' (૨૦૧૧), 'સિંઘમ રિટર્ન્સ' (૨૦૧૪) અને 'સિંઘમ અગેન' (૨૦૨૪)માં ઈન્સ્પેક્ટર બાજીરાવ સિંઘમથી ડીસીપી બાજીરાવ સિંઘમના પ્રમોશન સાથે નજરે પડ્યો. એક ટોટલ કોમેડી અને બીજી પૂર્ણપણે એક્શન ફિલ્મ. બંને વચ્ચે સંતુલન જાળવવામાં એ સફળ રહ્યો. આ ઉપરાંત ઈન્દ્ર કુમારની 'ધમાલ' સિરીઝની ચાર ફિલ્મમાંથી પહેલી બેમાં એની હાજરી નહોતી, પણ 'ટોટલ ધમાલ' (૨૦૧૯) અને 'ધમાલ ૪' (જુલાઈ ૨૦૨૬)માં અજય દેવગન મુખ્ય ભૂમિકામાં હતો.

એક્શન થ્રિલર 'રેઈડ' (૨૦૧૮) અને 'રેઈડ' (૨૦૨૫), 'દે દે પ્યાર દે' (૨૦૧૯) અને 'દે દે પ્યાર દે ૨' (૨૦૨૫) રોમેન્ટિક કોમેડી તેમ જ 'સન ઓફ સરદાર' (૨૦૧૨) અને 'સન ઓફ સરદાર ૨' (૨૦૨૫) એક્શન કોમેડીમાં પણ અજયની હાજરી હતી. એકંદરે સિક્વલમાં પણ સંતુલન સફળતાથી જાળવવામાં એ સફળ રહ્યો છે.

ગુજરાતી ફિલ્મ 'વશ'ની હિન્દી રીમેક 'શૈતાન'ને બોક્સ ઓફિસ પર ફાંકડી સફળતા મળી હોવાથી એની સિક્વલ બનાવવાની દિશામાં ચક્રો ગતિમાન થયા છે. જોકે, અજય દ્રઢપણે માને છે કે દર્શકો સિક્વલ કરતા ફિલ્મના પાત્ર માટે ખેંચાણ અનુભવતા હોય છે અને એટલે જ ફિલ્મ સફળ થાય છે. 'ફેમિલી ફર્સ્ટ'ને પ્રાધાન્ય આપતો 'દૃશ્યમ' સિરીઝનો વિજય સાળગાંવકર હેમખેમ ઉગરી જશે એ જાણતા હોવા છતાં એ કેવી રીતે સહીસલામત બહાર નીકળે છે અને કોઈ નવી મુશ્કેલીમાં તો નથી મુકાતો એ જાણવા દર્શકો થિયેટર સુધી દોડતા આવે છે. દર્શકોમાં તાલાવેલી જાગૃત રાખવાનું કામ અજય કુનેહપૂર્વક કરી રહ્યો છે.

# સગાઈ તોડ્યાના અઠવાડિયા બાદ પૃથ્વી શૉ અને આકૃતિ અગ્રવાલ ફરી એક થયાં

ભારતીય ક્રિકેટર પૃથ્વી શૉ અને અભિનેત્રી આકૃતિ અગ્રવાલે સગાઈ તોડ્યાનાં થોડા અઠવાડિયા બાદ ફરી સાથે રહેવાનો નિર્ણય લીધો છે. આકૃતિએ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને આ વાત જાહેર કરી હતી. અગાઉ સંબંધનો અંત લાવવાનો નિર્ણય લેતી વખતે આસપાસના લોકોના અભિપ્રાયથી પ્રભાવિત થઈ હોવાની વાત પણ તેણે સ્વીકારી હતી.માર્ચ ૨૦૨૬માં સગાઈની જાહેરાત કરનાર આ જોડીએ હવે મતભેદો દૂર કરીને સંબંધને વધુ એક તક આપવાનું નક્કી કર્યું છે. આકૃતિએ પોતાની પોસ્ટમાં લખ્યું હતું કે, "જ્યારે મેં અમારી સગાઈ તોડી ત્યારે અમારા સંબંધને અમારા કરતાં વધુ સારી રીતે જાણતા હોવાનો દાવો કરતાં નજીકનાં લોકોનાં અભિપ્રાયથી હું પ્રભાવિત થઈ હતી. મને લાગે છે કે મને ગેરમાર્ગે દોરવામાં આવી હતી અને અમારી વચ્ચે જરૂરી પ્રામાણિક વાતચીત કર્યા વિના મેં નિર્ણય લીધો હતો."આકૃતિએ પોતાના નિર્ણય અને તેના કારણે પહોંચેલી પીડાની જવાબદારી સ્વીકારતાં જણાવ્યું કે, બંનેએ ખુલ્લા મનથી વાતચીત કરી, એકબીજાને સમજ્યાં અને ફરી સાથે રહેવાનું પસંદ કર્યું છે. હવે તેમનું ભવિષ્ય વિશ્વાસ, પ્રેમ અને પરસ્પરની સમજણના આધારે આગળ વધે તેવી તેની ઈચ્છા છે. સાથે જ તેણે આ નિર્ણયનું સન્માન કરવાની અપીલ કરી હતી.



# 'મહિલાઓની પોતાની ઓળખ અને સ્વતંત્રતા દર્શાવતાં પાત્રો તરફ હું આકર્ષાઈ છું' : શોભિતા

**શોભિતા કહે છે, "પાછળ વળીને જોતાં પાત્રોની પસંદગીમાં એક સમાન દૃષ્ટિકોણ જોવા મળે છે"**

અભિનેત્રી શોભિતા ધુલીપાલાએ પોતાની અભિનયયાત્રામાં એવી ભૂમિકાઓને પ્રાધાન્ય આપ્યું છે, જેમાં મહિલાઓ માત્ર પુરુષ પાત્રોની વાર્તાનો હિસ્સો બનવાને બદલે પોતાની અલગ ઓળખ અને ઈચ્છાઓ સાથે જોવા મળે છે. તમિલ, તેલુગુ, મલયાલમ, અંગ્રેજી અને હિન્દી ભાષાની ફિલ્મો તથા પ્રોજેક્ટ્સમાં કામ કરી ચૂકેલી શોભિતાની કારકિર્દી વિવિધતાથી ભરપૂર રહી છે. તે માને છે કે તેની આ સફર કોઈ પૂર્વનિર્ધારિત આયોજન પ્રમાણે આગળ વધી નથી.તાજેતરમાં એક ઈન્ટરવ્યુ દરમિયાન પોતાની કારકિર્દી અંગે વાત કરતાં શોભિતાએ જણાવ્યું હતું કે, તેને જે તકો મળી અને જે પાત્રો સાથે તે ભાવનાત્મક રીતે જોડાઈ શકી, તેને તેણે પૂરી નિષ્ઠાથી સ્વીકાર્યાં. તેની આ પસંદગીઓ પાછળ કોઈ ચોક્કસ આયોજન નહોતું, પરંતુ આજે પાછળ વળીને જોતાં પાત્રોની પસંદગીમાં એક સમાન દૃષ્ટિકોણ જોવા મળે છે.શોભિતાના શબ્દોમાં,





તે વારંવાર એવી મહિલાઓનાં પાત્રો ભજવતી રહી છે, જેમનાં જીવનનું કેન્દ્ર પોતે છે. આ મહિલાઓની ઓળખ માત્ર કોઈ પુરુષ સાથેના સંબંધથી નક્કી થતી નથી કે તેઓ માત્ર પુરુષની વાર્તાને આગળ વધારવાનું માધ્યમ બનતી નથી. તેના બદલે, તેઓ પોતાની પસંદગીઓ, મહત્વાકાંક્ષાઓ અને જીવન પર પોતાનો અધિકાર સ્થાપિત કરવાનો પ્રયાસ કરતી વ્યક્તિઓ છે.શોભિતાનાં રોલમાં જોવા મળતો આ અભિગમ તેની કારકિર્દીને પરંપરાગત ઢાંચાથી અલગ બનાવે છે. અલગ-અલગ ભાષા અને ફિલ્મ ઉદ્યોગોમાં કામ કરવાને કારણે તેને વિવિધ પ્રકારની વાર્તાઓ અને સર્જનાત્મક વિષયો સાથે જોડાવાની તક મળી છે. દરેક પ્રોજેક્ટમાં નવા પાત્રને સમજવાની અને અલગ સિનેમેટિક દુનિયાનો અનુભવ કરવાની તક રહી છે.શોભિતાની સફર દર્શાવે છે કે કારકિર્દી માટે હંમેશાં નક્કી કરેલો માર્ગ જ જરૂરી નથી. પોતાની પસંદગી પર વિશ્વાસ રાખવો અને મનથી જોડાઈ શકાય તેવા પાત્રો સ્વીકારવા પણ કલાકારની ઓળખ ઘડવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી શકે છે. મહિલાઓને પોતાની વાર્તાના કેન્દ્રમાં રાખતાં પાત્રો પ્રત્યેનો તેનો ઝુકાવ તેની અભિનયયાત્રાની વિશેષ ઓળખ બની રહ્યો છે.

# બોલિવુડ કલાકારોનું આકર્ષણ ઘટી રહ્યું છે, પણ બ્રાન્ડ્સ હજુ પણ ક્રિકેટરો પર મૂકે છે ભરોસો







## સેલિબ્રિટી એડવર્ટાઇઝિંગમાં મંદી વચ્ચે ક્રિકેટરોનો દબદબો વધ્યો

બ્રાન્ડ્સ દ્વારા કરવામાં આવતાં જાહેરાતના ખર્ચમાં અને સેલિબ્રિટી એન્ડોર્સમેન્ટના ટ્રેન્ડમાં હાલ મોટો બદલાવ જોવા મળી રહ્યો છે. એક તરફ જ્યાં બોલિવૂડ કલાકારોની માર્કેટિંગ અપીલ અને બ્રાન્ડ વેલ્યુ ધીમે ધીમે ઘટી રહી છે, ત્યાં બીજી તરફ રમતગમત જગતના સ્ટાર્સ, ખાસ કરીને ક્રિકેટરો અને સોશિયલ મીડિયાના ડિજિટલ ક્રિએટર્સ તરફ કંપનીઓનો ઝુકાવ ઝડપથી વધી રહ્યો છે.

ઓવર-ધ-ટોપ (OTT) પ્લેટફોર્મ્સ અને સોશિયલ મીડિયાના વિસ્તરણને કારણે પરંપરાગત ફિલ્મ સ્ટાર્સ સામે સખત સ્પર્ધા ઊભી થઈ છે, પરંતુ ક્રિકેટરો પોતાની મેદાન પરની કામગીરી અને સતત વિઝિબિલિટીને કારણે આજે પણ બ્રાન્ડ્સની પહેલી પસંદ બની રહ્યાં છે.

ઈન્ડસ્ટ્રીના અંદાજ મુજબ, વર્ષ ૨૦૨૫ માં સ્પોર્ટ્સ સેલિબ્રિટી એન્ડોર્સમેન્ટ માર્કેટ ૧,૩૫૦ કરોડનું નોંધાયું હતું, જેમાં એકલા ક્રિકેટરોનો હિસ્સો લગભગ ૯૦ ટકા જેટલો મોટો હતો. વર્ષ ૨૦૨૬ માં આ માર્કેટ ૧,૫૦૦ કરોડની સપાટી વટાવી જવાની પૂરેપૂરી સંભાવના છે અને આગામી તહેવારોની સીઝનને ધ્યાનમાં રાખીને ઘણી મોટી કંપનીઓ ક્રિકેટરો સાથે નવી ડીલ કરવા માટે લાઈનમાં છે.

તાજેતરમાં જ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ કંપની ઓપન એઆઈએ ભારતમાં 'ચેટ જીપીટી' ના પ્રચાર માટે ક્રિકેટનાં ભગવાન ગણાતા સચિન તેંડુલકરને સાઇન કર્યા છે, જ્યારે નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (NPCI) એ પોતાની 'ભીમ એપ' નો પ્રચાર કરવા માટે પૂર્વ ભારતીય કેપ્ટન એમ.એસ. ધોનીને બ્રાન્ડ એમ્બેસેડર બનાવ્યાં છે.

વિરાટ કોહલી, રોહિત શર્મા, શુભમન ગિલ, સૂર્યકુમાર યાદવ, ઋષભ પંત અને હાર્દિક પંડ્યા જેવા ક્રિકેટરો પણ બ્રાન્ડ એન્ડોર્સમેન્ટ માર્કેટમાં ખૂબ જ લોકપ્રિય છે. ક્રિકેટરોની સતત જળવાઈ રહેલી લોકપ્રિયતા અંગે વાત કરતાં શુભમન ગિલના મેનેજર સેબસ્ટિયન શાજીએ જણાવ્યું હતું કે, ડિજિટલ ક્રિએટર્સ અને સોશિયલ મીડિયાના કારણે ફિલ્મ કલાકારો અને ઈન્ફ્લુએન્સર્સ વચ્ચે પ્રેક્ષકોનું ધ્યાન ખેંચવા માટે સખત સ્પર્ધા છે.

પરંતુ ક્રિકેટરોની સુસંગતતા અને લોકપ્રિયતા તેમનાં મેદાન પરનાં વાસ્તવિક પ્રદર્શનમાંથી આવે છે, જે કોઈ કૃત્રિમ રીતે બનાવી શકતું નથી. આઈપીએલ અને આંતરરાષ્ટ્રીય મેચોના કારણે ક્રિકેટરો આખું વર્ષ ટીવી, ઓનલાઈન સ્ટ્રીમિંગ અને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર સતત જોવા મળે છે, જેથી તેમની બ્રાન્ડ વેલ્યુ ક્યારેય ઓછી થતી નથી.

બીજી તરફ, જાહેરાતકર્તાઓ હવે મોટી રકમ ખર્ચીને પરંપરાગત ફિલ્મ સેલિબ્રિટીઓ પાસે જાહેરાતો કરાવવાને બદલે નાના અને ચોક્કસ ડિજિટલ ક્રિએટર્સ તરફ વળી રહ્યાં છે. પબ્લિસિસ મીડિયા દક્ષિણ એશિયાનાં સીઈઓ લાલતેન્દુ દાસના જણાવ્યાં મુજબ, પહેલાં કંપનીઓ મોટા ફિલ્મ સ્ટાર્સ પાછળ ભારે બજેટ ખર્ચતી હતી, પરંતુ હવે કંપનીઓ વિચારતી થઈ છે કે એટલા જ બજેટમાં ૧,૦૦૦ જેટલા નાના (નેનો) ક્રિએટર્સ સાથે કામ કરીને વધુ સારું પરિણામ મેળવી શકાય છે.

ફાસ્ટ-મૂવિંગ કન્ઝ્યુમર ગૂડ્ઝ (FMCG), પર્સનલ કેર અને ફેશન ક્ષેત્રની કંપનીઓમાં આ ફેરફાર સ્પષ્ટપણે જોવા મળી રહ્યો છે. હિન્દુસ્તાન યુનિલીવર (HUL) જેવી દેશની અગ્રણી કંપનીએ પણ તેના વાર્ષિક અહેવાલમાં સ્વીકાર્યું છે કે તેઓ ડિજિટલ પ્લેટફોર્મ પર પોતાની બ્રાન્ડની જાહેરાત પહોંચાડવા માટે ડિજિટલ ક્રિએટર્સ અને વિશ્વસનીય ચહેરાઓ પર રોકાણ વધારી રહ્યાં છે.

ઈન્ડિયન ઈન્ફ્લુએન્સર ગર્વનિંગ કાઉન્સિલ (IIGC) દ્વારા ૧૦૦થી વધુ બ્રાન્ડ્સ અને માર્કેટર્સ પર કરવામાં આવેલાં સર્વે અનુસાર, હવે કંપનીઓ પોતાનાં કુલ માર્કેટિંગ બજેટમાંથી ૧૫ થી ૨૫ ટકા જેટલો હિસ્સો ક્રિએટર ઈકોનોમી પાછળ ખર્ચી રહી છે. IIGC ના ચેરમેન સાહિલ ચોપરાના જણાવ્યાં મુજબ, ડિજિટલ ક્રિએટર્સ હવે માત્ર જાહેરાતનો ચહેરો નથી રહ્યાં પરંતુ બ્રાન્ડ્સના બિઝનેસ પાર્ટનર બની રહ્યાં છે.

તેઓ ગ્રાહકો સાથે વધુ પ્રામાણિકતા અને સચોટતાથી કનેક્ટ થઈ શકે છે, જેનાથી બ્રાન્ડ્સને સીધો વ્યાપારી ફાયદો થાય છે. આમ, માર્કેટિંગ અને જાહેરાતના ક્ષેત્રમાં બોલિવૂડના એકચક્રી શાસનનો યુગ હવે પૂરો થઈ રહ્યો છે અને ક્રિકેટરો તથા ડિજિટલ ક્રિએટર્સ આ માર્કેટ પર પોતાનો દબદબો બનાવી રહ્યાં છે.

# શે હોપની સદીથી વિન્ડીઝની જીત : શ્રેણી સરભર

## બોલર્સનાં નબળા પરફોર્મન્સ બાદ બેટીંગમાં ભારતની અંતિમ પાંચ વિકેટ માત્ર ૨૩ રનમાં પડી ગઈ : વિન્ડીઝનો ૨૪ રને વિજય





રનોથી ભરેલી પીચનો મહેમાન ટીમ શાઈ હોપે બુધવારે પૂરો ફાયદો ઉઠાવતાં તૂફાની સદી ફટકારી હતી. પરંતુ ભારતીય બેટ્સમેન પોતાની જ પીચ પર રન ન બનાવી શક્યા અને સંજુ સેમસન સિવાય કોઈ અડધી સદી પણ બનાવી શક્યું નહી.પરિણામે, વેસ્ટ ઈન્ડિઝે ચોથી -૨૦ આંતરરાષ્ટ્રીય મેચમાં ભારતને ૨૪ રને હરાવી દીધું. આ જીત સાથે જ મહેમાન ટીમે પાંચ મેચોની શ્રેણીમાં ૨-૨ થી બરાબરી કરી લીધી છે. શ્રેણીની પાંચમી અને અંતિમ મેચ શનિવારે બેંગલુમાં રમાશે. ટોસ હારીને પહેલાં બેટિંગ કરવી વિન્ડીઝ માટે ફાયદાકારક સાબિત થઈ. હોપે છેલ્લી ઓવરમાં છગ્ગો મારીને શાનદાર સદી પૂરી કરી. તેમની અણનમ ૧૦૨ રનની ઈનિંગથી વેસ્ટ ઈન્ડિઝે ત્રણ વિકેટે ૨૪૭ રનનો વિશાળ સ્કોર ખડકી દીધો હતો. આના જવાબમાં ભારતીય ટીમે પણ આક્રમક શરૂઆત કરી હતી. જોકે માત્ર સંજુ સેમસન જ ૫૬ રન બનાવી શક્યાં. તેમનાં સિવાય કોઈ બેટ્સમેન મોટી ઈનિંગ રમી શક્યો નહી. તિલક વર્મા (૪૩), નીતિશ કુમાર (૪૧) અને અભિષેક શર્મા (૨૯) સારી શરૂઆતને મોટી ઈનિંગમાં બદલી શક્યા નહી. અંતમાં ટીમ ૧૯.૩ ઓવરમાં ૨૨૩ રન જ બનાવી શકી. વિન્ડીઝ માટે કીમો પોલ સૌથી સફળ બોલર રહ્યાં. તેમણે પાંચ વિકેટ લઈને ભારતીય બેટિંગની કમર તોડી નાખી હતી. એક સમયે ભારત આસાનીથી લક્ષ્ય તરફ વધતું દેખાઈ રહ્યું હતું. ૧૬.૫ ઓવરમાં ટીમનો સ્કોર પાંચ વિકેટે ૨૦૦ રન હતો અને ભારતને ૪૮ રનની જરૂર હતી. પરંતુ ઓવરની છેલ્લી બોલ પર તિલક આઉટ થયા પછી સતત વિકેટો પડતી ગઈ અને ટીમ બેકફૂટ પર જતી રહી. છેલ્લી પાંચ વિકેટ ૨૩ રનમાં પડી ગઈ અને ટીમ હારી ગઈ.આ પહેલાં ટોસ હારીને પહેલાં બેટિંગ કરતાં હોપે વિન્ડીઝના બેટ્સમેનો પર દબાણ બનાવી રાખ્યું. હોપે ૫૦ બોલની ઈનિંગમાં નવ છગ્ગા અને ચાર ચોગ્ગા ફટકાર્યા. તેમણે શેરફેન રધરફોર્ડ (અણનમ ૪૯ રન) ની સાથે ચોથી વિકેટ માટે અણનમ ૯૧ રન ઉમેરીને ભારતને પડકારજનક લક્ષ્ય આપ્યું હતું.

રધરફોર્ડે ૨૬ બોલની તોફાની ઈનિંગમાં ચાર ચોગ્ગા અને ત્રણ છગ્ગા જોડ્યા. વેસ્ટ ઈન્ડિઝને ઈનિંગમાં ૧૬ છગ્ગા ફટકાર્યા અને ૧૮ અતિરિક્ત રન પણ મળ્યાં. હોપે આ શ્રેણીમાં બીજી, કરિયરની ચોથી અને T-20 આંતરરાષ્ટ્રીયમાં ત્રીજી સદી ફટકારી.

# શિખર ધવને T-20 આયોજકોને ચેતવ્યા

## ધવને મંજૂરી વગર તેમનું નામ 'વલ્ડ ટી-૨૦ કોન્ટિનેન્ટ કપ' માં સામેલ કરવા બદલ કાનૂની કાર્યવાહીની ચીમકી

ભારતનાં પૂર્વ ઓપનિંગ બેટ્સમેન શિખર ધવને વગર મંજૂરીએ તેમનું નામ 'વલ્ડ ટી-૨૦ કોન્ટિનેન્ટ કપ' માં સામેલ કરવા બદલ આયોજકોને કાનૂની કાર્યવાહીની ચેતવણી આપી છે. ધવને સ્પષ્ટ કર્યું કે તેમણે આ ટૂર્નામેન્ટમાં રમવાની કોઈ જ સહમતિ આપી નથી.ધવને



સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર લખ્યું, "મને ખબર પડી છે કે 'વલ્ડ ટી-૨૦ કોન્ટિનેન્ટ કપ' માં એક પ્રતિયોગી તરીકે મારું નામ સામેલ કરવામાં આવ્યું છે. આયોજકોએ મારી મંજૂરી વગર મારા નામનો ઉપયોગ કર્યો છે. મારી ટીમ આ મામલામાં યોગ્ય કાનૂની કાર્યવાહી કરશે..''તેમણે વધુમાં કહ્યું, "હું મીડિયા અને મારા પ્રશંસકોને અનુરોધ કં છું કે તેઓ કોઈપણ અન અધિકૃત ઘોષણા પર ભરોસો ન કરે અને ન તો તેને પ્રકાશિત કરે. તમારા સ્નેહ અને સમર્થન માટે આભાર.''

# "પ્લેયર ઓફ ધ મેચની ટ્રોફીઓ એટલી ભારે છે કે સામાનનું વજન વધી જશે": મેચ જીત્યાં બાદ હોપની રમૂજ

ભારત સામેની ચોથી ૨૦ મેચમાં શાનદાર અણનમ ૧૦૨ રન બનાવીને પોતાની ટીમને ૨૪ રને જીત અપાવનાર વેસ્ટ ઈન્ડિઝના કેપ્ટન શાઈ હોપે મેચ બાદ પ્રેસ કોન્ફરન્સમાં પોતાની એવોર્ડ ટ્રોફીઓને લઈને રમુજી અંદાજમાં વાત કરી હતી.

આ પ્રવાસ દરમિયાન પોતાનો ત્રીજો 'પ્લેયર ઓફ ધ મેચ' એવોર્ડ જીત્યાં બાદ તેમણે મજાકમાં કહ્યું કે, "સાચું કહું તો આ એવોર્ડ્સ ખૂબ જ ભારે છે અને હવે અમારે ઘરે પાછા જતી વખતે સામાનના વજન પર ધ્યાન આપવું પડશે.




મને લાગે છે કે જ્યારે હું આટલી બધી ટ્રોફીઓ લઈને ઘરે જઈશ ત્યારે મારા સામાનનો વજન જરૂર વધી જશે અને ફ્લાઈટમાં જવામાં થોડી સમસ્યાઓ ઊભી થઈ શકે છે."

તેમણે વધુમાં ઉમેર્યું કે, તેમનો મુખ્ય હેતુ પોતાની ટીમને જીતવાની શ્રેષ્ઠ તક આપવાનો છે અને જો શરૂઆતમાં ૫૦ થી વધુ રનની ભાગીદારીથી મજબૂત પાયો નંખાય, તો મધ્યમ અને છેલ્લી ઓવરોમાં મુક્તપણે બેટિંગ કરીને મેચને આક્રમક રીતે પૂરી કરી શકાય છે.

હૈદરાબાદની પીચ અંગે વાત કરતાં વિન્ડીઝના કેપ્ટને ખુલાસો કર્યો કે, આ વિકેટ ધારણા કરતા થોડી અલગ રહી હતી. તેમણે જણાવ્યું કે, "અમે શરૂઆતમાં વિચાર્યું હતું કે પીચ પર બોલ વધુ સારી રીતે ઉછળીને બેટ પર આવશે, પરંતુ નવા બોલને કારણે કેટલાક બોલ ખૂબ ઊંચા ઉછળી રહ્યા હતા તો કેટલાક નીચા પણ રહી જતા હતા.

શરૂઆતમાં બોલિંગની ગતિમાં ફેરફાર જોવા મળ્યો અને બાદમાં સ્પિનરો તેમજ ફાસ્ટ બોલરો સામે સીધી લાઈનમાં શોટ્સ રમવા મુશ્કેલ હતા, તેથી મને લાગ્યું કે ૨૪૦ પ્લસનો સ્કોર ડિફેન્ડ કરવા માટે ખૂબ જ સારો હતો."

# હાર બાદ કેપ્ટન શ્રેયસ અય્યર થયો ગુસ્સે, બોલરોની ખામીઓને ગણાવી હારનું કારણ

## 'અમે બોલિંગમાં યોજનાઓ પર અમલ ન કરી શક્યા'



વેસ્ટ ઈન્ડિઝ સામે ચોથા ટી૨૦ મેચમાં ૨૪ રને મળેલી હાર બાદ ભારતીય ટીમનાં પ્રદર્શનને લઈને કેપ્ટન શ્રેયસ અય્યરે મેચ પછી પોતાની નારાજગી વ્યક્ત કરી હતી. મેચના અંતે વાત કરતાં કેપ્ટન અય્યરે સ્વીકાર્યું કે, ટીમ ગ્રોસ સ્કોરને રોકવામાં નિષ્ફળ રહી અને ખેલાડીઓ પોતાની રણનીતિ પર યોગ્ય રીતે અમલ કરી શક્યા નહોતા.

તેમણે જણાવ્યું કે, ''હું માનું છું કે, અમે બોલિંગમાં યોજનાઓને અમલમાં મૂકી શક્યા નથી. ૨૫૦ રનનો ટાર્ગેટ ચેઝ કરવો ક્યારેય સરળ હોતો નથી. અમે ૧૨ રન પ્રતિ ઓવરથી વધુના રેટથી રન બનાવ્યાં હતાં, પરંતુ વેસ્ટ ઈન્ડિઝે શાનદાર બોલિંગ કરી અને તેનો શ્રેય તેમને જાય છે.''

આ ઉપરાંત, મેચની પરિસ્થિતિ વિશે વાત કરતાં કેપ્ટને ઉમેર્યું હતું કે, બોલિંગ દરમિયાન પીચ પર બાઉન્સ ઘણો વધી ગયો હતો, પરંતુ વેસ્ટ ઈન્ડીઝ ટીમના બોલરોએ બદલાયેલી પરિસ્થિતિને ખૂબ સારી રીતે પારખી લીધી હતી.

શ્રેયસ અય્યરે સ્પષ્ટ કર્યું કે, આ હારથી ઘણું શીખવાનું મળ્યું છે અને આગામી પાંચમો તથા નિર્ણાયક મુકાબલો ખૂબ જ રોમાંચક રહેશે. ઉલ્લેખનીય છે કે, આ હાર બાદ પાંચ મેચોની આ ટી૨૦ શ્રેણી હાલ ૨-૨ ની બરાબરી પર આવી ગઈ છે.

# ભારતે ટી-૨૦માં ૨૦૦૦ છગ્ગા પૂરા કર્યા

## હોપે ક્રિસ ગેલનો રેકોર્ડ તોડ્યો, અભિષેક-સેમસન સાથે ટકરાયા વેસ્ટ ઈન્ડિઝના ખેલાડીઓ



વેસ્ટ ઈન્ડિઝે ચોથી ટી-૨૦ મેચમાં ભારતને ૨૪ રનથી હરાવી દીધું હતું. હૈદરાબાદમાં રમાયેલી આ મેચ દરમિયાન ભારતે ટી-૨૦ ઈન્ટરનેશનલમાં ૨ હજાર છગ્ગા પૂરા કર્યા. શાઈ હોપે ક્રિસ ગેઈલનો રેકોર્ડ તોડી દીધો. તેઓ વેસ્ટ ઈન્ડિઝ માટે ટી-૨૦માં સૌથી વધુ સદી ફટકારનાર બેટ્સમેન બની ગયા.

ભારત-વેસ્ટ ઈન્ડિઝની ચોથી ટી-૨૦માં બનેલા ટોપ રેકોર્ડ્સ-મોમેન્ટ્સપ

૧. ટીમ ઈન્ડિયાથી આગળ માત્ર વેસ્ટ ઈન્ડિઝ

ભારતે ૨ હજાર છગ્ગા પૂરા કરી લીધા છે. તે આ સિદ્ધિ મેળવનારી દુનિયાની બીજી ટીમ બની ગઈ છે. ટીમના નામે હવે ૨૦૧૦ છગ્ગા છે. વેસ્ટ ઈન્ડિઝ ૨,૦૨૬ છગ્ગા સાથે પ્રથમ સ્થાને છે.

૨. હોપે ટી-૨૦ આંતરરાષ્ટ્રીયમાં ત્રીજી સદી ફટકારી

હોપ વેસ્ટ ઇન્ડિઝ માટે ટી-૨૦ આંતરરાષ્ટ્રીયમાં સૌથી વધુ સદી ફટકારનાર બેટ્સમેન બની ગયા. તેમણે ક્રિસ ગેઈલ અને ઈવિન લૂઈસની ૨-૨ સદીઓને પાછળ ધકેલી દીધી.

૩. હોપે ૫૦+ સ્કોરમાં ગેઈલની બરાબરી કરી

હોપે ટી-૨૦ આંતરરાષ્ટ્રીયમાં ૧૬મો ૫૦+ સ્કોર બનાવ્યો. તેણે વેસ્ટ ઈન્ડિઝ માટે સૌથી વધુ ફિફ્ટી અથવા તેનાથી વધુ સ્કોર બનાવવાના મામલે ક્રિસ ગેઈલની બરાબરી કરી. બંનેએ ૧૬-૧૬ વખત આ સિદ્ધિ મેળવી છે.

૪. ભારત સામે વેસ્ટ ઈન્ડિઝનો સૌથી મોટો પાવરપ્લે સ્કોર બન્યો

વેસ્ટ ઈન્ડિઝે હૈદરાબાદમાં પાવરપ્લે દરમિયાન ૧ વિકેટ ગુમાવીને ૭૯ રન બનાવ્યા. ભારત સામે વેસ્ટ ઈન્ડિઝનો આ સૌથી મોટો પાવરપ્લે સ્કોર છે. આ પહેલાં ટીમે ૨૦૧૬માં લૉડરહિલમાં એક પણ વિકેટ ગુમાવ્યા વિના ૭૮ રન બનાવ્યા હતા.

૫. પોલ ટી-૨૦માં ભારત સામે ૫ વિકેટ લેનારા બીજા બોલર

કીમો પૉલે હૈદરાબાદમાં ૪૧ રન આપીને ૫ વિકેટ લીધી. તેઓ ભારત સામે ટી-૨૦ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ૫ વિકેટ લેનારા બીજા બોલર છે. તેમના પહેલાં વેસ્ટ ઈન્ડિઝના જ ઓબેડ મેકકૉયે ૨૦૨૨માં આ સિદ્ધિ મેળવી હતી.

૧. મયંકે રદરફોર્ડનો કેચ છોડ્યો

૧૯મી ઓવરમાં શર્ફેન રદરફોર્ડનો કેચ છૂટી ગયો. પ્રિન્સ યાદવે ઓવરના પાંચમોં બોલ ઝડપી શોર્ટ નાખ્યો. તેના પર રદરફોર્ડે આગળ વધીને શોટ રમવાનો પ્રયાસ કર્યો. બોલ શોર્ટ ફાઈન લેગ તરફ ગયો, જ્યાં મયંક યાદવ ઊભો હતો. તેને લાગ્યું કે તેઓ સરળતાથી કેચ પકડી લેશે, પરંતુ તેઓ બોલની લાઇનમાં આવી જ શક્યો નહી અને કેચ છૂટી ગયો.

પ્રથમ ઈનિંગ્સના છેલ્લા બોલ પર તિલક વર્માએ હોપનો કેચ છોડી દીધો. ૯૬ રન બનાવીને રમી રહેલા હોપે નીતિશ રેડ્ડીની બોલ પર લોંગ-ઑન તરફ શોટ રમ્યો. તિલક કેચ પકડવા માટે ડાબી તરફ ગયો, પરંતુ ફ્લડલાઇટ્સમાં બોલ બરાબર જોઈ શક્યો નહીં અને કેચ છૂટી ગયો. બોલ સીધો બાઉન્ડરી રોપ પર પડ્યો અને હોપને છગ્ગો મળ્યો. તેમણે છેલ્લી ૨ બોલ પર છગ્ગો ફટકારીને સદી પૂર્ણ કરી.

બીજી ઓવરના પાંચમા બોલ પર સંજુ સેમસને શમર જોસેફના ફુલટોસ બોલને લૉન્ગ-ઑફની ઉપરથી છગ્ગા માટે મોકલ્યો. ટી-૨૦ આંતરરાષ્ટ્રીયમાં આ તેનો ૧૦૦મો છગ્ગો હતો. તે ટી-૨૦ આંતરરાષ્ટ્રીયમાં છગ્ગાની સદી પૂરી કરનાર ભારતના છઠ્ઠા ખેલાડી બન્યા. તેમના પહેલાં રોહિત શર્મા, સૂર્યકુમાર યાદવ, અભિષેક શર્મા, હાર્દિક પંડ્યા અને વિરાટ કોહલી આ સિદ્ધિ મેળવી ચૂક્યા છે.

ભારતીય ઈનિંગ્સની બીજી ઓવરમાં શમાર જોસેફે સેમસનને ૧૪૫ કિમી પ્રતિ કલાકની ઝડપે બાઉન્સર ફેંક્યો. આ ફ્રી હિટ બોલ હતો. સેમસન જેમતેમ કરીને બોલ રમી શક્યો. બોલે ટોપ એજ લીધું અને ૪ રન માટે બાઉન્ડરી પાર કરી ગયો.

તે સમયે સેમસન ૯ બોલમાં ૧૦ રન બનાવીને રમી રહ્યો હતો. ત્યાર બાદ સેમસને સતત બાઉન્ડરી ફટકારી. તેમણે આગામી ૧૪ બોલમાં ૪ છગ્ગા અને ૪ ચોગ્ગા ફટકારીને ૪૬ રન બનાવ્યા.કીમો પોલે મેચની પોતાના પહેલા જ બોલ પર વિકેટ લીધી. તેણે સંજુ સેમસનને શિમરોન હેટમાયરના હાથે કેચ આઉટ કરાવ્યો. જ્યારે સંજુ પેવેલિયન પરત ફરી રહ્યો હતો, ત્યારે તેની વેસ્ટઈન્ડિઝના ખેલાડીઓ સાથે દલીલ થઈ. આવી જ રીતે ૧૨મી ઓવરમાં પણ અભિષેક શર્મા આઉટ થયા બાદ બોલાચાલી થઈ. અભિષેકે પેવેલિયન પરત ફરતાં તેની ફરિયાદ અમ્પાયરને પણ કરી.૧૨મી ઓવરમાં ગુડાકેશ મોતીએ નમન ધીરને સ્ટમ્પ આઉટ કરાવ્યો. મોતીનો બોલ ટપ્પો ખાધા બાદ ઝડપથી ટર્ન થયો અને નમન તેને રમવામાં ચૂકી ગયો. તેનો પાછળનો પગ ક્રીઝની બહાર નીકળી ગયો. શાઈ હોપે તરત જ ગિલ્લીઓ વિખેરી નાખી. થર્ડ અમ્પાયરે રિપ્લે જોયા બાદ નમનને આઉટ જાહેર કર્યો. વિકેટ પડતાની સાથે જ શિમરોન હેટમાયર બાળકોની જેમ કૂદતા જોવા મળ્યો.

# ધોની વધુ એક આઈપીએલ સિઝન રમે તેવી શક્યતા!



ચેન્નાઈ સુપરકિંગ્સ (CSK) ના સીઈઓ કાશી વિશ્વનાથનને આશા છે કે એમ.એસ. ધોનીમાં હજુ ક્રિકેટ બાકી છે અને તે IPL-૨૦૨૭માં રમી શકે છે. ઈજાના કારણે ધોની IPL-૨૦૨૬માં એક પણ મેચ રમી શક્યા નહોતા. ચેન્નઈમાં મીડિયા સાથે વાત કરતાં વિશ્વનાથને કહ્યું કે ધોની આગામી સિઝનમાં રમશે કે નહી, આ નિર્ણય ફ્રેન્ચાઈઝીએ સંપૂર્ણપણે તેમના પર છોડી દીધો છે.

તેમણે કહ્યું, "આ એક એવો સવાલ છે જે તમારે ધોનીને જ પૂછવો જોઈએ. મારે પણ તેમને આ પૂછવું પડશે. જ્યારે તેઓ ચેન્નઈ આવે છે ત્યારે તેઓ અમને તેમના નિર્ણય વિશે જણાવે છે. મને લાગે છે કે તેમના CSK માટે રમતા રહેવાની સંભાવના છે. તેઓ હજુ પણ એક ખેલાડી છે, તમે જાણો છો.''

બીજી તરફ, ટીમના પૂર્વ ખેલાડી સુરેશ રૈનાએ પણ કહ્યું કે તે ધોનીને વધુ એક IPL સિઝનમાં વાપસી કરતા જોવા માગે છે. રૈનાએ કહ્યું, "મેં તેમને કહ્યું કે તમે IPL-૨૦૨૬ મિસ કરી દીધી. આ ગણવામાં આવશે નહી. તમારે આવતા વર્ષે પાછા આવવું પડશે.''

કોલંબો : શ્રીલંકાએ પાકિસ્તાન સામે ૯ નવેમ્બરથી શરૂ થનારી બે ટેસ્ટ મેચોની શ્રેણી માટે ૧૫ સભ્યોની ટીમ જાહેર કરી છે. કુશલ મેન્ડિસ ટીમની કમાન સંભાળશે, જ્યારે પૂર્વ કેપ્ટન ધનંજય ડિસિલ્વાને પણ સ્થાન મળ્યું છે.

પાથુમ નિસાંકાનું રમવું ફિટનેસ પર નિર્ભર રહેશે. મુકાબલા રાવલપિંડી અને લાહોરમાં યોજાશે. વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ (WTC) ના પોઇન્ટ ટેબલમાં શ્રીલંકા સાતમાં અને પાકિસ્તાન આખરી સ્થાને છે.










નવરાત્રી મહોત્સવની સમગ્ર સુરત શહેરમાં રંગત જામી છે. ખાનગી ગરબા આયોજનો તથા શહેરી ગરબાઓમાં ખેલૈયાઓ મોડી રાત સુધી રાસ-ગરબાની રમઝટ બોલાવી રહ્યા છે. વિવિધ વિસ્તારોની આ તસ્વીર છે.

# ધિરાણવાળી મિલકતના વિવાદમાં બેંક કર્મી સામે ગુનો નોંધવા હુકમ

## બેંકે મિલ્કતનો કબજો નહીં સોંપતા અદાલતે કરેલો આદેશ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૫**

સુરતઃ નામદાર ૧૭માં એડી. ચીફ જ્યુડી. મેજી. જીતેન્દ્ર સિંહ સાહેબની કોર્ટે બેંક ઓફ બરોડાના જવાબદાર અધિકારી/કર્મચારી અને અન્ય સામે FIR નોંધવાનો હુકમ કર્યો છે. ફરિયાદી વિશાખા અશોક ખાખોલીયા, રહે. ફ્લેટ નં. બી/૬૦૨, શિવ સોમેશ્વરા, અલથાણ, સુરતની ફરિયાદ પર કોર્ટે IPC કલમ ૪૦૬, ૪૨૦ હેઠળ તાત્કાલિક નોંધવા આદેશ કર્યો છે. ફરિયાદની મુખ્ય હકીકત એ છે કે, ફરિયાદીની માલિકીની મિલકત ફ્લેટ નં.૩૦૩, ગુરૂકૃપા કોમ્પલેક્ષ, પર્વત પાટીયા, સુરત મેસર્સ વોઈસ ઓફ ટ્રેડના પ્રોપ્રાયટર અશોક ખાખોલીયાએ બેંક ઓફ બરોડા, ભટાર રોડ શાખામાંથી લીધેલ સી.સી. લોનમાં ગેરેન્ટર તરીકે મોર્ગેજમાં મુકેલી હતી. લોન ભરપાઈ ન થતા બેંકે તા.૦૫/૧૦/૨૦૨૧ ના રોજ મિલકત સીલ કરી હતી. ત્યારબાદ અન્ય ગેરેન્ટર પ્રદિપ અગ્રવાલે વન ટાઈમ સેટલમેન્ટ માટે અરજી કરતા આરોપી નં.૧ સંજયકુમાર સિન્હા (ચીફ મેનેજર, આર.ઓ.એસ.એ. આર.બી. બ્રાંચ, સુરત સીટી રીજીયન) એ રૂ.૫૧,૫૦,૦૦૦ ફૂલ એન્ડ ફાઈનલ સેટલમેન્ટ પેટે ભરવા જણાવ્યું, જે રકમ ગેરેન્ટરે જમા કરી દીધી હતી. બેંકે તા.૦૭/૧૧/૨૦૨૧ અને તા.૩૦/૧૧/૨૦૨૧ ના રોજ એકાઉન્ટ કલોઝ કરી તા.૨૧/૧૨/૨૦૨૧ ના રોજ નો ડ્યુ સર્ટીફિકેટ આપી મિલકત રીલીઝ કરી, અસલ દસ્તાવેજો પરત આપ્યા અને બોજો નથી તેવું જણાવ્યું, પરંતુ કબજો પરત સોંપ્યો નહી. ફરિયાદીના આક્ષેપ મુજબ આરોપી નં.૧ એ જાણબહાર અને સંમતિ વિના બોગસ સેલ સર્ટીફિકેટ બનાવી મિલકતનો ગેરકાયદેસર કબજો આરોપી નં.૨ પરમાનંદ ગૂદરમલ માલપાનીને ટ્રાન્સફર કરી દીધો છે. ખટોદરા પોલીસ અને પોલીસ કમિશનરને લેખિત અરજી કરવા છતાં FIR ન નોંધાતા આખરે ફરિયાદીએ વકીલ અજય વી. વેલાવાલા અને નવઝાદ એસ. દાબુ મારફતે નામ. કોર્ટમાં ફરિયાદ કરી હતી.

# ફ્લેટનો સોદો રદ થતાં બિલ્ડરે આપેલો ચેક બાઉન્સ થયો

## આરોપીને એક વર્ષની કેદ અને વળતર સાથે મુદ્દલ ચુકવવા હુકમ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૫**

ફ્લેટ ખરીદીનો સોદો રદ થયા બાદ બાકી નાણાં ચૂકવવા બિલ્ડરે આપેલો રૂ.૬.૫૦ લાખનો ચેક બાઉન્સ થતાં નોંધાયેલા કેસમાં કોર્ટે આરોપીને એક વર્ષની સાદી કેદની સજા ફટકારી છે. આ ઉપરાંત રૂ.૯.૨૦ લાખનો દંડ ફટકારી, તેમાંથી રૂ.૯.૧૦ લાખ ફરિયાદીને વળતર તરીકે ચૂકવવાનો હુકમ કર્યો છે. કેસની હકીકત મુજબ, સુરતના પાલનપુર પાટિયા વિસ્તારમાં દીપાંજલી સોસાયટીમાં રહેતા અને સોફ્ટવેર કંપનીમાં નોકરી કરતા સાગરભાઈ વ્યાસે વર્ષ ૨૦૨૦માં અડાજણના કેદારકૃપા હાઉસિંગ સોસાયટીના રી-ડેવલપમેન્ટ પ્રોજેક્ટમાં રૂ.૨૪ લાખમાં ફ્લેટ બુક કરાવ્યો હતો. આ સોદા પેટે તેમણે બિલ્ડર જયેશ જશવંતભાઈ શાહને રૂ.૨૨ લાખ ચૂકવ્યા હતા. જોકે, ત્યારબાદ સોદો રદ થતાં બિલ્ડરે ટુકડે-ટુકડે રૂ.૧૫.૫૦ લાખ પરત ચૂકવ્યા હતા. બાકીના રૂ.૬.૫૦ લાખ ચૂકવવા માટે બિલ્ડરે ૨૫ ડિસેમ્બર, ૨૦૨૧ની તારીખનો એચડીએફસી બેંકનો ચેક આપ્યો હતો. ફરિયાદીએ ચેક બેંકમાં જમા કરાવતા તે 'પેમેન્ટ સ્ટોપ્ડ બાય ડ્રોઅર'ના શેરા સાથે પરત ફર્યો હતો. જેથી તેમણે બિલ્ડર વિરુદ્ધ નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ્સ એક્ટની કલમ ૧૩૮ હેઠળ ફરિયાદ નોંધાવી હતી. કોર્ટની કાર્યવાહી દરમિયાન ફરિયાદી તરફે એડવોકેટ યજ્ઞેશ જે. વ્યાસે દલીલો કરી હતી કે, આરોપી ફરિયાદવાળા વ્યવહારની સંપૂર્ણ રકમ ચૂકવી દીધી હોવાનો બચાવ સાબિત કરી શક્યો નથી. કોર્ટે દલીલો ગ્રાહ્ય રાખી આરોપીને દોષિત ઠેરવી એક વર્ષની સાદી કેદ અને દંડનો હુકમ કર્યો હતો.

# ડીંડોલીમાં માનસિક અસ્થિર બાળક સાથે અપ્રાકૃતિક કૃત્ય

## ભેસ્તાન આવાસમાં સગીર છોકરા સાથે દુષ્કૃત્ય કરનાર આરોપી અયાન શેખ વિરૂદ્ધ પોકસો હેઠળ ગુનો દાખલ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૫**

ડીંડોલી વિસ્તારમાં માનસિક રીતે અસ્થિર બાળકને દસ રૂપિયાની લાલચ આપી અપહરણ કર્યા બાદ તેની સાથે અપ્રાકૃતિક દુષ્કર્મ આચર્યાની ગંભીર ઘટના સામે આવી છે. આ મામલે બાળકના માથા મામા ડીંડોલી પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા અને પોક્સો એક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. ફરિયાદ મુજબ, ૧૩ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ બપોરે આશરે ૩.૩૦ વાગ્યે આરોપી અયાન નઈમ શેખે ફરિયાદીના પુત્ર મુસ્તુફાને તેની જાણ બહાર અને કાયદેસરના વાલીપણામાંથી લઈ ગયો હતો. આરોપી બાળકને તેની નાનીના ઘરેથી ભેસ્તાન આવાસ ખાતે આવેલા પોતાના મકાનમાં લઈ ગયો હતો. ત્યાં દસ રૂપિયા આપવાની લાલચ આપી બાળકને પોતાની સાથે લઈ જવામાં આવ્યો હોવાનો આક્ષેપ છે.

ફરિયાદમાં વધુમાં જણાવાયું છે કે, મુસ્તુફા માનસિક રીતે અસ્થિર હોવાનું આરોપી જાણતો હોવા છતાં તેનો ગેરલાભ લઈ તેની સાથે બળજબરીથી અપ્રાકૃતિક સંભોગ કર્યો હતો. આ મામલે ૧૪ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ રાત્રે ૮.૪૫ વાગ્યે ડીંડોલી પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો. પોલીસે આરોપી અયાન નઈમ શેખ સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ ૧૩૭(૨) અને ૩૫૧(૩) તેમજ પોક્સો એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. બાળકની સુરક્ષા અને સમગ્ર ઘટનાની હકીકત જાણવા પોલીસ દ્વારા કાયદેસરની તપાસ આગળ ધપાવવામાં આવી રહી છે.

# વકીલ મેહુલ બોઘરા વિરુધ્ધની ફરિયાદ રદ્દ કરતી હાઇકોર્ટ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૫**

લસકાણા ખાતે વકીલ મેહુલ બોઘરા પર ટીઆરબી જવાને હુમલો કર્યો હતો. ત્યારબાદ વકીલ મેહુલ બોઘરા વિરુદ્ધ પણ પોલીસ સાથે ફરજમાં રુકાવટ બદલ ગુનો અને એટ્રોસિટી એક્ટ હેઠળ ગુનો નોંધાયો હતો. મેહુલ બોઘરા સામેની આ ફરિયાદ હાઈકોર્ટે રદ કરી હોવાનું વકીલ આર.બી. મેંદપરા પાસેથી જાણવા મળ્યું હતું.

સરથાણા પોલીસ સ્ટેશનમાં વકીલ મેહુલ બોઘરા વિરુદ્ધ ફરજમાં રુકાવટ અને એટ્રોસિટી એક્ટ હેઠળ પોલીસે ફરિયાદ નોંધાવી હતી. આ ફરિયાદ અને તથા તેની સાથેની તમામ આનુષંગિક કાર્યવાહીઓ રદ કરવા હાઈકોર્ટમાં પીટીશન કરી હતી. આરોપી તરફે દલીલ થઈ હતી કે પોલીસ તથા ઈમ્ કર્મચારીઓ દ્વારા ચલાવવામાં આવતા ગેરકાયદે નાણાં ઉઘરાવવાની પ્રવૃત્તિને ઉજાગર કરવા લસકાણા મેઈન રોડ પર ગયા હતા. જ્યારે તેઓ ફેસબુક પર લાઈવ-સ્ટ્રીમિંગ કરી રહ્યા હતા, ત્યારે ટીઆરબી સુપરવાઈઝર સાજન ભરવાડે મેહુલ બોઘરા પર જીવલેણ હુમલો કર્યો હતો. જેમાં ટીઆરબી વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

મેહુલ સામે કરેલી એફઆઈઆર એક સ્પષ્ટ બદલાની ભાવનાથી (Counter-blast) કરેલી કાર્યવાહી છે. એકલા વકીલ-કાર્યકર દ્વારા લાઈવ સ્ટ્રીમિંગ કરતી વખતે પોલીસ પર જબરજસ્તી વસૂલીનો પ્રયાસ કરવો તે અસંભવ છે. એટ્રોસિટી એક્ટના આરોપો માત્ર બચાવ માટે ખોટી રીતે ઉમેરવામાં આવ્યા છે અને આ કેસ સ્ટેટ ઓફ હરિયાણા વિરુદ્ધ ભજનલાલ કેસના માપદંડોમાં બંધ બેસે છે. કોર્ટે મેહુલ બોઘરા તરફે થયેલી અરજી મંજૂર કરી હતી

**આમિરના ભાણેજ**
**પહેલા પાનાનું ચાલુ**

પોતાની એક તસવીર સોશિયલ મીડિયા પર શેર કરી અને લખ્યું હતું, 'લાગે છે કે હું ડ્રાઈવ પર જઈ રહ્યો છું.'

વાનની અંદરથી સામે આવેલા એક વીડિયોમાં જ્યારે તેમની કઝિન જૈને તેમને પૂછ્યું કે શું તેઓ ક્યારેય જેલમાં ગયા છે, ત્યારે ઈમરાને કહ્યું કે હાલ જે પરિસ્થિતિ છે, તેને જોઈને તેના ચાન્સ લાગી રહ્યા છે. મીડિયા સાથેની વાતચીતમાં ઈમરાને કહ્યું કે તેમને કોઈ કારણ વિના રસ્તા પરથી ઉઠાવીને વાનમાં બેસાડી દેવામાં આવ્યા હતા.

અટકાયતમાંથી છૂટ્યા બાદ લેખા વોશિંગ્ટને ઈન્સ્ટાગ્રામ પર એક વીડિયો શેર કરીને દાવો કર્યો કે પોલીસે તેમને મુક્તિ બાદ કોઈ કાર અથવા કેબ કરવાની મંજૂરી આપી નહોતી.

લેખાએ જણાવ્યું કે તેમનો મોબાઈલ પણ જમા કરાવી લેવામાં આવ્યો હતો, ત્યારબાદ તેઓ ઈમરાન અને જૈન સાથે ચાલતા જ ઘર તરફ નીકળ્યા. બીજી તરફ, ઈમરાન ખાને જણાવ્યું કે પહેલા તેમને અને અન્ય લોકોને લગભગ બે કલાક સુધી પોલીસ વાનમાં ફેરવવામાં આવ્યા હતા.

**ફડિંગ**
**પહેલા પાનાનું ચાલુ**

દિલ્હીમાં પ્રદર્શન કરી રહ્યા છે. તેઓ મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમરના રાજીનામાની માંગ કરી રહ્યા છે.

આ પક્ષોનો આરોપ છે કે મતદાર યાદીઓના સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR)માં અનિયમિતતાઓ થઈ છે. આ દરમિયાન મિલબેન અને દિપકે વચ્ચે વિદેશી ફંડિંગને લઈને નિવેદનબાજી શરૂ થઈ.

દિપકેએ મિલબેનને જવાબ આપતાં કહ્યું, ''વિદેશી નાગરિકોને ભારતની આંતરિક બાબતોમાં દખલ કરવાનો અધિકાર કોણે આપ્યો? અમે અમારા મુદ્દાઓનો સામનો કરવા માટે સંપૂર્ણપણે સક્ષમ છીએ. અમને અમારા દેશની બાબતોમાં બહારના લોકોના હસ્તક્ષેપની જરૂર નથી.''

**ક્રુડ ઓઈલના ભાવો ગગડતા**
**પહેલા પાનાનું ચાલુ**

ટકા હતો. અપેક્ષા કરતાં વધુ ફુગાવાને કારણે ઓક્ટોબરમાં યુએસ ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજ દરમાં ફરી વધારો થવાની શક્યતા મજબૂત બની છે.

નિષ્ણાતોએ જણાવ્યું હતું કે આ ચિંતાને કારણે યુએસ બજારોમાં તીવ્ર વેચવાલી જોવા મળી, જેમાં ટેકનોલોજી-આધારિત નાસ્ડેક ઈન્ડેક્સ ૧.૮૮ ટકા ઘટ્યો.

તેમણે કહ્યું, "આનાથી દક્ષિણ કોરિયા અને જાપાનના બજારો પર પણ અસર પડી છે. નિક્કી ૪ ટકાથી વધુ નીચે છે, અને કોસ્પી ૭ ટકાથી વધુ નીચે છે. જોકે, ભારતીય બજારના દૃષ્ટિકોણથી, છૈં શેરોમાં કરેકશનને સકારાત્મક ગણી શકાય."

નિષ્ણાતોના મતે, વિદેશી સંસ્થાકીય રોકાણકારો (FII) જે AI શેરોમાં રોકાણ કરવા માટે ભારતીય શેર વેચી રહ્યા હતા તેઓ હવે આ વલણને અટકાવી રહ્યા છે.

ટેકનિકલ વિશ્લેષકોના મતે, નિફ્ટીએ મંદીનો માહોલ બનાવ્યો હતો, જ્યારે તેનો રિલેટિવ સ્ટ્રેન્થ ઈન્ડેક્સ (RSI) ૩૨.૦૧ ની સરેરાશથી ઉપર ૪૧.૬૬ પર હતો. આ બજારના ગતિમાં થોડો સુધારો દર્શાવે છે.

બુધવારે, વિદેશી રોકાણકારો (FII) ચોખ્ખા વેચાણકર્તા હતા, જેમણે આશરે ?૧,૮૫૭ કરોડના શેર વેચ્યા હતા. તેનાથી વિપરીત, સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (DII) એ મજબૂત ટેકો પૂરો પાડ્યો હતો, જેમણે આશરે ?૨,૬૭૦ કરોડની ચોખ્ખી ખરીદી કરી હતી.

દરમિયાન, યુએસ ફુગાવાના ડેટામાં વધારો થયા બાદ વ્યાજ દર અંગે ચિંતાઓ હોવાથી બુધવારે વોલ સ્ટ્રીટ નીચા સ્તરે બંધ થયો હતો. આ અસર ખાસ કરીને નાસ્ડેક અને છૈં શેરો પર અનુભવાઈ હતી. એશિયન બજારો પણ લાલ નિશાનમાં કારોબાર કરી રહ્યા હતા.

દરમિયાન, ક્રૂડ ઓઈલના ભાવમાં આશરે ૨ ટકાનો ઘટાડો થયો હતો. રોકાણકારો હોર્મુઝ સ્ટ્રેટ સાથે સંબંધિત પુરવઠા જોખમો અને શિપિંગ ખર્ચ ઘટાડવાના યુએસ પગલાંની સંભવિત અસરનું મૂલ્યાંકન કરી રહ્યા છે.

**ભારતીય સેના દ્વારા**
**પહેલા પાનાનું ચાલુ**

ડ્રોન અને કાઉન્ટર-ડ્રોન સંબંધિત ખરીદી પ્રસ્તાવોની તપાસ કરી.સેનાએ હાલમાં ૯ લો એલ્ટિટ્યૂડ એરિયલ થ્રેટ રિસ્પોન્સ એન્ડ મિટિગેશન સિસ્ટમ ખરીદવાની પ્રક્રિયા શરૂ કરી છે. આ પહેલાં ૧૦ ઈન્ટિગ્રેટેડ લોંગ રેન્જ સર્વેલન્સ ડ્રોન માટે ટેન્ડર બહાર પાડવામાં આવ્યું હતું.સૂત્રોના જણાવ્યા અનુસાર એક તરફ સેના લાંબા અંતર સુધી દેખરેખ રાખી શકે તેવા ડ્રોન ઈચ્છે છે. બીજી તરફ, ઓછી ઊંચાઈએ આવતા હવાઈ જોખમોનો સામનો કરવા માટેની સિસ્ટમો પણ ખરીદી રહી છે.સેનાએ ડ્રોન માટે ૨૭૩ વસ્તુઓની એક યાદી જાહેર કરી છે. તેમાં મોટર, ઈલેક્ટ્રોનિક સ્પીડ કંટ્રોલર, ગ્રાઉન્ડ કંટ્રોલ સિસ્ટમ, ફ્લાઈટ કંટ્રોલર, કેમેરા અને બેટરી ઉપરાંત રિમોટલી ઓપરેટેડ મલ્ટી-પેલોડ રિલીઝ મિકેનિઝમનો પણ સમાવેશ થાય છે. સર્વેલન્સ ડ્રોનનું કામ તસવીર અથવા વીડિયો મોકલવાનું છે. પેલોડ રિલીઝ મિકેનિઝમ ડ્રોનને કોઈ વસ્તુ નિર્ધારિત સ્થળે છોડવાની ક્ષમતા આપે છે.

સંરક્ષણ વિશ્લેષક બ્રિગેડિયર (નિવૃત્ત) શારદેન્દુનું કહેવું છે- ડ્રોન યુદ્ધક્ષમતાનું મૂલ્યાંકન પાકિસ્તાન-ચીનની સરખામણીમાં કરવું જરૂરી છે. ચીન પાસે ડ્રોન ઉત્પાદન, અદ્યતન ઈલેક્ટ્રોનિક યુદ્ધ સિસ્ટમ અને એઆઈ આધારિત ટેક્નોલોજીનો મજબૂત આધાર છે.

પાકિસ્તાન ચીની ટેક્નોલોજી અને તુર્કિયેની મદદથી ડ્રોન ક્ષમતા વધારી રહ્યું છે. ભારત સામે પડકાર માત્ર ડ્રોન મેળવવાનો નથી, પરંતુ સરહદ પર દેખરેખ, ચોક્કસ જવાબી કાર્યવાહી અને દુશ્મનના ડ્રોન હુમલાઓથી સુરક્ષા સુનિશ્ચિત કરવાનો પણ છે.

સેનાના ખરીદી પ્રસ્તાવોમાં આ વ્યાપક વિચારસરણી જોવા મળે છે. ચીનની ક્ષમતાનો સામનો કરવા માટે સ્વદેશી ઉત્પાદન, ઝડપી સમારકામ અને ઓછા ખર્ચે મોટી સંખ્યામાં ડ્રોન બનાવવાની ક્ષમતા પણ જરૂરી છે.

**અંકિતા ભંડારી હત્યા કેસના**
**પહેલા પાનાનું ચાલુ**

નથી થતી ત્યાં સુધી અમે આવી જ રીતે બેસી રહીશું. જો અમને અહીં બેસવા દેવામાં નહીં આવે તો અમે અમારા ઘરમાં ભૂખ હડતાલ કરીશું.

અંકિતાની હત્યા ૧૮ સપ્ટેમ્બર ૨૦૨૨ના રોજ થઈ હતી અને તેનો મૃતદેહ ૨૪ સપ્ટેમ્બર, ૨૦૨૨ના રોજ ચિલ્લા કેનાલમાંથી મળી આવ્યો હતો. રિસોર્ટના માલિક પુલકિત આર્ય અને બે કર્મચારીઓ સૌરભ ભાસ્કર અને અંકિત ગુપ્તાની ધરપકડ કરવામાં આવી હતી.

હત્યા, પુરાવા નાશ કરવા અને અન્ય આરોપો માટે કોટદ્વારમાં એડિશનલ ડિસ્ટ્રિક્ટ જજ રીના નેગી એ ૩૦ મે ૨૦૨૫ના રોજ તેઓને આજીવન કેદની સજા સંભળાવી.

**અમેરિકામાં હિમ**
**પહેલા પાનાનું ચાલુ**

ત્યારબાદ વિમાન સાથેનો સંપર્ક અને તેના ડેટાની ટ્રેકિંગ બંધ થઈ ગઈ.અધિકારીઓના જણાવ્યા અનુસાર, અકસ્માતમાં જમીન પર હાજર કોઈ વ્યક્તિ ઘાયલ થઈ નથી. અકસ્માતમાં કોઈ ઈમારત અથવા અન્ય માળખાને પણ નુકસાન થયું નથી.અકસ્માત વિસ્કોન્સિન ડેલ્સથી લગભગ ૧૦ માઈલ (૧૬ કિલોમીટર) પશ્ચિમમાં થયો હતો. આ શહેરમાં મોટી સંખ્યામાં વોટરપાર્ક્સ હોવાને કારણે તેને 'દુનિયાની વોટરપાર્ક રાજધાની' કહેવામાં આવે છે. રાજ્યના પર્યટન અધિકારીઓ અનુસાર, ૨૦૨૫માં આ વિસ્તારમાં ૫૦ લાખથી વધુ પ્રવાસીઓ આવ્યા હતા.

**નેતન્યાહુ ચૂંટણી**
**પહેલા પાનાનું ચાલુ**

ફરવાની શક્યતા યથાવત છે. ૭ ઑક્ટોબર ૨૦૨૩ના રોજ હમાસના હુમલામાં મોટી સંખ્યામાં લોકો માર્યા ગયા હતા. તેને ઈઝરાયલની સુરક્ષા વ્યવસ્થાની મોટી નિષ્ફળતા માનવામાં આવી હતી. વિપક્ષનો આરોપ છે કે નેતન્યાહૂએ હુમલાની જવાબદારી સ્વીકારી નથી અને સુરક્ષામાં થયેલી ચૂક માટે સેના તથા અધિકારીઓને જવાબદાર ઠેરવ્યા છે. હુમલાની તપાસ માટે સ્વતંત્ર આયોગ બનાવવાની માંગ પણ ઉઠી હતી, પરંતુ આ મુદ્દે વિવાદ યથાવત રહ્યો.

આ છતાં વિપક્ષ નેતન્યાહૂને કડક પડકાર આપી શકી રહ્યો નથી. કેટલાક સર્વેક્ષણોમાં વિપક્ષ આગળ છે, તો કેટલાકમાં નેતન્યાહૂનું ગઠબંધન લીડ જાળવી રહ્યું છે.

ટાઈમ્સ ઑફ ઈઝરાયલ અનુસાર, વિપક્ષી નેતાઓ વચ્ચેના મતભેદો નેતન્યાહૂ માટે ફાયદાકારક બની શકે છે. ગાદી આઈઝેનકોટ, નફ્તાલી બેનેટ અને એવિગડોર લિબરમેન જેવા નેતાઓ તેમને પડકાર આપી રહ્યા છે, પરંતુ વિપક્ષ અત્યાર સુધી એકજૂથ થઈને ચૂંટણી પ્રચાર કરી શક્યો નથી.

બીજી તરફ, નેતન્યાહૂ ટીવી કાર્યક્રમો, સોશિયલ મીડિયા અને જનસભાઓ દ્વારા પોતાના સમર્થકોને જોડવામાં વ્યસ્ત છે. તેઓ એ પણ પ્રયાસ કરી રહ્યા છે કે જમણેરી પક્ષોના મતો પરસ્પર વહેંચાઈ ન જાય.

**દેશભરમાં પહેલીવાર**
**પેજ-૨ પાનાનું ચાલુ**

થતો હોવાનું સામે આવશે તો જવાબદારો સામે કાયદેસરની કાર્યવાહી થઈ શકે છે.

**હવે સુરક્ષાનો સવાલ માત્ર પોલીસનો નહીં**

નવરાત્રિ એ ગુજરાતની ઓળખ અને સામૂહિક ઉત્સવનો મહાપર્વ છે. હજારો લોકો એક જ સ્થળે એકત્રિત થતા હોય ત્યારે સુરક્ષાની જવાબદારી માત્ર પોલીસ પર છોડી શકાય નહીં. આયોજકોએ પાસનું નિયંત્રિત વિતરણ, પ્રવેશદ્વાર પર વ્યવસ્થિત ચકાસણી, પૂરતા બેરિકેડ, ઈમરજન્સી બહાર નીકળવાના માર્ગ અને ભીડ વધે ત્યારે તાત્કાલિક પગલાં લેવા જેવી બાબતોને પ્રાથમિકતા આપવી જરૂરી છે. સુરત પોલીસ દ્વારા AI અને CCTV આધારિત દેખરેખનો ઉપયોગ ભીડ નિયંત્રણ માટે એક મહત્ત્વપૂર્ણ અભિગમ તરીકે સામે આવ્યો છે. જોકે, તેને દેશભરમાં પ્રથમ પ્રયોગ ગણાવવો હોય તો તેની સ્વતંત્ર પુષ્ટિ જરૂરી છે. આ વ્યવસ્થાની અસરકારકતા અંતે એટલા પરથી નક્કી થશે કે તે ભીડના જોખમને સમયસર ઓળખવામાં, પોલીસના પ્રતિસાદને ઝડપી બનાવવામાં અને ખેલૈયાઓની સુરક્ષા સુનિશ્ચિત કરવામાં કેટલી સફળ રહે છે.

**એનટીપીસી**
**પેજ-૨ પાનાનું ચાલુ**

અનુસૂચિત વિસ્તારોને લાગુ પડતા કાયદા અને ગ્રામસભાના અધિકારોનું યોગ્ય પાલન કરવાની માંગ કરી છે. આ ઉપરાંત, પ્રોજેક્ટ અંગેની સંપૂર્ણ માહિતી ગ્રામજનો સમક્ષ રજૂ કરી ખુલ્લી ગ્રામસભા યોજવામાં આવે અને સ્થાનિક લોકોના વાંધા તથા રજૂઆતો સાંભળવામાં આવે તેવી પણ માંગ કરવામાં આવી છે.ગ્રામજનોએ સ્પષ્ટ ચીમકી ઉચ્ચારી છે કે ગ્રામ પંચાયત અને સ્થાનિક લોકોના બંધારણીય તથા કાયદેસરના અધિકારોનું હનન કરીને કોઈ નિર્ણય લેવામાં આવશે તો આગામી દિવસોમાં વધુ ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

હાલ સમગ્ર મામલે ગ્રામજનોની નજર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આપવામાં આવનારી સત્તાવાર માહિતી પર ટકેલી છે. જમીન સંપાદન, પ્રોજેક્ટની વર્તમાન સ્થિતિ અને સ્થાનિક લોકો પર તેની સંભવિત અસર અંગે સત્તાવાર સ્પષ્ટતા થયા બાદ જ સમગ્ર હકીકત સામે આવશે.

**શાંતનુ વિદ્યાલય**
**પેજ-૨ પાનાનું ચાલુ**

રાકેશકુમાર યાદવ અને માર્ગદર્શક શિક્ષક શ્રી વસાવા કલ્પેશભાઈ ને શાળા પરિવાર વતી ખૂબ ખૂબ અભિનંદન પાઠવવામાં આવ્યા હતા અને આગામી તાલુકા/જિલ્લા કક્ષા માટે શુભેચ્છાઓ આપવામાં આવી હતી. શાળાના પ્રમુખશ્રી, આચાર્યશ્રી, શિક્ષકગણ અને સમસ્ત શાન્તનું શાળા પરિવાર તરફથી આ વિદ્યાર્થીઓને આ કાર્ય માટે ખૂબ ખૂબ શુભેચ્છા પાઠવવામાં આવે છે.

**સુરતમાં વિશ્વ માનક**
**પેજ-૨ પાનાનું ચાલુ**

અને ખાનગી સાહસો માટે વિશ્વ માનક દિને વિશેષ જનજાગૃત્તિ કાર્યક્રમો યોજવામાં આવે છે, અને ટકાઉ વિકાસ માટેના પ્રયાસોમાં યોગદાન આપવાની પ્રેરણા આપવામાં આવે છે. ભારતમાં ઉત્પાદનની ગુણવત્તા સુધારવામાં અને પર્યાવરણ સામેના પડકારોને પહોંચી વળવામાં બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડની ચાવીરૂપ ભૂમિકા છે એમ જણાવી તેમણે ઉમેર્યું કે, ઊર્જા આપણા ઘરો, ઉદ્યોગો, સ્વાસ્થ્ય સેવાઓ, શિક્ષણ અને આર્થિક વિકાસ માટે અત્યંત આવશ્યક છે. ભારત જ્યારે સ્વચ્છ ઊર્જાના ક્ષેત્રમાં પોતાની મહત્વકાંક્ષી યોજનાઓ સાથે આગળ વધી રહ્યું છે, ત્યારે સૌર ઊર્જા પ્રણાલીઓ, એનર્જી એફિશીયન્ટ, બેટરી અને એનર્જી સ્ટોરેજ, ઈલેક્ટ્રિક વાહનોના ચાર્જિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર તેમજ ઊર્જા ટેકનોલોજીમાં માનકોનું મહત્વ વધુ વધી જાય છે. હાલમાં સોના, ચાંદી, ફર્નિચર, સ્ટીલ સહિતના ૧૩૦૦ થી વધુ વિવિધ ઉત્પાદનો બીઆઈએસ(ISI માર્ક) હેઠળ આવરી લેવામાં આવ્યા છે

**સ્મીમેર હોસ્પિટલ**
**પેજ-૨ પાનાનું ચાલુ**

નાગરિકોએ લાભ લીધો. આ ઉપરાંત બાળકોમાં મોઢાની સ્વચ્છતા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ. દાંતની સફાઈ અને સામાન્ય સારવાર : ૧૨૨ દર્દીઓને સ્થળ પર જ મુખની સફાઈ અને દાંતની પ્રાથમિક સારવાર આપવામાં આવી. તમાકુ/ગુટખા છોડાવવા માટે કાઉન્સેલિંગ : ૫૭ નાગરિકોને વ્યસનમુક્તિ માટે વિશેષ માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતુ અને પ્રતીજ્ઞા લેવડાવવામા આવી હતી. આજ રોજ તા. ૧૪/૧૦/૨૦૨૬ નારોજ કુલ ૧૮૪૫ દર્દીઓએ વિનામુલ્યે સારવારનો લાભ લીધેલ અને કુલ રૂ. ૨,૩૯,૧૯૦/- ની બીલ માફી કરવામાં આવેલ.

**છેલ્લા પાનાનું ચાલુ**
**તહેવારોમાં**

સ્લોટ ઉપલબ્ધ ન હોવાને કારણે અરજદારો અને ખેડૂતોને શુભ મુહૂર્તમાં નોંધણી કરાવવામાં બાધા આવી રહી છે, આ ઉપરાંત, દસ્તાવેજ નોંધણી અટકી પડવાથી તહેવારો પૂર્વે નાણાકીય વ્યવહારો અને બેંક લોનની પ્રક્રિયાઓ પણ સ્થગિત થઈ ગઈ છે. કચેરીઓ પર અરજદારો અને દસ્તાવેજ લખનારાઓની ભારે ભીડથી ભારે અરાજકતા સર્જાઈ રહી છે.

આ ગંભીર સમસ્યાને ધ્યાને લઈને ધારાશાસ્ત્રી પ્રકાશ કોરાટ દ્વારા નોંધણી નિરીક્ષક જનરલ અને ગાંધીનગરને તાકીદનો પત્ર પાઠવીને રજૂઆત કરવામાં આવી છે. ત્રણ મહત્વપૂર્ણ માંગણી

૧. દિવાળીના તહેવાર પૂર્ણ થાય ત્યાં સુધી સુરતની તમામ સબ રજિસ્ટ્રાર કચેરીઓમાં ગરવી પોર્ટલ પર દૈનિક સ્લોટમાં ૨૫% થી ૩૦% નો વધારો કરવામાં આવે. ૨. ભારે વેઈટિંગ ધરાવતી કચેરીઓમાં તાત્કાલિક ધોરણે વધારાના ડેટા એન્ટ્રી અને રજિસ્ટ્રેશન કાઉન્ટર શરૂ કરવામાં આવે. ૩. કચેરીના કામકાજના સમયમાં દૈનિક ૧ થી ૨ કલાકનો વધારો કરવામાં આવે અથવા આગામી શનિવાર તથા જાહેર રજાના દિવસોમાં વિશેષ કેમ્પનું આયોજન કરવામાં આવે.

**કપલેથા**

અને અન્ય દસ્તાવેજી પુરાવાઓ ટ્રસ્ટમાં જમા કરાવ્યા ન હતા તેમજ હિસાબ રજૂ કર્યો ન હોવાનો ફરિયાદમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

ફરિયાદમાં વધુમાં જણાવ્યા મુજબ, ટ્રસ્ટની બેંક ઓફ બરોડામાં જમા રૂ.૧૨,૬૨,૯૯૮ અને ટ્રસ્ટની મિલકતોના ભાડાની રૂ.૨૨,૮૬,૦૦૦ની આવક મળી કુલ રૂ.૩૫,૪૮,૯૯૮ની રકમનો ટ્રસ્ટીઓએ હોદ્દાનો દુરુપયોગ કરીને અંગત ખર્ચમાં ઉપયોગ કરી ઉચાપત કરી હોવાનો આક્ષેપ છે.

આ અંગે ૧૪ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ બપોરે એક વાગ્યે ફરિયાદ જાહેર થયા બાદ પોલીસે ત્રણેય આરોપીઓ સામે નોંધાયેલી ફરિયાદના આધારે તપાસ શરૂ કરી છે. ટ્રસ્ટની આવક, બેંક વ્યવહારો, હિસાબી ચોપડાઓ અને મિલકતોની ભાડાની આવકઅંગે તપાસમાં વધુ વિગતો બહાર આવે તેવી શક્યતા છે. જોકે, આરોપો અંગેની હકીકત તપાસ બાદ સ્પષ્ટ થશે.

**ભાગીદારીના**

નામે વેપાર કરતાં હતાં. ડિસેમ્બર ૨૦૨૪થી આજદિન સુધીના સમયગાળા દરમિયાન એચ.પી. ક્રિએશનનાં પ્રોપરાઈટર દીપિકાબેન હિતેષભાઈ પ્રજાપતિ, હિતેષભાઈ જીવાભાઈ પ્રજાપતિ, સંકેત હિતેષભાઈ પ્રજાપતિ અને પ્રિતેશ હિતેષભાઈ પ્રજાપતિએ એકબીજાની મદદથી પૂર્વઆયોજિત કાવતરું રચ્યું હોવાનો આક્ષેપ છે.

આરોપીઓએ પ્રતિષ્ઠિત વેપારી તરીકે ઓળખ આપી ફરિયાદી અને તેમના પરિવારને વિશ્વાસમાં લઈ ઓમકારેશ્વર એન્ટરપ્રાઈઝના નામે ધંધો શરૂ કરાવ્યો હતો. ત્યારબાદ ફરિયાદીની જાણ બહાર વેપારી વ્યવહારોમાં નાણાંનો ઉપયોગ કરી 'ઓમકારેશ્વર એન્ટરપ્રાઈઝ'ના બદલે 'એચ.પી. ક્રિએશન'ના નામે બિલો બનાવ્યાં હતાં. આ બિલોની રકમ પણ પોતાના ખાતામાં જમા કરાવી અંગત ઉપયોગમાં લીધી હોવાનો ફરિયાદમાં ઉલ્લેખ છે.

**મુખ્ય સરકારી**

માગણી મળે તો તેના પર વિશ્વાસ કરતાં પહેલાં નયનભાઈનો અન્ય વિશ્વસનીય માધ્યમથી સીધો સંપર્ક કરીને ખાતરી કરી લેવી જરૂરી છે. છેલ્લા એક વર્ષમાં બીજી વખત આવી ઘટના બનતાં સોશિયલ મીડિયા એકાઉન્ટની સુરક્ષા અને સાયબર ઠગાઈ સામે સાવચેતી રાખવાની જરૂરિયાત ફરી એકવાર સામે આવી છે. અજાણી લિંક પર ક્લિક કરવાનું ટાળવું, ઓટીપી કે અન્ય ગુપ્ત માહિતી કોઈને ન આપવી અને શંકાસ્પદ નાણાકીય માગણી અંગે તાત્કાલિક સાવચેતી રાખવી જરૂરી છે.

**ખાનગી**

પોલીસ પરવાનગી, ઈમરજન્સી એક્ઝિટ અને ખાનગી પાર્કિંગની વ્યવસ્થા ચકાસવા માગ કરાઈ છે. જાહેર રસ્તા અને ફૂટપાથ પર પાર્કિંગ અટકાવી રાહદારીઓ તથા ઈમરજન્સી સેવાઓ માટે માર્ગ ખુલ્લો રાખવા પણ અપીલ કરવામાં આવી છે. સમગ્ર મામલે સંબંધિત વિભાગો નિષ્પક્ષ તપાસ કરી નિયમભંગ કરનારાઓ સામે કાયદેસરની કાર્યવાહી કરે તેવી માગ ઉઠાવવામાં આવી છે.

**નશામુક્ત**

પાસેથી નશાયુક્ત કોડીનયુક્ત કફ સિરપની ૫૮ બોટલ મળી આવી હતી. રૂ.૬,૧૪૮ની કિંમતના આ સિરપના જથ્થા અંગે જરૂરી પાસ-પરમિટ ન હોવાથી પોલીસે કાર્યવાહી કરી હતી.

પકડાયેલા આરોપીઓમાં વિપીનભાઈ સામતભાઈ બાવલીયા (ઉં.વ.૩૭), રહે. રવિપાર્ક સોસાયટી, કાપોદ્રા અને દિનેશભાઈ કરમશીભાઈ વેગળ (ઉં.વ.૪૬), રહે. કલ્યાણ કુટીર સોસાયટી, નાના વરાછાનો સમાવેશ થાય છે. બંને હીરા મજૂરી કામ કરતા હોવાનું જાણવા મળ્યું છે.પોલીસે સિરપની બોટલો ઉપરાંત બે મોબાઈલ ફોન, એક મોટરસાઈકલ, કાપડનો થેલો અને પ્લાસ્ટિકની કોથળી સહિત કુલ રૂ.૭૧,૧૪૮નો મુદ્દામાલ કબજે કર્યો છે. તપાસમાં સાહિદ નામના શખ્સે બંને આરોપીઓને કફ સિરપનો જથ્થો પૂરો પાડ્યો હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. પોલીસે તેને વોન્ટેડ જાહેર કરી આ નશાયુક્ત સિરપનો જથ્થો ક્યાંથી લાવવામાં આવ્યો હતો અને કોને આપવાનો હતો તે દિશામાં તપાસ આગળ ધપાવી છે.

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel "Printed at IMAGE PRINTERS, 299-300/ Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સાંધ્ય દૈનિક
# પ્રતાપ દર્પણ
ગુરૂવાર, તા.૧૫ ઓક્ટોબર ૨૦૨૬ E-mail : pratap_darpan@yahoo.co.in મો.નં.: ૯૮૨૫૫ ૩૨૫૦૫

# કલેક્ટર કચેરીએ કામદારોનું આંદોલન નિષ્ફળ

## સવારથી જ કલેક્ટર કચેરીએ ભારે પોલીસ બંદોબસ્ત ખડકી કારીગરોની અટક કરી લેવાઈ



(તસવીર : પ્રદીપ ગોહિલ)

**સુરત,તા.૧૫**

સુરતમાં એમ્બ્રોડરી એકમોમાં સાપ્તાહિક રજા અને પગાર વધારાની માગણીઓને લઈને આજે (૧૫ ઓક્ટોબર) શ્રમિકો દ્વારા મહાઆંદોલન અને સત્યાગ્રહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ આંદોલન શરૂ થાય તે પહેલાં જ પાંડેસરા પોલીસે મજૂર યુનિયનના બે અગ્રણી નેતા સુરેશ સોનવણે અને મલખાનસિંહ સહિત ૬થી વધુ કામદાર નેતાઓની અટકાયત કરી લીધી હતી.

જો કે કેટલાક શ્રમિકો કલેક્ટર કચેરી બહાર ભેગા થયા હતા. પરંતુ વિરોધની પોલીસે મંજૂરી આપી ન હોવાથી શ્રમિકોને ડિટેઈન કરવાનું શરૂ કરવામાં આવ્યું હતું. આ સમયે કેટલાક શ્રમિકો પોલીસથી બચવા માટે ભાગી ગયા હતા. જો કે કેટલાક શ્રમિકોને પોલીસે દોડાવી-દોડાવીને ડિટેઈન કર્યાં હતા. અત્યાર સુધીમાં ૧૦થી વધુ પોલીસની બસ-વાનમાં શ્રમિકોને ભરીને લઈ જવામાં આવ્યા છે. ડીસીપીના જણાવ્યા અનુસાર ૭૦ શ્રમિકોને ડિટેઈન કરવામાં આવ્યા છે.

ડિટેઈન કરેલા શ્રમિકોને ડુમસ તરફ લઈ જવામાં આવી રહ્યા હતા ત્યારે પોલીસ બસમાંથી જ કામદારોના આગેવાન શાન ખાને વીડિયો બનાવ્યો હતા. શાન ખાને જણાવ્યું કે, સુરતમાં અઘોષિત કટોકટીની સ્થિતિ બનાવાઈ છે, તમે અમારો અવાજ નહીં દબાવી શકો. કીમ, કડોદરાથી લઈને સચિન સહિતના તમામ માર્ગો પર પોલીસ તૈનાત છે અને એમ્બ્રોડરીના કામદારોને પોલીસ પકડી પકડીને બસમાં ભરી રહી છે એ અમાનવીય છે.

શ્રમિક સંગઠનના નેતાની અટકાયત, કલેક્ટર કચેરીની અંદર પહોંચી ગયો હતો. કહ્યું- ક્યા વિષયમાં મને ડિટેઈન કરો છો. લોકોના હિત માટે લડવાનો અમારો અધિકાર છે.

જે લોકો કલેક્ટર કચેરીમાં આવી રહ્યા છે તે બધાને પોલીસ દ્વારા ચેક કરવામાં આવી રહ્યા છે અને પછી જ પ્રવેશ આપવામાં આવી રહ્યો. સુરતમાં કામદાર સત્યાગ્રહ મામલે વિરોધ નોંધાવવા કલેક્ટર કચેરી પહોંચેલા કામદાર નેતા શાન ખાન સહિતના કામદારોની પોલીસે અટકાયત કરી છે.

# ઘરનો દાદર ચઢતા વેપારીની ૩.૭૫ લાખ ભરેલી થેલીની લૂંટ

## પાલનપુર જકાતનાકા પાસેના મંગલદીપ એપાર્ટમેન્ટમાં સાડીનો દુકાનદાર લૂંટાયો

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૫**

શહેરના અડાજણ વિસ્તારમાં લૂંટની ઘટના સામે આવી છે. પાલનપુર જકાતનાકા પાસે આવેલા મંગલદીપ એપાર્ટમેન્ટમાં રહેતા ૭૬ વર્ષીય સાડીના વેપારી દાદરા ચડી પોતાના ઘરે જઈ રહ્યા હતા ત્યારે પાછળથી આવેલા એક અજાણ્યા શખ્સે તેમના હાથમાંથી રોકડ રકમ ભરેલી થેલી આંચકી ફરાર થઈ ગયો હતો. થેલીમાં રૂ.૩.૭૫ લાખ રોકડા ઉપરાંત બેંકની ચેકબુક અને વેપારને લગતી અન્ય બુકો પણ હતી. આ બનાવને પગલે પોલીસે અજાણ્યા શખ્સ સામે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, અડાજણના પાલનપુર જકાતનાકા પાસે સરોજિની નાયડુ શાકમાર્કેટની બાજુમાં આવેલા મંગલદીપ એપાર્ટમેન્ટના એચ બિલ્ડિંગમાં રહેતા વિષ્ણુભાઈ ખાનચંદ મગનાની સાડીના કપડાની દુકાન ધરાવે છે. ૧૩ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ રાત્રે આશરે ૧૦.૩૦ વાગ્યે તેઓ એપાર્ટમેન્ટના બીજા માળે આવેલા પોતાના ફ્લેટ તરફ દાદરા ચડી રહ્યા હતા. તે દરમિયાન પાછળથી ગુલાબી રંગનો શર્ટ પહેરેલો અને પાતળા બાંધાનો એક અજાણ્યો શખ્સ અચાનક આવ્યો હતો.આ શખ્સે વિષ્ણુભાઈના હાથમાં રહેલી કપડાની થેલી જોરથી આંચકી લીધી હતી અને ત્યાંથી નાસી છૂટ્યો હતો. થેલીમાં રૂ.૩.૭૫ લાખ રોકડા, બેંક ઓફ મહારાષ્ટ્રના બચત ખાતાની ચેકબુક, ચાર બિલ બુક અને એક કલેકશન બુક હતી. બનાવ બાદ વેપારીએ પોલીસનો સંપર્ક કરતાં ૧૪ ઓક્ટોબરના રોજ ફરિયાદ નોંધાવવામાં આવી હતી. પોલીસે આરોપીનું વર્ણન મેળવી આસપાસના વિસ્તારોમાં તપાસ શરૂ કરી છે.

# મોડી રાત્રે મોટેથી સ્પીકર વગાડવાના મુદ્દે ઝઘડામાં હથોડીથી વૃદ્ધની હત્યા

## પશ્ચિમ બંગાળના ત્રણ કારીગરોએ હથોડાથી કરેલા હુમલામાં એક ઘાયલ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૫**

ચોર્યાસી તાલુકાના ભટલાઈ ગામમાં સ્પીકરનો અવાજ ધીમો કરવાનું કહેવા ગયેલા વૃદ્ધની હથોડીના ઘા મારી હત્યા કરવામાં આવતાં ચકચાર મચી ગઈ છે. વૃદ્ધને બચાવવા વચ્ચે પડેલા અન્ય યુવક પર પણ હથોડી વડે હુમલો કરી ગંભીર ઈજા પહોંચાડવામાં આવી હતી. આ બનાવમાં પશ્ચિમ બંગાળના ત્રણ શખ્સો સામે ફરિયાદ નોંધાતાં પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, ભટલાઈ ગામના પટેલ ફળિયામાં રહેતા મનીષાબેન પટેલના ઘરની બાજુમાં આવેલી તરૂણભાઈ પટેલની કોલોનીના પહેલા માળે રૂમ નંબર ૧૩માં પશ્ચિમ બંગાળના સુવેન્દુ, શંકરસિંહ અને સુપ્રિયો રહેતા હતા. ૧૪ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ બપોરે આશરે ૧.૩૦ વાગ્યે ત્રણેય શખ્સો રૂમમાં જોરજોરથી સ્પીકર વગાડી રહ્યા હતા. આથી મનીષાબેનના સસરા નગીનભાઈ વનમાળીભાઈ પટેલ તેમને સમજાવવા અને અવાજ ઓછો કરવાનું કહેવા ગયા હતા.

આ દરમિયાન ત્રણેય શખ્સો ઉશ્કેરાઈ ગયા હતા અને વૃદ્ધ સાથે બોલાચાલી બાદ ઝઘડો કર્યો હતો. ફરિયાદ મુજબ, શંકરસિંહ અને સુપ્રિયોએ નગીનભાઈને પકડી રાખ્યા હતા, જ્યારે સુવેન્દુએ હથોડી વડે તેમના માથાના પાછળના ભાગે અને કપાળ પર ઘા માર્યા હતા. ગંભીર ઈજાઓને કારણે નગીનભાઈનું મોત નીપજ્યું હતું.

વૃદ્ધને બચાવવા દોડી આવેલા પ્રબીર કુલ્ડીને પણ સુવેન્દુએ હથોડી વડે માથાના ભાગે અને જમણા ખભા પર ઘા મારી ગંભીર ઈજા પહોંચાડી હતી. બનાવ બાદ ત્રણેય આરોપીઓ ફરાર થઈ ગયા હતા.

# કતારગામની સગીર છોકરી સાથે યુવકનું વારંવાર દુષ્કૃત્ય

## છોકરીને સાત માસનો ગર્ભ રહી જતા પરપ્રાંતિય યુવકના કુકર્મનો ભાંડો ફૂટ્યો

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત,તા.૧૫**

શહેરના કતારગામ વિસ્તારમાં સગીરાને ભોળવી-પટાવી રૂમ પર બોલાવી તેની સાથે વારંવાર દુષ્કર્મ આચરી સાત મહિનાનો ગર્ભ રાખી દેવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. આ મામલે રોહિતસિંગ માનસિંગ ચૌહાણ નામના ૨૨થી ૨૪ વર્ષના યુવક સામે ફરિયાદ નોંધાતાં પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

ફરિયાદમાં જણાવ્યા મુજબ, કતારગામ દરવાજા પાસે પ્રભુનગર-૨માં મકાન નંબર ૪૨ના ધાબા પર આવેલા રૂમમાં તેમજ કતારગામના વિજયનગર વિભાગ-૧માં મકાન નંબર ૧૩ના ત્રીજા માળે આવેલા રૂમમાં સગીરાને બોલાવવામાં આવતી હતી. આરોપી રોહિતસિંગ માનસિંગ ચૌહાણ, જે મૂળ ઉત્તરપ્રદેશનો રહેવાસી છે અને હાલ કતારગામના વિજયનગર વિસ્તારમાં રહેતો હોવાનું જાણવા મળ્યું છે, તેણે સગીરાને ભોળવી-પટાવી પોતાની પાસે બોલાવી તેની સાથે અવારનવાર શરીર સંબંધ બાંધ્યા હોવાનો આક્ષેપ છે.

આ ઘટનાના પરિણામે સગીરાને સાત મહિનાનો ગર્ભ રહી ગયો હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. આ મામલે ૧૪ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ રાત્રે ૧૦.૩૦ વાગ્યે ગુનો જાહેર કરવામાં આવ્યો હતો. પોલીસે આરોપી સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે અને સમગ્ર બનાવ અંગે વધુ તપાસ શરૂ કરી છે.

# તહેવારોમાં દસ્તાવેજોના દૈનિક સ્લોટમાં વધારો કરવાની માંગ

## ધારાશાસ્ત્રી કોરાટ દ્વારા ગાંધીનગર ખાતે રજુઆત

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૫**

દિવાળી અને નૂતન વર્ષના શુભ મુહૂર્તોમાં સ્થાવર મિલકત ખરીદી અને દસ્તાવેજ નોંધણી માટે સુરત જિલ્લાની કામરેજ અને અબ્રામા સહિતની સબ રજિસ્ટ્રાર કચેરીઓમાં ઓનલાઇન એપોઇન્ટમેન્ટ માટે ૧ થી ૨ અઠવાડિયાનું ભારે વેઈટિંગ જોવા મળી રહ્યું છે. સબ રજિસ્ટ્રાર કચેરીઓમાં દિવાળી પૂર્વે દસ્તાવેજ નોંધણી માટેનો ભારે ધસારો ધ્યાને લઈ દૈનિક સ્લોટ વધારવા પૂર્વ કાઉન્સિલ મેમ્બર અને ધારાશાસ્ત્રી પ્રકાશ કોરાટે ગાંધીનગર નોંધણી નિરીક્ષક જનરલ અને સુપ્રિટેન્ડન્ટ ઓફ સ્ટેમ્પ્સને રજૂઆત કરી હતી.હાલમાં સુરત જિલ્લામાં ગરવી (GARVI) પોર્ટલ પર દસ્તાવેજ નોંધણીની ઓનલાઇન એપોઇન્ટમેન્ટ મેળવવામાં નાગરિકોને ભારે મુશ્કેલીઓ પડી રહી છે. ખાસ કરીને ઝડપથી વિકસતા વિસ્તારો જેવા કે કામરેજ અને અબ્રામા સબ રજિસ્ટ્રાર કચેરીઓમાં ૧ થી ૨ અઠવાડિયા જેટલું લાંબુ વેઈટિંગ ચાલી રહ્યું છે અને નવા સ્લોટ બુક થઈ શકતા નથી. આ ઉપરાંત સુરત-૧ (અઠવા), સુરત-૨ (ઉધના), કતારગામ, અડાજણ, નાનપુરા, પૂણા, મજુરા, રાંદેર તેમજ ઓલપાડ, ચોર્યાસી, પલસાણા, બારડોલી, માંડવી, માંગરોળ, મહુવા અને ઉમરપાડા સહિતની તમામ કચેરીઓમાં પણ સ્થિતિ આવી છે.



અનુસંધાન પાના ૭ પર

# કપલેથા સુન્ની જમાત ટ્રસ્ટમાં રૂ.૩૫.૪૮ લાખની ઉચાપત

## ટ્રસ્ટની મિલકતના ભાડાની આવક ત્રણ ટ્રસ્ટીઓ વાપરી ગયા

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૫**

સુરતના સચીન નજીક આવેલા કપલેથા ગામના સુન્ની જમાત કપલેથા ટ્રસ્ટમાં રૂ.૩૫.૪૮ લાખથી વધુની ઉચાપત થયાની ફરિયાદ નોંધાતાં ચકચાર મચી ગઈ છે. ટ્રસ્ટના નાણાકીય હિસાબો અને દસ્તાવેજો જમા નહી કરાવ્યા હોવા ઉપરાંત બેંકમાં જમા રકમ અને મિલકતોના ભાડાની આવકનો અંગત ખર્ચમાં ઉપયોગ કર્યાનો ત્રણ ટ્રસ્ટીઓ સામે આક્ષેપ કરવામાં આવ્યો છે. આ મામલે પોલીસે ફરિયાદના આધારે તપાસ હાથ ધરી છે.

ફરિયાદી સુફયાન બશીરૂલહક ડેગીયા (ઉં.વ. ૩૬), જે ખેતીકામ કરે છે અને ચોર્યાસી તાલુકાના કપલેથા ગામના સરદારનગરમાં રહે છે, તેમણે આ ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં મૌલવી દાઉદ સુલેમાન પટેલ, સરફરાજ અહેમદ પંચાતી અને અહમદ ઐયુબ ડેગીયાને આરોપી તરીકે દર્શાવવામાં આવ્યા છે.

ફરિયાદ મુજબ, આરોપીઓએ તા. ૨ મે, ૨૦૧૪થી તા. ૯ ઓક્ટોબર, ૨૦૨૫ સુધી સુન્ની જમાત કપલેથા ટ્રસ્ટ નં. બી/૩૧૭ના ટ્રસ્ટી તરીકેના સમયગાળા દરમિયાન એકબીજાની મદદગારીથી કાવતરું રચ્યું હોવાનો આક્ષેપ છે. ટ્રસ્ટના હિસાબી ચોપડા, બેંકની પાસબુકો, ચેકબુકો

અનુસંધાન પાના ૭ પર

# ભાગીદારીના ધંધામાં મહિલા સાથે ૧૪.૬૬ લાખની ઠગાઈ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૫**

શહેરમાં વેપારના નામે વિશ્વાસમાં લઈ રૂ.૧૪.૬૬ લાખની છેતરપિંડી કર્યાની ફરિયાદ સામે આવી છે. કતારગામની વેપારી મહિલાને પરિવાર સાથે ધંધામાં જોડાવાની લાલચ આપી નવી પેઢી શરૂ કરાવ્યા બાદ વેપારી વ્યવહારોના નાણાં અન્ય પેઢીના ખાતામાં જમા કરાવી અંગત ઉપયોગમાં લીધા હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આ મામલે ચાર વ્યક્તિઓ સહિત તપાસમાં બહાર આવે તેવા અન્ય લોકો સામે ફરિયાદ નોંધાતાં પોલીસે તપાસ હાથ ધરી છે.

ફરિયાદ મુજબ, કતારગામની નારાયણ નગર સોસાયટીમાં રહેતાં જયશ્રીબેન પરમાર તેમના પતિ જયદીપભાઈ નટવરલાલ પરમાર સાથે ઓમકારેશ્વર એન્ટરપ્રાઇઝ'ના

અનુસંધાન પાના ૭ પર

# મુખ્ય સરકારી વકીલ સુખડવાલાનું ફેસબુક એકાઉન્ટ ફરી હેક થયું

## છેલ્લા એક વર્ષમાં બીજી વખત સાયબર ગઠિયાની હરકત

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૫**

સુરતઃ સુરત જિલ્લા કોર્ટના મુખ્ય જિલ્લા સરકારી વકીલ નયન સુખડવાલાનું ફેસબુક એકાઉન્ટ ફરી હેક કરવામાં આવ્યું હોવાની ઘટના સામે આવી છે. છેલ્લા એક વર્ષમાં બીજી વખત તેમનું ફેસબુક એકાઉન્ટ હેક કરીને તેમના નામે લોકો પાસે પૈસાની માગણી કરવામાં આવતી હોવાનું જાણવા મળ્યું છે. આ મામલે નયનભાઈ સુખડવાલાએ તેમના મિત્રો, પરિચિતો, સરકારી અને અર્ધસરકારી કર્મચારીઓ તેમજ વકીલ મિત્રોને સાવચેત રહેવા અપીલ કરી છે.

મળતી માહિતી મુજબ, કોઈ અજાણી વ્યક્તિ દ્વારા તેમનું ફેસબુક એકાઉન્ટ હેક કરીને તેમના નામનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. એકાઉન્ટના માધ્યમથી સંપર્કમાં રહેલા લોકો પાસે પૈસા માગવામાં આવતા હોવાની બાબત સામે આવતાં નયન સુખડવાલાએ લોકોને સાવધાન રહેવા જણાવ્યું છે. તેમના નામે કોઈ પણ વ્યક્તિ દ્વારા પૈસાની કે અન્ય કોઈ પ્રકારની માગણી કરવામાં આવે તો તેની ખરાઈ કર્યા વિના કોઈ વ્યવહાર ન કરવા અપીલ કરવામાં આવી છે.

નયનભાઈ સુખડવાલાએ ખાસ કરીને તેમના મિત્રવર્તુળ, વકીલ મિત્રો, સરકારી-અર્ધસરકારી અધિકારીઓ અને કર્મચારીઓ સહિત સોશિયલ મીડિયા પર તેમના સંપર્કમાં રહેલા તમામ લોકોને આવી શંકાસ્પદ માગણીઓથી ગેરમાર્ગે ન દોરાવા જણાવ્યું છે. કોઈ સંદેશ કે નાણાંની

અનુસંધાન પાના ૭ પર

# સચિન જીઆઈડીસીમાં ૪ કિલોથી વધુ ગાંજા સાથે બે લોકો ઝડપાયા

## ઓડિશાના ગંજામથી ગાંજો લાવી સુરતમાં વેચાણ કરાતું હતું

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૫**

શહેરમાં નશીલા પદાર્થોના ગેરકાયદે વેચાણ સામે કાર્યવાહી કરતાં સચિન જીઆઈડીસી પોલીસે ૪.૦૧૫ કિલોગ્રામ ગાંજાના જથ્થા સાથે બે યુવકોને ઝડપી પાડ્યા છે. પોલીસે ગાંજો, બે મોબાઈલ ફોન અને એક મોટરસાઈકલ સહિત કુલ રૂ.૨,૪૮,૭૫૦નો મુદ્દામાલ કબજે કર્યો છે. આ કેસમાં ગાંજાનો જથ્થો પૂરો પાડનાર સહિત અન્ય ચાર આરોપીઓને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે.

પોલીસ ફરિયાદ મુજબ, ૧૪ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ વહેલી સવારે ૨.૩૦થી ૬.૩૦ વાગ્યા દરમિયાન સચિન જીઆઈડીસી રોડ નંબર આઈ-૭ પર ખાતા નંબર આઈ-૧૫૫ની સામે જાહેર રોડ પરથી ગોલુ ચંદ્રશેખર રાય (ઉં.વ.૨૪) અને આકાશકુમાર રામચંદ્ર સાહ (ઉં.વ.૨૩)ને ગાંજાના જથ્થા સાથે ઝડપી પાડવામાં આવ્યા હતા. તપાસ દરમિયાન તેમની પાસેથી કુલ ૪.૦૧૫ કિલોગ્રામ ગાંજો મળી આવ્યો હતો, જેની કિંમત રૂ.૨,૦૦,૭૫૦ આંકવામાં આવી છે.

પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે, આરોપીઓએ અન્ય સાગરીતોની મદદથી આશરે પાંચ દિવસ પહેલાં ઓડિશાના ગંજામમાંથી રૂ.૩૪ હજારનો આશરે ૭ કિલોગ્રામ ગાંજો વેચાણ માટે ખરીદ્યો હતો. ત્યારબાદ તેઓ સુરત આવ્યા હતા અને આ જથ્થામાંથી ગાંજાનું વેચાણ કરી આર્થિક લાભ મેળવતા હોવાનો ફરિયાદમાં ઉલ્લેખ છે.પોલીસે ગાંજાના જથ્થા ઉપરાંત બે મોબાઈલ ફોન અને એક મોટરસાઈકલ કબજે કરી છે. આ ગુનામાં આદિત્ય રાજપૂત, રાજેન્દ્ર શાહુ, મધુ જોગી શાહુ તથા ગંજામનો એક અજાણ્યો શખ્સ વોન્ટેડ છે. પોલીસે ગાંજાનો જથ્થો ક્યાંથી લાવવામાં આવ્યો હતો અને કોને વેચવાનો હતો તે અંગે વધુ તપાસ હાથ ધરી છે.

# બારડોલી શાસ્ત્રી રોડના બંગલામાં ૧૪ વર્ષની છોકરીની આત્મહત્યા

## ઘર કામ કરતી માતા સાથે મૃતક છોકરી ત્રીસાબેન રાઠોડ બંગલાની બાજુના ક્વાટર્સમાં રહેતી હતી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૫**

સુરત જિલ્લાના બારડોલીના શાસ્ત્રી રોડ પર આવેલી શ્રીપતિ વિલા સોસાયટીના એક બંગલામાં ૧૪ વર્ષીય કિશોરીએ અગમ્ય કારણોસર ફાંસો ખાઈ આપઘાત કરી લેતાં ચકચાર મચી ગઈ હતી. મૃતક કિશોરીની ઓળખ ત્રીસાબેન કલ્પેશભાઈ ઈશ્વરભાઈ રાઠોડ (ઉં.વ. ૧૪ વર્ષ, ૮ માસ, ૧૨ દિવસ) તરીકે થઈ છે. તે મૂળ પલસાણા તાલુકાના વણેસા પિસાદ ગામની રહેવાસી હતી અને હાલ પરિવાર સાથે બારડોલીના શાસ્ત્રી રોડ પર આવેલી શ્રીપતિ વિલા સોસાયટીના બંગલા નંબર-૩માં રહેતી હતી.

સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, મૃતક ત્રીસાબેન તેની વિધવા માતા સાથે રહેતી હતી. તેની માતા ઘરકામ કરીને પરિવારનું ગુજરાન ચલાવતી હતી. દરમિયાન, તા. ૧૪ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ સવારે સાત વાગ્યા પહેલાં કોઈ અગમ્ય કારણોસર ત્રીસાબેને બંગલાની અગાસી પર આવેલા પતરાના શેડના એંગલ સાથે ઓઢણી બાંધી ગળેફાંસો ખાઈ લીધો હતો. આ ઘટનામાં તેનું મોત નીપજ્યું હતું.

બનાવ અંગે બંગલામાં રહેતા અંકુરભાઈ પ્રકાશચંદ્ર ગાંધીએ બારડોલી પોલીસને જાણ કરી હતી. ઘટનાની જાણ થતાં પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. કિશોરીએ કયા કારણોસર આ અંતિમ પગલું ભર્યું તે અંગે હાલ કોઈ સ્પષ્ટતા થઈ નથી. પોલીસે બનાવની વધુ તપાસ હાથ ધરી છે.

# ખાનગી ગરબા મહોત્સવોમાં ખેલૈયાઓ સાથે ઉઘાડી લૂંટ

## પાસના ઉંચા ભાવ, ખાણી-પીણીની અને પાર્કિંગ માટે આડેધડ રૂપિયાની વસુલી અંગે દર્શન નાયક દ્વારા ઉચ્ચકક્ષાએ ફરિયાદ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૫**

સુરત શહેર અને જિલ્લામાં નવરાત્રિ દરમિયાન યોજાતા ખાનગી કોમર્શિયલ ગરબા આયોજનોમાં પાસના ઊંચા ભાવ, નિર્ધારિત મહત્તમ છૂટક ભાવ કરતાં વધુ વસૂલાત, ક્ષમતા કરતાં વધુ લોકોને પ્રવેશ, જીએસટીની સંભવિત કરચોરી અને પાર્કિંગની અવ્યવસ્થા સહિતના મુદ્દે નિષ્પક્ષ તપાસ કરવાની માગ ઉઠી છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રી દર્શનકુમાર એ. નાયકે જિલ્લા કલેક્ટર, સુરત મહાનગરપાલિકાના કમિશનર, પોલીસ કમિશનર, સુરત ગ્રામ્ય પોલીસ અધિક્ષક સહિત સાત અધિકારીઓને લેખિત રજૂઆત કરી છે. રજૂઆતમાં જણાવ્યા મુજબ, નવરાત્રિ હિંદુ સનાતન સંસ્કૃતિનો પવિત્ર ધાર્મિક અને પરંપરાગત તહેવાર છે. જોકે, કેટલાક કોમર્શિયલ ગરબા આયોજનોમાં પાસના ઊંચા ભાવને કારણે

સામાન્ય અને મધ્યમવર્ગના લોકો માટે ભાગ લેવો મુશ્કેલ બનતો હોવાની ફરિયાદો મળી રહી છે. આથી આયોજકો સાથે ચર્ચા કરીને પારદર્શક પાસદર અને શક્ય હોય ત્યાં રાહતદરે પ્રવેશની વ્યવસ્થા કરવાની માગ કરવામાં આવી છે. આ ઉપરાંત, ગ્રાઉન્ડ કે ડોમની નિર્ધારિત ક્ષમતા કરતાં વધુ લોકોને પ્રવેશ આપવાથી નાસભાગ અને અકસ્માતનું જોખમ રહેતું હોવાની રજૂઆત કરાઈ છે. ગરબા સ્થળે ફૂડ સ્ટોલમાં સ્વચ્છતા, ખાદ્યપદાર્થોની ગુણવત્તા અને વાસી ખોરાક અંગે પણ તપાસ કરવાની માગ કરવામાં આવી છે. પાણીની બોટલ, ઠંડાં પીણાં અને અન્ય પેકેજડ વસ્તુઓ પર એમઆરપી કરતાં વધુ ભાવ વસૂલવામાં આવતા હોય તો કાર્યવાહી કરવા જણાવાયું છે.

ગરબાના પાસ, જાહેરાતો, પ્રાયોજકતા, પાર્કિંગ અને ફૂડ સ્ટોલની આવકમાં જીએસટીના નિયમોનું પાલન થાય છે કે નહીં તેની તપાસ કરવા પણ રજૂઆત કરવામાં આવી છે. સાથે જ ફાયર સેફ્ટી,

અનુસંધાન પાના ૭ પર

# નશાયુક્ત કફ સિરપની ૫૮ બોટલો સાથે બે ઝડપાયા

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૫**

શહેરમાં નશાકારક પદાર્થોની ગેરકાયદે હેરાફેરી સામે કાર્યવાહી કરતાં પુણા પોલીસે નશાયુક્ત કોડીનયુક્ત કફ સિરપની ૫૮ બોટલ સાથે બે હીરા કામદારોને ઝડપી પાડ્યા છે. પોલીસે કુલ રૂ.૭૧,૧૪૮નો મુદ્દામાલ કબજે કરી સિરપનો જથ્થો પૂરો પાડનાર સાહિદ નામના શખ્સને વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ ફરિયાદ મુજબ, ૧૪ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ સાંજે ૫.૧૫થી રાત્રે ૧૦.૩૦ વાગ્યા દરમિયાન પુણામાં સાંઈબાબા મંદિર સામે કબૂતર સર્કલથી પર્વત પાટિયા ચાર રસ્તા તરફ જતા રોડ પર પોલીસની કાર્યવાહી દરમિયાન બે શખ્સો શંકાસ્પદ હાલતમાં મળી આવ્યા હતા. તપાસ કરતાં તેમની

અનુસંધાન પાના ૭ પર

**પશ્ચિમ રેલવે**

**વિવિધ કાર્યો**

ડિવિઝનલ રેલવે મેનેજર (WA), વેસ્ટર્ન રેલવે, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ ૪૦૦૦૦૮ દ્વારા નીચે મુજબ ટેન્ડર આમંત્રિત કરવામાં આવે છેઃ ક્રમ નં.: ૧. ટેન્ડર નોટિસ નં.: BCT/૨૬-૨૭/૧૮૧, તા. ૦૯.૧૦.૨૦૨૬. કામ અને સ્થળઃ ઉકાઈ સોનગઢ - જલગાંવ સેક્શનઃ SSE/W/નવાપુર હેઠળ NSG6 લક્કડકોટ, ભાદભુંજા અને જૂના કોલ્દે ખાતે 'ડોગ-લેગ્ડ' રેમ્પ સાથે ૩.૬૬ મીટરનો નવો ફૂટ ઓવર બ્રિજ (FOB) પૂરો પાડવો; તથા વેસ્ટર્ન રેલવેના ADEN/નંદુરબારના કાર્યક્ષેત્ર હેઠળ, નંદુરબાર ખાતે જૂના જર્જરિત ફૂટ ઓવર બ્રિજના સ્થાને પ્લેટફોર્મ નં. ૨/૩ થી લાઇન નં. ૯ વચ્ચે નવો ફૂટ ઓવર બ્રિજ અને નવાપુરમાં નવો ફૂટ ઓવર બ્રિજ બનાવવો. કામની અંદાજિત કિંમતઃ ૨૫,૪૧,૬૨,૯૨૬.૫૮. EMD: ૫૦,૮૩,૩૦૦/-. ક્રમ નં.: ૨. ટેન્ડર નોટિસ નં.: BCT/૨૬-૨૭/૧૮૨, તા. ૦૯.૧૦.૨૦૨૬. કામ અને સ્થળઃ અમલનેર - વેસ્ટર્ન રેલવેના ADEN/અમલનેરના કાર્યક્ષેત્ર હેઠળ, સ્ટેશન પ્રવેશદ્વારનું અપગ્રેડેશન અને વિકાસ, પ્લેટફોર્મ સરફેસિંગ (સપાટી સુધારણા) કામ અને COP (કવર ઓવર પ્લેટફોર્મ) નું વિસ્તરણ (તબક્કો-II). કામની અંદાજિત કિંમતઃ ૧૦,૮૮,૪૩,૯૧૭.૧૭. EMD: ૨૧,૭૬,૯૦૦/-. બંને ટેન્ડર જમા કરાવવાની તારીખ અને સમયઃ ૦૫.૧૧.૨૦૨૬, ૧૫:૦૦ કલાક સુધી. બંને ટેન્ડર ખોલવાની તારીખ અને સમયઃ ૦૫.૧૧.૨૦૨૬ ના રોજ ૧૫:૩૦ કલાકે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઇટ www.ireps.gov.in ની મુલાકાત લો. મેન્યુઅલ (હસ્તલિખિત/ભૌતિક) ઓફર સ્વીકારવામાં આવશે નહી.

0699

facebook.com/WesternRly